गुजराती पांचमी चोपडीना अर्थ.

કવિતાની સમજુતી તથા વાઘેલા વંશ સુધી ગુજરાતના ઇતિહાસના સાર સાથે.

ફકીરભાઈ કાસોદાસ

સુરતની નામદાર સર જમસેદજી જીજીભાઈ વાળી
નંબર ૧ લાની છોકરાની નિશાળના
મહેતાજીએ છપાવી પ્રસિદ્ધ કર્યા.

(૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ નોંધાવી છે.)

આવૃત્તિ ૧૨ મી.

અમદાવાદમાં

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિંટિંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યા.

સને ૧૮૮૨.

કિમ્મત પાંચ આના.

गुजराती पांचमी चोपडीना अर्थ.

આ ચોપડીમાં છોકરાઓને વ્યાકરણનું જ્ઞાન સારી પેઠે થાય તેને માટે પાઠમાં આવેલો દરેક શબ્દ વ્યાકરણમાં કયા વર્ગનો ગણાય છે તે શબ્દની સાથે લખી જણાવ્યું છે, અને તેની સમજવાની નિશાની ટુંકામાં નીચે મુજબ કરી છે તે પ્રમાણે વાંચીને સમજવું.

(ના) નામ.	(વિ) વિશેષણ.	(અ) અવ્યય.
(સ) સર્વનામ.	(ક્રિ) ક્રિયાપદ.	(કૃ) કૃદંત.

પાઠ ૧ લો.

ખરૂં(વિ)સાચું.
છાતી(ના)હિમ્મત.
તોબરો(ના)ઠોબરો.
દફતર (ના) જોસ્તાન (પાકીટમાં ચોપડીઓ વગેરે ઘાલેલું તે.)
બડબડતો(કૃ)બકતો.
મિજાજ(ના)તોર.
છેડતી(કૃ)અડકતી.
ચુપ(વિ)મુગા.
ગુસ્સો(ના)રીસ.
બનતું(કૃ)હળી મળીને રેહેવાનું.
હિસાબ(ના)દાખલા.
સ્લેટ(ના)પથ્થર પાટી.
વાજબી(વિ)બરાબર.
ગેરવાજબી(વિ)ખોટું.
સમજણ(ના)અક્કલ.
કારણ(ના)સબબ.
જવાબ(ના)ઉત્તર.

પાઠ ૨ જો.

વાળું(ના)રાતનું ભોજન.
રોષ(ના)ગુસ્સો.
ઊતર્યો(ક્રિ)નરમ પડ્યો.
મીઠા(વિ)નરમાસ ભરેલા.
વચન(ના)શબ્દ.
લેહે(ના)ધ્યાન.
વખતસર(અ)બરાબર વખતે.
ખોટું(વિ)ખરાબ.
છેતર્યા(ક્રિ)ઉડાવ્યા.
ભુંડું(વિ)માઠું.
પાડ(ના)ઉપકાર.
વાંક (ના)તકસીર.
અટકાવ્યો(ક્રિ)ખાળ્યો.
વર્ગ(ના)કલાસ.
પક્કી(વિ)ખરેખરી.
ખાતરી(ના)પતીજ.
પરિક્ષા(ના) તપાસ.

ઠરાવ્યું(ક્રિ)નક્કી કીધું.
મદદ(ના)સહાય.
માઠું(વિ)ખરાબ.
ભૂલ(ના)ચૂક.
ભલા(વિ)સારા.
હંમેશ(અ)રોજ.

પાઠ ૩ જો.

યત્ન(ના)મેહેનત.
સુધારો(ના) સારી હાલતમાં આવવું તે.
હાંસી(ના)મજાક.
દુર્ગુણ(ના)નઠારા આચરણ, ખરાબ ગુણ
ચાલ(ના)રીતભાત.
ગમતી(કૃ)પસંદ પડતી.
જલદી(અ)તુરત.
ફાયદો(ના)નફો.
છુટ્ટી(ના)રજા.
કેડે(અ)પછી.
ડાહ્યો(વિ)શાણો.
દુનિઆ(ના)પૃથ્વી.
ભોળો(વિ)કપટી નહીં તે.
મશ્કરી(ના)મજાક.
ખીજવતાં(ક્રિ) ચીડવતા.
વહાલો(વિ)પ્યારો.
ગુણ(ના)ફાયદો.
કદાપિ(અ)કદાચ.
આખરે(અ)છેવટે.
ચાહે(ક્રિ)પસંદ કરે.
કંકાસ(ના)કજીઓ.
ટેવ(ના)આદત; ખો.

પાઠ ૪ થો.

પક્ષી (ના) પાંખવાળા પશુ.
પશુ(ના)ચોપગાં જાનવર.
વાળ(ના)બાળ.
રૂવાં(ના)ઝીણા ઝીણા બાલ.
બરડો(ના)પીઠ.
કરોડ(ના)બરડાની વચમાંનું હાડકું.
પ્રાણ(ના)જીવ.
અવતરે(ક્રિ)જન્મે.
સેવે(ક્રિ)હુંફાળા રાખે.
ગર(ના)માવો.
પોલાં(વિ)પોકલ.
શ્વાસ(ના) દમ.
છિદ્રો(ના)કાણાં.
ફેર(ના)તફાવત.
અણીઆળી(વિ) અણીવાળી.
કઠણ(વિ)મજબૂત.
ગીધ(ના)લોહી માંસ ખાનારૂં મોટું પક્ષી.
લકડખોદ(ના)એક જાતનું પક્ષી.
સંધાઇ(કૃ)જોડાઈ.
મથાળે(ના)ઉપલાભાગ ઉપર.
ચિત્ર(ના)નમુનો; છબી.

પાઠ ૫ મો.

સિંધવ(ના)એક જાતનો ખાર.
ડોળચી(ના) ચામડાનો કે ધાતુનો મોટો ડોળ
ઝુમ્મર(ના)કાચના પ્યાલાનું ઝાડ.
અછત(ના)તાણ; ખોટ
ઉત્પન્ન(વિ)પેદા.
સુરંગ (ના) પથ્થરમાં લાંબા ખાડા ખોદી માંહે દારૂ ભરી ફોડે છે તે.
ચોસલા(ના)ચોડા કકડા.

છૂટાં(વિ)જૂદાં; નોખા.
ઠેકાણે(અ)બદલે.
ઓગાળીને(કૃ)રસ કરીને.
મૂર્તિઓ(ના)નાનાં પૂતળાં.
ઉપયોગી(વિ)કામની.
ઉપકાર(ના)પાડ.
ફિક્કું (વિ) તુરૂ, બેસ્વાદું.
અથાણાં(ના)આથણાં.
દુર્બળ(વિ)ખરાબ.

પાઠ ૬ ઠો.

ટીશીઓ(ના)અણીવાળા ફણગા.
પાનખર (ના) ઝાડનાં પાંતરાં ખરી જાય તે મોસમ.
ઋતુ(ના)મોસમ; રત.
પાંદડાં(ના)પાંતરાં.
તપાસ(ના)તજવીજ.
કુંપળ(ના)ફણગો.
ત્યારકેડે(અ)ત્યાર પછી
ચાકુ(ના)ચપ્પુ;છરી.
ભાગ(ના)કકડા.

પાઠ ૭ મો.

હુંફાળી(વિ)ગરમ.
ચોંટી(કૃ)વળગી.
ટાઢ(ના)ઠંડ.
જાળવે(ક્રિ)સાચવે.
હુંફ(ના)ગરમી.
ધાબળી(ના)ઉનનું લૂગડું.
અસલ(અ)આગળ.
ઓળખે(ક્રિ)જાણે.
આકાર(ના)ઘાટ.
સુંદર(વિ)સારાં.
કરમાઇને(કૃ)ચીમળાઇને.
જગકર્તા(ના) જગતનો બનાવનાર ઈશ્વર.

પાઠ ૮ મો.

સુરત(ના) ગુજરાતમાં તાપી નદી ઉપર મોટું શેહેર છે.
સબબ(ના)કારણ.
લાતી(ના)વખાર;કોઠી.
માજી (વિ) આગલો; આગળ થઈ ગયલો
મૂખ(ના)મોઢું.
મૈલ(ના)પોણો ગાઉ.
અંતરે(અ)છેટે.
પેહેલાં(અ)આગળ.
નામીચું(વિ)પંકાયલું.
વેપાર(ના)રોજગાર.
આફતો(ના)અડચણો
હાલત(ના)સ્થિતિ.
સરખી(વિ)જેવી;
મથક(ના)મુખ્ય ઠેકાણું
નબળો(વિ)લૂલો.
કોટવાલ(ના)મોટો ફોજદાર.
બહાદુર(વિ)જોરાવર.
સરકાર(ના)હાકેમ.
રજા(ના)પરવાનગી.
અડચણો(ના)હરકતો.
મટાડવાને(કૃ)દૂર કરવાને.
કિલ્લો(ના)સરકારી લશ્કર વગેરે રાખવાનો મૂકામ.
આસપાસ(અ)ચોતરફ
ખાઇ(ના)ઊંડી ખાડી
ઉપાડી(કૃ)ઊંચકી.
કલેક્ટર(ના)જીલ્લાની જમાબંધી તપાસીને એકઠી કરનાર
માજીસ્ત્રેટ(ના)ફોજદા

રી કામ કરનાર અ
ધિકારી.
આસિસ્ટંટો(ના)મદદ-
ગારો.
કામદારો(ના) કામના
કરનારા.
કચેરી(ના)દરબાર.
કોઠી(ના)વાતી;વખાર.
વલંદા(ના)ડચ લોકો.
બંદર(ના)નદીકે દરિ-
આ કાંઠે આવેલું
શેહેર.
વલદાવાડ(ના)ડચ લો-
કો રેહે તે શેરો.
ફિરંગી(ના) પોરટુગાલ
દેશના લોકો.
પાઠ ૯ મો.
અમલદાર(ના)હકુમત
કરનાર.
દરિઆ મેહેલ(ના)મે-
હેલનું નામ છે.
રેલવે(ના)લોઢાના સડ-
કનો બાંધેલો રસ્તો.
યુરોપીઅન(ના) અંગ્રે-
જ; યુરોપના રેહે-
વાસી.
ડક્ક(ના)માલ ઉતારવા
ચહડાવવા સારૂ
બાંધેલો ઘાટ.
ફુરજો(ના)માંડવી;વા
હાણમાં આવતા
માલ વગેરેપર જ-
કાત લેવાનું ઠેકાણું.
મુગલાઇ (વિ) મોગલ
લોકોની.
ઇમારતો(ના)સારી ઉ-
ચીબાંધણીનાંમકાનો
મુખ્ય(વિ)મોટું.
મરામત(ના)સમારવું.
દેખાવ(ના)શોભા.
શરીઆમ(વિ)ધોરી.
સીધા(વિ)પાધરા.
મ્યુનિસિપાલ(વિ)શેહેર
સુધારાનું.
ખાતું (ના) કારખાનું;
કમિટી.
સ્ટેશન(ના)આગ ગાડી
એ ચડવાનું કે ત્યાં
થીઉતરવાનું ઠેકાણું.
સડક(ના)બાંધેલો સી-
ધો રસ્તો.
ખરેખર(અ)ખચિત.
વખાણવા(કૃ)તારીફક-
રવા.
લાયક(વિ)ઘટારત.
મકાન(ના)ઘર;મુકામ.
ઊંચ(વિ) ઊંચા, (વા-
ણીઆ બ્રાહ્મણ).
વરણ(ના)જાત.
વોહોરા(ના)હોરા લોક.
સારસ(વિ) સારા.
લક્કડ(ના)લાકડાં.
દેશાવર(ના)પરદેશ.
કમી(વિ)ઓછું.
નિરૂપયોગી(વિ)નકામો
બારકસો(ના)મોટાં વા-
હાણો.
આગગાડી(ના) દેવતા
ને પાણીના જોર-
થી ચાલતી ગાડી.
વાસો(ના) મુકામ.
રેશમ(ના)હીર.
ભારે(વિ)કિમતી.
મૂલ(ના)કિમ્મત.
મારફત(અ)હસ્તક.
પાઠ ૧૦ મો.
અખો(ના)એક સોની
કરોનેમોટો કવિ થ-

ઇ ગયો.
છપા(ના) છ લીટીની કવિતા.
સ્વપ્ન(ના) ઊંઘમાંઆવતો ખોટો વિચાર
માયા(ના) હેત.
રિધસિધ(ના) સઘળી વસ્તુ;(પૈસા વગેરેથી મનની ઇચ્છા પુરી થાયછે તે.)
માલવું(ક્રિ) સુખએ ફરવું
પાત્ર(વિ) લાયક.
કૂપ(ના)જગલ આળની જગ્યા.
પલક(ના)પલ; લેહેજો
વના(ના) સાબેલા.
મદિરા(ના) દારૂ.
નિરધાર(અ) નક્કી.
ફીટ્રીજવું(ક્રિ) જતા રેહેવું.

ફના(વિ) નાશ.
રંક(વિ) ગરીબ.
મિથ્યા(વિ) ફોકટ.
મહિમા(ના) લીલા.
મર્કટ(ના) વાંદરો.
અહાર(ના) ભક્ષ.
આળસ(ના) સુસ્ત.
રસ(ના)મજા.
અધિકું(વિ) વધારે.
અંગે(ના) શરીરે.
અક્કલે(ના) બુદ્ધિએ.
હીણો(વિ)નબળો.
કારજ(ના)કામ.
સરે(ક્રિ) થાય.
જન(ના) માણસ.
વશ(વિ)આધીન.
ભક્ષ(ના) શિકાર.
ઠાલી(વિ) ખાલી.
ભણતર(ના)ભણવાનું
સુખીઆં(વિ) સુખીઆરાં.

દુખીઆં(વિ) દુખીઆરાં.
દીસે(ક્રિ)જણાય.
ધન(ના) પૈસો.
તન(ના)શરીર.
લજ્જા(ના) આબરૂ; શરમ.
રાય(ના)રાજા.
ધણી(ના) માલિક.
ફજેત(વિ)ભૂંડુ રમત.
ઓછું પાત્ર(વિ)હલકું માણસ.
અદકું(વિ) વધારે.
વઢકણી(વિ)લડકણી.
મારકણો(વિ)મસ્તાનો.
સાંઢ(ના) ગોધો.
ચોમાસું(ના)વરસાદની મોસમ.
કરડકણો(વિ) કરડી ખાનારો.
હડકવા(ના) હડખાયું.

(કવિતાની સમજુતી). (૧).

એક અફીણ ને બીજી સુસ્તી એ બેમાં એવા ચરસ છે, કે જેમ જેમ માણસના ખપમાં તે વધારે આવેછે તેમ તેમ શરીરે ને બુદ્ધિએ તે નબળો થતો જાયછે; માટે જો એ બં-

નો વાના તે છોડી દે તો તેનું કામ થાય, નહીં તો અખો ભ. ક્ત (સ્વામી) કેહેછે કે કોઇ દિવસ એથી તેના જાનને નુકસાન પોહોચે છે. (૧).

જેમ કોઇ માણસ ઊંઘી ગયો, તે સ્વપ્નામાં વશ થઇને એ. મ જાણે કે હું બહુ ખાઊંછું; પણ ખાયશું, ખાય ખાયને પે. ટમાં ભૂખ ને દુખ તો ખાલીની ખાલીજ રેહે, એમજ અખો સ્વામી નકી કેહેછે કે વગર વિચારનું ભણવું તેપણતેવુંજછે (૨) આ પૃથ્વીપર સુખીઆરા દુખીઆરા ઘણા માલમ પડે છે, પણ જોશો તો તે બધા માયામાંજ લપટાયલાછે; હવે સુખીહોય તેજરા વારમાં દુઃખી થઈ જાયછે, અને માયાપુંજી ઈજતઆ. બરૂ જતી રેહેછે;તેમ ગરીબ હોય તેજો પૈસાદાર બને છે, તો અખોસ્વામી કેહેછેકે એ બધી માયાનીજ લીલા સમજવી (૩)

પલક વારમાં પૈસોટકો (જે જોઇએ તે) આવી મળેછે, ને જીવ જાણે કે એ બધાનો માલીક હું છઊં (હું ભોગવીશ): જેમ વરઘોડામાં ઘણા સાબેલા મળેછે, તેજરા વારમાં સૌસૌને ઠેકા ણે થઇ જાયછે; ખાતાં જેમ ખાંડ અને ચાલતાં રેત ફજેત કરેછે તે માફક માયા પણ ફજેત કરેછે એમ અખો ભગત કહેછે. (ખાંડઘણુ ખાધી હોય તો તેથી લોહી બગડીને ગરમી ફુટેછે,અને રેતાળ જમીન ઉપર ચાલવાથી એટલો થાક લાગે છે કે અધવચ બેસી જવું પડેછે). (૪).

હલકું માણસ તે વધારે ભણ્યો. ને લાડકણી બઇરીને છો. કરો અવતર્યો; માસ્તાનો ગોધો તે ચોમાસામાં નફકરોફર્યો(લી- લું ઘાસ ખાઇને મતવાલો બન્યો), ને કરડકણા કુતરાનેહર ખાધુ લાગ્યું તેમજ વાંદરો એ જ્યારે દારૂપીએ, ત્યારે અખો સ્વામી કે. હેછેકે એ પાંચોથી નહીં બીહીતાં હોય તો બમણુંબીએ (૫)

પાઠ ૧૧ મો.

મગર(ના)નદી કે દરિઆમાં રેહેનારૂંમોટું જાનવર.
અદભૂત(વિ)અજાએ
તાપ(નો)ગરમી. [બ.
ગરોળી (ના) ધીલોડી.
વેંત(ના) બીલ્લસ.
ભીંગડાં(ના)જાડા પડ
ફાડ(ના) ચીરો.
તીણા(વિ)અણીવાળા.
મગરી (ના) મગરની માદા.
સેવાય(ક્રિ)હુંફાળા થાય
મિસર(ના) એફ્રિકાખંડમાં શેહેર છે.
ઈક્યુમન (ના) ઝીણાં જીવડાં.
ખોળી(કૃ) શોધી.
ખબરદાર(વિ) હોંશિઆર.
પૂજા(ના) સેવા.
માર્ગ(ના) રસ્તો.
સેંકડાં(વિ) હજારો, સો

પાઠ ૧૨ મો.

ભગત(ના)ભક્તિ કરનારો માણસ.
વ્યાધી(ના) રોગ.
સ્થિર(વિ) હાલે ચાલે નહીં તે.
સડેલ(વિ)કોહેલો.
તલપ(ના) ડાપું.
ગસડી(કૃ) તાણી.
મુડદાં(ના) મરીગયલાં માણસ.
દુર્ગંધ(ના)ખરાબ વાસ
મરકી (ના) મરવાનો રોગ.
મૂરખ(વિ)બેવકુફ.
ખુશબોદાર(વિ)સુગંધવાળા.
ભાતભાતના(વિ) તરેહ તરેહના.
પ્રસાદ(ના)ચોખ્ખું ખાવાનું.
ધરાવતા(ક્રિ) ખાવાને મૂકતા.
ભોજન(ના) જંમવાનું.
મસ્ત(વિ) જબરા.
પાળ(ના)કારણ.
જાળવવા(ક્રિ) સાચવી રાખવા.
ભરણપોષણ(ના)ગુજરાન.

પાઠ ૧૩ મો.

બરછી(ના) ભાલાજેવું હથિઆર.
રંદો (ના) લાકડાં સાફ કરવાનું હથિઆર.
આરી(ના)વેહેરવાનું દાંતાવાળુંહથિઆર.
ઓજાર(ના)હથિઆર
સખત(વિ)મજબૂત.
સાધારણ(વિ)રોજવપરાતાં.
ગજવેલ(ના)પોલાદ.
પોલાદ(ના) ખરૂંલોઢું
મેર(ના)બાજુ.
ભઠ્ઠી(ના)દેવતાનો મોટો ચૂલો.
ટાઢી(વિ) ઠંડી.
ઉઘાડેછે (ક્રિ) ખુલ્લી કરેછે.

પાઠ ૧૪ મો.

સ્થિતિસ્થાપક (વિ) કે ધચીજનેવાળીએકે મરડીએ તોપણ તે પાછી હતી તેવીથઈ

જાય એવો પદાર્થ.
માં જે ગુણ તે.
તપાવીને(કૃ)ગરમ ક-
રીને.
ઘેરો આસમાની (વિ)
ભૂરો.
શામળો(વિ) કાળો.
ઓપ(ના) ચળકાટ.
ટીપીને(કૃ)લાંબુ કરીને
બરડ(વિ)સેહેલથીભાં-
ગી જાય તે.
પદાર્થ(ના)ચીજ;વસ્તુ.

પાઠ ૧૫ મો.

બંધીવાન(ના) કેદી.
ઈતરાજી(ના)ગેરમેહેર
બાની.
ઓસાર(ના)પોહોળાઇ
વિશ્વાસ(ના)ભરોસો.
સમાગમ(ના)સોબત.
દારોગો(ના) કેદખાના-
નો ઉપરી.
બાકું(ના) મોટું કાણું.
પારીસ (ના) ફ્રાન્સનું
મોટું શેહેર.
બંધીખાનું(ના)કેદખા-
નું.
કેદ(વિ)પરેજ.
કેદી(ના)બંધીવાન.
કોટડી(ના) નાની ઓ-
રડી.
સોબત(ના)સંગત.
અકળાયો(ક્રિ)ગભરાયો
ફાટ(ના)ચીરો.
બાપજી કરીને=ઘણા
હેતથી.

પાઠ ૧૬ મો.

ડોળ (ના) ભપકો.
હિમાયતી (ના) વાજી
હિમ્મતઆપનાર.
સ્વાદ(વિ)લેહેજતદાર.
હળી (કૃ) મળી.
દેખાયો(ક્રિ) જણાયો.
જુગ્તિ(ના) તદબીર.
મોકળે મને=બીક વગ-
ર; ખુલ્લે દીલે.
ધશીને(કૃ) દોડીને.
પાધરી(અ)તુરતજ.
ખેંચાખેંચ(ના)તાણા
તાણ.
રાવ(ના)ફરીઆદ;દાદ
ટકીને(કૃ) ટેકો દઈને.
મનસુબો(ના) વિચાર.
માદા (ના)નધરી.
લાજ(ના) શરમ.
કૂદકો(ના) છલંગ.
રમૂજ(ના,ગમત.
વીસરી(કૃ) ભૂલી.

પાઠ ૧૭ મો.

સૂગ(ના) ઓકારી.
એકાંત(વિ) એખલા.
સારાંશ(ના) ટુંકી મત-
લબ; ટુંક સાર.
નર્યા(વિ) બીલકુલ.
રીઝવવું(ક્રિ) ખુશ કર-
વું.
હાડછેડ(ના)તિરસ્કાર
વિજોગ(ના) જૂદા પ-
ડવું.
હીજરાવું(ક્રિ) દુભાવું.
દલગીર રેહેવું.
રહેતે રહેતે(અ) ધીમે
ધીમે.
અઠવાડીઉં(ના)આઠ
દાહાડા.
પખવાડીઉં (ના)પંદર
દાહાડા.
રકાબી(ના)નાની થા-
ળી

ગંદી(વિ) ગોજી.
પીરસીને(કૃ)મૂકીને.
ગમત(ના) રમૂઝ.
ઠાઢક(ના)ઠંડક.
મરજી(ના)ઇચ્છા.
સંસાર(ના)દુનિઆ.
નિરાંત(ના)ચેન.
મોજ(ના)મઝા.
ઝાઝા(વિ)ઘણા.
વેગળેની(અ)આઘેની
પોકેપોક(વિ)મોટે સાદે.
રોયો(ક્રિ)રડ્યો.
સોબતી(ના)સાથી.
વાસ(ના)રેહેઠાણ.

પાઠ ૧૮ મો.

સામાન(ના)બોજો.
હથિઆર(ના)ઓજાર
વર્ણન(ના)વિસ્તાર.
પાસું(ના)બાજુ.
લાલચોળ (વિ) રાતું રાતું.
લાટો(ના)ધાતુનો દાબવાનો સાકુંજો.
કારખાનાં(ના) જુદાં જુદાંહુન્નરનાંઠેકાણાં
ગાજે(ક્રિ)રસ કરે.
સંભાળ(ના)ખબરદારી
જરૂર(ના)અગત્ય.
મૂલ(ના)કિમત.
ઓપદાર(વિ)ચળકતી.

પાઠ ૧૯ મો.

સરાણ(ના)હથિઆરોને ધાર કાઢવાનું ગોળ ચક્કર.
છીણી(ના)ધાતુ કાપવાનું હથિઆર.
રેતરડી(ના)કાનસ.
કરવત(ના)વેહેરી કાઢવાનું હથિઆર.
કટારી(ના)કટાર; ઘોચીને મારવાનું હથિઆર.
પાળીઓ(ના)ચપ્પુઓ
ગણતરી(ના) હિસાબ.
કારીગરી(ના)કીસબ.
ચળકતું(વિ)તેજ કરતું
ક્રોધ(ના)નરાજ.

પાઠ ૨૦ મો.

ભરૂચ(ના)ગુજરાતમાં નર્મદા નદી ઉપર શેહેર છે.
મરામત(ના)સમારવું.
પનો(ના)પોહોળાઇ.
નર્મદા(ના)રેવા નદી.
આજુબાજુ(અ)આસેપાસે.
કોશ(ના)ગાઉ.
રળિઆમણું(વિ)શોભાવતું.
મજબુત(વિ)જોરાવર.
પાઘડીપને(ના) પાઘડીના પના જેવું, એટલેપાઘડીલંબાણમાંઘણીને પોહોલાણમાં ટુંકી તેવું.
ઘેરાવો(ના)ફરતો ઘેર.
શુમારે(અ)આસરે.
મુશ્કેલી(ના)અડચણ.
ઢોળાવ (ના) ઢોળાવો; ઊંચો ઢળતો ટેકરો
સાહુકાર(ના)પૈસાવાળો આબરૂદાર ગ્રહસ્થ.
હવેલી(ના)ઊંચી બાંધણીનું ઘર.
જાસ્તી(વિ)વધારે.
પ્રથમ(અ)પેહેલાં.
દાડા(ના)નળીઆં.

પાઠ ૨૧ મો.

લોઢવું(ક્રિ)કપાસમાંથી કપાસીઆ તથા રૂ જાદુ પાડવું તે.
અદાલત(ના)ઈનસાફ કરવાનું ઠેકાણું.
અવસ્થા(ના) હાલત.
મ્યુનિસિપલ(વિ)શ્હેર સુધારાની.
કમિટી(ના)ખાતું; મંડળી.
સુતરાઉ(વિ)સુતરનું.
કાપડ(ના)કપડ.
રોજી(ના)રોજગાર.
વિલાયતી(વિ) વિલાયતમાં બનેલું.
વણકર(ના)સાળવી.
લાચાર(વિ)ગરીબ.
વરાળ(ના) બાફ.
કંપની(ના)ભાગીદારોની મંડળી.
ઠામઠામ(ના)બધે ઠેકણે.
સસ્તાં(વિ)સોંઘાં.
ઘટારત(વિ)લાયક.
એકીવારે (વિ) ઘણાં; જથાબંધ.

પાઠ ૨૨ મો.

રમૂજી(વિ)ખુશ લાગે એવી.
વિદ્વાન(ના) ભણેલો માણસ; પંડિત.
પેડુ(ના)પેટ આગળની જગો.
અચરજ(ના)નવાઈ.
વાળવું(ક્રિ)મરડવું.
પોત(ના)કુમાસ.
નાજુક(વિ)કોમળ.
ઘટ(વિ)જરુરી.
પતંગીઉં(ના) ઉડતું જીવડું.
ચકચકીત(વિ)ચળકતી
પોષણ(ના)ગુજરાન.
રેશમ(ના)હીર.
કોહેલી(વિ)સડેલી.

પાઠ ૨૩ મો.

દયા(ના) મેહેર.
મદાંધ(વિ)અહંકારમાં આંધળા.
ઈશ(ના)પ્રભુ.
અવયવ(ના) શરીરના ભાગો.
ઉદાર(વિ) સખી.
ચર્ણ(ના)પગ.
પ્રયત્ન(ના)મેહેનત.
પીડા(ના)દુઃખ.
પીડાય(ક્રિ)દુઃખી થાય.
પિંડના(ના)આત્મા.
બાપડો(વિ)બિચારો.
જીવ(ના)પ્રાણી.
રચ્યાં(ક્રિ)બનાવ્યાં.
લગીર(વિ)જરાક.
અધિક(વિ) વધારે.
બીક(ના)ડર.
ઉર(ના)દિલ.
ધરો(ક્રિ)પકડો.
ચોગા(અ)ધરાને.
ધારીને(કૃ)તાકીને.
ખુશી(વિ)મગન.
મિત્ર(ના)દોસ્તદાર.
ઘાત(ના)હત્યા;મારવું.
વિશેષ(વિ)વધારે.
વર્ણવો(ક્રિ)વિસ્તારો.
વખાણીને(કૃ)ચડાવીને
બનાવનાર(ના) પેદા કરનાર.
મળેલ(કૃ)મળેલા.
પ્યાર(ના)હેત.
દીધેલ(કૃ)દીધેલા.

ગજુ(ના)શક્તિ.	પિછાણીને(કૃ)જાણીને	ખેલ(ના)રમત.
ભાર(ના)બોજો.	અધર્મ(વિ)ખોટું.	ખોડીને(કૃ)ખોડો કરી-ને.
વેદના(ના)દુઃખ.	જંતુ(ના)જીવડાં.	
ક્રૂર(વિ)ઘાતકી.	પાય(ના)પગ.	નિશાન(ના)એંધાણી
કર્મ(ના)કામ.	પરોવી(કૃ)ઘોચી.	વિનાશ(ના)નાશ.

(કવિતાની સમજુતી.) (૨.)

જુઓ કે દુઃખે કરીને જેમ આપણા શરીરનો આત્મા દુઃખી થાયછે; તેમજ બિચારા પ્રાણી (પશુ)ને દુઃખી કર્યાથી તે પણ દુઃખી થાયછેઃ—તમે અહંકારથી આંધળા (છાકેલા) થઇને જરૂર તે પશુ જાણીને તેને મારતા નહી;—અરે ભાઈઓ મનમાં જરા મેહેર લાવો ને પ્રાણીને દુઃખ ના દેઓ. (૧).

જુઓ કે ઇશ્વરે આપણા શરીરના સઘળા ભાગો બનાવ્યા છે; અને તમો હજારો ઉપાય કરશો પણ તેમાંનો એક પણ ભાગ તમારાથી બનવાનો નથી;—તે માટે વિચાર કરી મનમાં જરા વધારે ડર લાવીને;—અરે ભાઈઓ મનમાં જરા૦ (૨.)

બિચારાં પશુને અનાથ જાણીને ધસીને તેનો પગ ના પકડો, કે તેને પગ ના મારો;—ને કોઈ જીવ કે પશુને મારીને અચિત્ત તમે મનમાં ખુશી થશો નહીં;—મારવાની વાત વખાણ.ને તેને ઘણી લાંબી ચરચાવો નહીં; અરે ભાઇઓ મનમાંજરા૦(૩)

આપણો ને તેનો (પશુ) નો બનાવનાર એકજ ઇશ્વર છે: તેમ તેની ઉદારતાનો પ્યાર તેને પણ મળેલો છે; પરમેશ્વરનું આપેલું સુખ ભોગવાને મળેથી તે હર્યા ફર્યા કરેચ;—અરે ભાઇઓ મનમાં જરા૦ (૪)

પશુના બળ ઉપરાંત બોજો ભરીને તેને કેમ માર મારીએ ને તે બિચારાને જે દુઃખ થાયછે તેનો મનમાં જરા વિચાર

કરીએ;—કંઈ પણ ઘાતકી કામ પાપનું જાણીને તે કરો નહીં;—
અરે ભાઈઓ મનમાં જરા૦ (૫).

જીવડાના પગ પાંખ તોડી જે ખોટું અધર્મ કામ કરે;—
તે તેનો પગ ખોડો કરી શૂળમાં ઘોચી ખરાબ કામ બનાવે,—
પછી નિશાન મૂકી તીર મારીને તેનો નાશ કરે; અરે ભાઈઓ
મનમાં જરા મેહેર લાવો૦ (૬).

પાઠ ૨૪ મો.

હિંદુસ્તાન (ના) અશિયા ખંડની દક્ષિણે દેશ છે.
ત્રણ ખૂણીઆ(વિ)ત્રણ ખૂણા જેવો.
અગ્નિ(ના)દક્ષિણ ને પૂર્વ વચ્ચેની દિશા.
નૈરુત્ય(ના)દક્ષિણ ને પશ્ચિમ વચ્ચેની દિશા.
કોણ(ના) ખૂણો.
હદ(ના)મર્યાદા.
મુસાફરો(ના)દેશ દેશ ફરનારા.
વિકટ(વિ)ભયંકાર.
ડુંગરા(ના) મોટા ઊંચા ટેકરા.
પાહાડી(વિ) ડુંગરા ડુંગરીવાળા.
લડવૈયા(વિ)લડાઇખોર
સદા(અ)રોજ.
બરફ (ના) ટાઢથી ઠરી ગયલું પાણી.
ઝાડી(ના) ઝાડો એક બીજાસાથે આવીને ગુફાજેવું બનેલું તે.
ઝાંખરાં(ના)કાંટાવાળી શૂળો.
રસાળ(વિ)ફળદ્રૂપ.
મેદાન(ના)મોટી ખૂલ્લી જગો.
ફલાદી=ફળ વગેરે.
પૂર(ના)પાણીનું ચઢવું.
જળ(ના)પાણી.
ડાંગર(ના)ભાત.
ક્યારડો(ના)ખાડો.
નાવડાં(ના)હોડકાં.
સીમાડો(ના) હદ.
અસલી(વિ)જૂના.

પાઠ ૨૫ મો.

કરિઆણું(ના)વસાણું.
કાચું(વિ)સરસ.
કસ(ના) રસ.
ભાલોડું(ના) ભાલો.
તળેટી(ના)તળીઉં.
નીપજ(ના)પાક;પેદાશ.
લલચાઇ(કૃ)લોભાઈ.
પરમુલક (ના) પારકો દેશ.
ચિત્તા(ના) વાઘ જેવું જાનવર.
નિપજે(ક્રિ) પાકે.
વનસ્પતિ(ના)લીલોતરી.
નાનો(ના) જાતો.
તડ(ના) કકડા; ભાગ.
બાપડી(ના) બખરી

ચાલ(ના)ધારો.

પાઠ ૨૬ મો.

ઇતિહાસ(ના) તવારીખ; આગલા રાજાઓની વારતા.
પદવી(ના)ઓહદો.
હકુમત(ના)હાકમી.
વહીવટદાર(ના)વહીવટ કરનાર.
વજે(ના)કર.
જકાત(ના) દાણ.
વસવાયાં(ના)આવીને વસેલા, (સુથાર, દરજી ઘાંચીવગેરે.)
વેઠ(ના)વૈતરૂં, મજુરી.
કુળ(ના)વંશ.
કાયદા(ના)ધારા.
જથા(ના)ટોળાં.
વ્યવહાર(ના) આપસેના સંબંધ.
બળવાન(ના)જોરાવર.
શુરા(વિ)બાહાદુર.
શૂર(ના)બાહાદુરી.
સંબંધી(અ)વિશે.
સલાહ(ના)વિચાર.
બંદોબસ્ત(ના)ગોઠવણ
ઉતરતા(વિ)હલકા.
અધિકારી(ના)ઓહદેદાર.
વસુલ(વિ)જમે.
પ્રજા(ના)રૈયત.
ઇનસાફ(ના)ચુકાદો.
ખૂન(ના)હથિઆરવતી કે ઝેરદીધાથીકોઈને મારીનાખવુંતે.
શૂળી(ના)ફાંસી.
કાંડા(ના)હાથના પોંહોંચા.
ગુન્હા(ના)તકસીર.
માલમિલકત(ના) માલમતા.
ધર્મદાન(ના) ખેરાત.
નરકે(ના)જાહનમ.
ઈનસાફી(વિ)વાજબી રાહે ચાલનારા.
વિદ્યાવાન(વિ)ભણેલા.

પાઠ ૨૭ મો.

સાજવાળા(ના) સામાન વાળા.
પડાવ(ના) મુકામ.
હાકેમ(ના)સરકાર
દોલત(ના)પેસો.
વારતેહેવાર(ના) સારે ટાણે.
કસબી(વિ)હુનરવાળા
રાજદરબારે(ના)રાજસભાએ.
સોનેરી(વિ)સોનાના.
ડોલી(કૃ)ઝૂલી.
રથ(ના)પૈડા વાળી ગાડી. [ળા.
પીછાળાં(વિ)પીછાંવાળા.
મોહ(ના)મોહિણી.
ફોજ(ના)લશ્કર.
આથમણાં(વિ)પશ્ચિમ તરફના.
હુમલો(ના)ચડાઈ.
એકદમ(અ)તુરત.
શાણી(વિ)ડાહી.
મોટાઈ(ના)માનશોભા
કળા(ના)યુક્તિ.
રાજ્યનિતિ(ના) બરાબર રીતસર રાજ ચલાવવું તે.

પાઠ ૨૮ મો.

ફેલાવો(ના) પથરાઈ જવું.
છેવાટે(અ)આખરે.

ખેતી(ના)જમીન ખે-
ડવાનું કામ.
ગુજરા (ના)ગુજારો.
ઝટ(અ)તુરત.
બળ(ના)જોર.
કેડો(ના)પીછો; પૂઠ.
ગ્રંથો(ના)ચોપડીઓ.
કૃષ્ણ(ના)ભગવાન.
દ્વારિકા(ના)ગુજરાત-
ની પશ્ચિમેનત્રાનું
ધામ છે.
રાજધાની(ના) રાજ-
ગાદીનું શેહેર.
બુદ્ધ(ના એક જાતનો
ધર્મ.
મહિમા(ના, મોટાઇ,
પ્રતાપ.

પાઠ ૨૯ મો.

પરાક્રમી(વિ)ભારે કા-
મના કરનારા.
અજીત(વિ) કોઇથી
જીતાય નહીં તે.
ગાંજ્યો(કૃ)હાર્યો.
સંવત(ના) વિક્રમનો
સન.
જગતિ (ના) ઇશ્વરી
શક્તિ.
શક(ના)વરસ;સન.
વિક્રમાજીત= વિક્રમ
કોઇથી જીતાય
નહીં તે.
ખંડિએર(ના)ઘર, અ-
મલા પડી ગએલા
તેની ખુલીજમીન.
લગોલગ(અ)પાસેજ.
ધરતી(ના)જમીન.
વસ્યા(ક્રિ)રહ્યા.
સંસ્થાન ન)રાજાઓ-
ના વસાવેલા નાના
ખંડિઆ મૂલક.
કુતાઈએ (ના)રાજ્યની
ગાદી પર બેઠેલો
મોટો ભાઇ.
કન્યા(ના)કુંવારી છો-
કરી.
સમય(ના)વખત.
જંગલી(વિ)વગરસુધ-
રેલો.
ગણુતી(ના) લેખું;હિ-
સાબ.
દૈવયોગ(ના)ઇશ્વરીઅ
નાવ.

પાઠ ૩૦ મો.

વેભવ(ના) સુખ.
કવિતારૂપ(ના)પદ્યમાં.
નાટક(ના)નાચવાવગે-
રેનાખેલનોતમાશો.
દેવસ્થાન(ના)દેહેરાં;
મંદિર.
બંધન(ના)અટકાવ,
કાયદો.
નાચ(ના)નૃત્ય.
કીર્તિ(ના)આબરૂ; પં-
કાવું તે.
દેશોદેશ(ના)બધેમૂલક,
ફેલાઇ(ક્રિ)પથરાઇ.
ડાહાપણ(ના)ચતુરાઈ
કસબી(વિ)હુનરવાળા
મનુ(ના)હિંદુ શાસ્ત્રનો
કાયદા બાંધનારો.
માહાભારત(ના)જેમાં
ભારથનીકથાછે તે
ચોપડી.
રામાયણ(ના)જેમાં
રામની કથાછે તે
ચોપડી.
પુસ્તક(ના) ચોપડી.
પૈસાદાર(વિ)તાલેવંત.

સદ્ગુણ(ના)સારા આ-
ચરણ.
શોભા(ના)દેખાવ.
પાડપાડોશી(ના) પાસે-
ના ઘરના રેહેનારા
દાનત(ના)નજર;નિષ્ટા
સાફ(વિ)પાક;ચોખ્ખી
વાસવાની(કૃ) દેવાની.
લેખપત્ર(ના)કાગળપર
દસ્તાવેજ.
પરાયો(વિ)પારકો.
તકાવતું(ક્રિ) ધારી રે-
હેતું.
કરજ(ના)દેવું.
જમણવાર (ના) વરો,
ખરચ.
વાવરી(કૃ)ખરચી.
સ્ત્રીઓ(ના)બાયડીઓ
છૂટ(ના)રજા.

પાઠ ૩૧ મો.

નુકસાન(ના)હાણી.
નાતો(ના)જતો.
ઉદ્યમ(ના)વેપાર.
અટકાવ(ના)અડચણ
સ્થાવર (વિ) જમીનને
લગતી;જે ખસે અ-
થવા ઉપડે નહીં એ
વી મિલ્કતનું નામ.
મિલ્કત(ના)માલમતા.
વારસો(ના)વારસને જે
મિલ્કત મળે છે તે,
વહેંચી(કૃ)ભાગ પાડી.
મિલ્કતદાર(વિ)મિલ્કત
વાળો.
હિસ્સા(ના)ભાગ.
વંશના(ના)કુટુંબના.
અવસ્થા(ના)હાલત.
તવંગર(વિ)પૈસાદાર.
હિંમત(ના)છાતી.
દોલત(ના) માલમતા,
પૈસા વગેરે.
રોકાવું(ક્રિ)ઘેરાવું.
શોધ(ના)તપાસ.
પરવાર(ના)ફુરસદ.
કળા(ના)હુન્નર.
ખબરદાર(વિ)હોશિ-
આર.
મોટાઇ(ના)ભપકો.
દાખલ(વિ)સામેલ.

પાઠ ૩૨ મો.

અગર(ના)મીઠું પાકે-
છે તે જગ્યા.
લૂણ(ના)મીઠું.
ગચીઆં(ના)મોટાં ઢે-
ફલાં.
પાહાણા(ના)પથરા.
જગત્કર્ત્તા(ના)જગતનો
પેદા કરનાર,ઇશ્વર.
બે તૃતીયાંશ(વિ) ત્રણ
ભાગ કરેલા તેમાં-
ના બે ભાગ.
મહાસાગર (ના) મોટા
સમુદ્ર (પૃથ્વી પર
એવા પાંચ છે).
ભંડાર(ના)વખાર.
અઘરૂં(વિ)મુશીબત.
ઝરણ(ના) ધીમે ધીમે
પાણી વેહે તે.
કકડીને(કૃ)સખત.
ક્યારડો(ના)ખાડો.
મેલ(ના)કચરો.
પારદર્શક (વિ) જેમાંથી
આરપાર જોવાય તે.
છાંટી(કૃ)ઓલવી.
વખારો(ના)માલ ભર-
વાનું ઠેકાણું.

પાઠ ૩૩ મો.

તીર્થ(ના)નદી કાંઠાના

પવિત્ર જગ્યા.
ધોધવા(ના)મોટા ધોધ
સરોવર (ના) મોટું ત-
ળાવ.
સ્થિર(વિ)હાલે ચાલે
નહીં તે.
ઘેરાવો(ના)ફરતો ઘેર.
ઉગમણ(ના)પૂર્વ દિશા
ઝરો(ના)પાણી વેહેવા-
નું ઠેકાણું.
કુંડ (ના) છોથી બાંધી
લીધેલું નાના ત-
ળાવ જેવું.
ફટ(ના)સુથારી આડવો
ગજ.
ભય(ના)બીક.
ઇમારત(ના)ઊંચી બાં-
ધણીનાં ઘર.
ખંડેર(ના)પડી ગયલી
જમીન, અમલા
વગેરે.
થર(ના)પડ.
દર વરસે=એકેકવરસે
પેદાશ(ના)ઉપજ.

પાઠ ૩૪ મો.

બલાઇ(ના)સાલસાઈ.
ધમકી(ના)ધુરકી.
બળાત્કાર (ના) જોરે
જુલમ.
ઉમંગ(ના)ઉમેદ.
કઠોર(વિ)નજ્જર.
અણગમો(ના)નાખુશી
માએનો(ના)અર્થ.
બરોબરીઆ(ના) સર-
ખા.
એકાદુ(વિ)એક; કોઈ-
પણ.
જોરજુલમ(ના) જબ-
રાઇ;જબર જસ્તી.
ઇચ્છા(ના)મરજી.
નાખુશી(ના)દલગીરી.
મન(ના)દિલ; ચિત્ત.
વેર(ના)અદાવત;ખાર
જોઇએ તેવું(વિ)મનને
ગમે તેવું.
ફેર(ના)તફાવત.
રૂપ(ના)આકાર.
વિનતી(ના) નરમાશથી
કેહેવું તે.
અસર(ના)લાગણી.
નરમાશ(ના)નમનતાઈ
ડુબાય(ક્રિ)ડુબાય.

પાઠ ૩૫ મો.

સુવાક્ય(ના) સારૂંવચ
ન.
કુવાક્ય (ના) નઠારૂં વ-
ચન.
સ્નેહ(ના)હેત; પ્રીત.
સદૈવ(અ)હમેશાં.
વાધે(ક્રિ)થાય.
કલેશ(ના)કંકાસ.
હમેશ(અ)રોજ.
લાધે(ક્રિ)થાય.
વિવેક(ના)સભ્યતાઈ.
યાર(અ)ઓ;ઓભાઈ
ઉચાર(ક્રિ)બોલ.
વાણી(ના) વેણ;શબ્દ
વિશ્વ(ના)જગત.
કીર્ત્તિ(ના)આબરૂ.
પડેચડે(ક્રિ)પડતી ચ-
ઢતી થાય.
પ્રજા(ના)રૈયત.
ઘૂડ(ના)ઘૂવડ પક્ષી.
બુરી(વિ)ખરાબ.
બુરાઇ(ના)વેર.
રાજકુમાર(ના)રાજાનો
છોકરો.
અમુલ્ય(વિ)જેની કિ-

મ્મત થઈ શકે ન-હીં તે.	હાણી(ના)નુકસાન.	ભડાકો(ના) મોટો અ-વાજો.
માનવી(ના)માણસ.	છરા(ના)એક જાતનો ચપ્પુ.	હડાકો(ના)અવાજ.
વેણ(ના)શબ્દ;સુકન.	છેદ(ના)કાણું;છિદ્ર.	વદો(ક્રિ)બોલો.
મૂક્યું(ક્રિ)બોલ્યા.	સૂઝે(ક્રિ)જણાય.	વણશે(ક્રિ)બગડશે.
વિમાસશો(ક્રિ)પસ્તાશો.	રૂઝે(ક્રિ)આરામ થાય.	ભારતોલ(ના)ભારવક્કર

(કવિતાની સમજુતી). (૩).

સારૂં વાક્ય બોલવાથી સદાકાળ હેત પ્રીત વધે; નઠારૂં વાક્ય બોલવાથી નિરંતર કજીઓ કંકાસ થયા કરે; માટે અરે ભાઈ મનમાં જરા સલુકાઈ આણીને જે શબ્દ બોલો તે વિચારીને બોલો. (૧).

સારૂં વાક્ય બોલવાથી બધી દુનિઆ વખાણે; નઠારૂં વાક્ય બોલવાથી કોઈ આપણી આબરૂ જાણે નહીં; માણસની પડતી ચડતી (પૈસાની) થાય છે તે જીભ વડેજ; માટે જે શબ્દ બોલો. (૨)

જુઓ કે રૈયત પોપટ ઘેર પાળેછે; ને માળામાં ચેનથી ઘુડ પક્ષી સુઈ શકતું નથી (લોકો તેને પથરા મારેછે); બોલવાનું કારણ એવુંજ સમજીને, જે શબ્દ બોલો૦ (૩).

ભાઈ તું સારા બોલ બોલીને લોકોમાં નેકી (કીર્ત્તિ) મેળવ કેમકે નઠારી જીભે લોકો નઠારા શબ્દ પણ બોલેછે; પછી ગરીબ હોય કે રાજાના છોકરાની રાણી હોય. પણ જે શબ્દ૦(૪).

સારૂં વેણ બોલવાથી દુઃખનું દહીં. થી સૌ થશે એટલે (કોઈ કામ નહીં કરતું હશે તે કરશે); ને જેની કિમ્મત ઘણી બેસતી હશે તે સેહેજમાં આવશે; નઠારૂં વચન બોલવાથી કોઈ પળી ભાર પણ પાણી પાય નહીં (બારણે ઉભા ન રાખે), માટે જે શબ્દ બોલો૦(૫).

અરે માણસ મોહોડેથી જે શબ્દ બોલ્યા, તે જેમ થુંકેલું ફરીથી ગળાતું નથી તેમ (બોલેલું ફરાતું નથી); પછી એવું નુકસાન વેઠીને પસ્તાશો; માટે જે શબ્દ બોલો૦ (૬).

છરીથી કપાયલું હોય તેનો ઇલાજ. માલમ પડે; પણ નઠારાં વાક્યના કાપને કદી રૂઝ આવે નહીં (તે બોલ મનમાંથી ખસે નહીં); કાચની કોઠી કાણી હોય તે કદી સંધાતી નથી; માટે જે શબ્દ બોલો૦ (૭).

સારો કે નઠારો તોપનો ભડાકો. તે હવામાં જોસ્સાથી દોડ્યો જાય છે; હવે બોલો તેને કેમ ખેંચાને અટકાવી રાખી શકાય; માટે જે શબ્દ બોલો૦ (૮).

તમે વિચારી શબ્દ બોલો, તમારૂં કામ કદી બગડશે નહીં; દુનિઆમાં ભાર વકર, તો સારા લોકો રાખેછે, એમ દલપતરામ કવિ કેહે છે. (૯).

પાઠ ૩૬ મો.

વાદ(ના)તકરાર.
વટેમાર્ગુ(ના)રસ્તે જનો મુસાફર; પંથી.
બળ(ના)જોર.
જબરો(વિ)જોરાવર.
તપી ગયા(ક્રિ)ગુસ્સે થઇ ગયા.
વામા(વિ)ઠંડા.
અજમાવો(ક્રિ)વાપરો, ચલાવો.
ઉતરાવે(ક્રિ)કહડાવે.
બળવાન(વિ)જોરાવર.
વાવાઝોડું(ના) પવનનું જોરથી વાવું.
લપેટતો(ક્રિ)વિંટાળતો.
વાળ્યું (ક્રિ)ફાળ્યું.
ખસેડી(કૃ)આઘા કરી.
તપ્યો(ક્રિ)ગરમ થયો.
બફારો(ના)પસીનો.
અંતે(અ)છેલ્લે; આખરે.
સેહેવાયો(ક્રિ)ખમાયો.
છાયા(ના)શીળો.
આકળા(વિ)ગાભરા.
જોડી કાઢેલી(કૃ)મનાવટની.
શીખામણ(ના)બોધ.
મારફાડ(ના) સખતાઇ; જોર કરવું તે.

પાઠ ૩૭ મો.

અંગજ્ઞાન(ના)પોતાની મેળે જે શીખવું તે.
તર્કશકિત(ના) વિચારબળ.
મરડી(ના)ઝુંપડી(છા-

પરી.
રાફડો(ના) નાનું દર.
સમજાશે(ક્રિ)ધ્યાનમાં આવશે.
ઝાડુ(ના)ઝાડવો.
ગળ્યો(વિ)મીઠો.
ટેકો(ના)આધાર;મજબૂતી.
ભાર(ના)બોજો.
જંગલી(વિ)બેવકુફ.
બેળાવી(કૃ)સરખાવી.
ફડાકૂટ(ના)ખટપટ.
ગુમાવે(ક્રિ)ગુજારે.
ભેદ (ના) તફાવત જુદાઈ.
ખોરાક (ના) હમેશાં ખાવાનો પદાર્થ.
સંઘરવા(કૃ)એકઠું કરવા
કોઠાર(ના)અનાજ ભરી મૂકવાનો ખજાનો
બીવર(ના) એક જાતનાં સસલાં.
ધાન(ના)અનાજ.
સંઘરો(ના)રાખી મૂકેલું તે.

પાઠ ૩૮ મો.

સોચના(ના)ફિકર.
વાદવિવાદ(ના)ચકચાળ; ચોળાચોળ.
વૈદુ(ના)વૈદનો ધંધો.
પ્રેરણા(ના)અંતર્જ્ઞાન
ઉદાસ(વિ)દલગીર.
બેડોળ(ના)ખરાબ આકારનું.
તકરાર(ના)વાંધો;જીદ
મંડળી(ના)ટોળી.
વૈદ(ના) વૈદું કરનાર.
મંદવાડ(ના)બીમારી.
ઓસડ(ના)દવા.
ગુંચવણ(ના)ગુંચવાડો
ઠોકર(ના)ખતા.
નકામી(વિ) ફોકટ.
વધારો(ના)ઉમેરો.
મનુષ્ય(ના)માણસ.
કસર(ના) ખામી.
કમ(વિ)ઓછી.
તર્ક(ના)ખ્યાલ.
ચૂક(ના) નાની ભૂલ.
ધીરજ(ના)હિમ્મત.
ઉદ્યોગ(ના)મેહેનત.
ભીલ(ના)લુટારા લોકો.
મેહેલ(ના)રાજાનો રેહેવાનો મૂકામ.
ભક્તિ(ના)ઈશ્વરનું ભજન.
ઉતરતી(વિ)હલકી.
પંક્તિ(ના)જાતિ; વર્ગ
ઉત્તમ(વિ) મોટો.

પાઠ ૩૯ મો.

મગજ(ના) ખોપરીની અંદરનો ભાગ.
કોરે મેલી (કૃ) પડતી મેલી.
રચના(ના)ગોઠવણ.
વચ્ચોવચ્ચ (અ)વચગાળે.
ટટાર(વિ)હોંશીઆર.
કરોળિઓ(ના) જાળામાં રેહેનાર જીવડો.
ચોપગાં(ના)ચાર પગ વાળાં પશુ.
નહોર(ના)નખોરીઆ.
માફક(વિ)અનુકુળ.
કૃપાળુ(વિ) દયાળુ.
ડોક(ના)ગરદન.
સરજ્યાં(ક્રિ)પેદાં કીધાં
ગરજ(ના)જરૂર ખપ.
પાર(ના)છેડો; છેવટ

પાઠ ૪૦ મો.

અચરજ(ના)નવાઈ.
ચોખ્ખા(વિ) સાફ.
લીલ(ના)પાણીમાંલીલી ફુક બાઝેછે તે.
સુંવાળા(વિ)નરમ; લીસા.
લટકતા(કૃ)ટીંગાતા.
માદા(ના)બઈરી.
ચારો(ના)ચારવાનું ઘાસ.
ઠરતી(ક્રિ)થોભતી.
ક્ષણ(ના)લેહેજો.
વીલાં(વિ)સુનાં;છુટાં.
નર(ના)મરદ.
બચાવ(ના)રક્ષણ.
કુકડી(ના)મરઘી.

પાઠ ૪૧ મો.

ગુણ(ના)પાડ.
પારણું (ના) બાળકને સુવાનું નેતર કેપાટી ભરેલું ઝુલતું ચોકઠું
પોઢવું(ક્રિ) સૂવું.
કટુ(વિ)કડવું.
ખાજું(ના)ખાવાનું.
ખમા(ના)માફ.
મુક્તિ(ના)ઓદ્ધાર.
પુત્ર(ના)છોકરો.
છેક(અ)બહુ.
મહા(વિ)મોટી; ઘણી.
હેતવાળી=પ્યારવાળી.
દયાળી(વિ)મેહેરવાળી
સુકામાં(ના)સૂકી જગામાં.
પંડે(સં)પોતે; જાતે.
તજે(ક્રિ)છોડે; મૂકે.
બચી(ના)બોકી.
પ્રેમ(ના)હેત; વહાલ.
જુક્તિ(ના)હીકમત.
ટળે(ક્રિ)દૂર થાય.
રૂડું(વિ)સારૂં.

(કવિતાની સમજુતી.) (૪).

જ્યારે કે હું નાનો છોકરો હતો ને પારણામાં સૂતો હતો, ત્યારે મને બહુ રેડવું આવતું તે વખતે મને કોણ છાનું રાખતું? તે વખતે મને દુઃખી જોઇને બીજું દુખી કોણ થતું? મારી ઘણી વાહાલી દયા લાવનારી મા તુંજ. (૧)

મા પોતે ભીનામાં (મૂતરમાં) સુએ ને મને સુકામાં સુવાડે, ને હું દુઃખ પામું તો પોતે સ્વાદ છોડી દેતી; મને સુખ થાય તેને વાસ્તે કડવું કડવું કોણ ખાતું? મારી ઘણી વાહાલી૦ ૨

મને છાતીએ બઝાડીને મારા ગાલ ઉપર બોકી કોણ લેતું, ને તરતનું ખાવાનું બનાવેલું કે આવેલું હોય તે, હે મા તું પોતે ન ખાય ને મને કોણ આપતું! મને મોહોડે મીઠા મીઠા ગીત કોણ ગાતું? મારી ઘણી વાહાલી૦ (૩).

હું કેયે પડું કે અથડાવું તો મોહોડેથી ખમા ખમા આણીને તારી આંખમાંથી પ્યારના આંસુ પડતા હતા; પછી મને પોતાના સ્થાનમાંથી કોણ દુધપાતું ? મારી ઘણી વહાલી. (૪).

મને પરમેશ્વરની પ્રાર્થના કરવા વિશેની રીત કોણ કેહેતું ? જેથી કરીને તાપ ને પાપ સમાઇ જાય ને મારો ઓદ્ધાર થાય; એક ચિત્ત મનમાં ફિકર રાખી મારૂં સારૂં કોણ ચાહાતું? મારી ઘણી વાહાલી. (૫).

પાઠ ૪૨ મો.

જળ(ના) પાણી.
ગણિત (ના)હિસાબનું કામ.
ચાકરી(ના) બરદાસ.
આકરી(વિ) કપરી.
અમૂલી(વિ) જેનાકિમ્મત થઇશકે નહીંતે
સદા(અ)રોજ.
દાસ(ના)ચાકર.
સાટું(ના)બદલો.
દેવ(ના)ઇશ્વર.
આનંદ(ના)સંતોષ.
દાતા(ના)દાતાર;આપનાર.
માતા(ના)મા.
સમો(ના)વખત.
વાળવા(કૃ)બદલો આપવા.
જોગ(ના)તક;દાવ.
નિત્ય(અ) રોજ.
પાઠે(ના)મોહોડે.
રીઝી (કૃ)ખુશી થઈ.
સર્વ(વિ)સઘળું.
ઠામ(ના)ઠેકાણું.
રચ્યાં(ક્રિ)બનાવ્યાં.

(કવિતાની સમજુતિ.) (૫).

હજી તારૂં હેત તેવું ને તેવુંજછે, જેમકે માછલીને ને પાણીને હેત મળ્યુંછે (પાણી વગર માછલીને જરાએ ચાલેનહીં) તેવું; તે હિસાબની રીતથી ગણવા જાઊંછું તોપણ તેનો પાર આવતો નથી; મારી ઘણી વાહાલી. (૬).

અરે મા મેં તારી પાસે જે આ સખત ઘણીજ કિમતી ચાકરી કરાવી એ બધું તારૂં કરેલું હું શું ભુલી જઇશ; તારો આખી જીંદગાની સુધી ચાકર થઇને એનો બદલો વાળી આપીશ; મારી ઘણી વાહાલી. (૭)

હે મોટા પ્રભુ! સંતોષ આપનાર, મારી મા જેવા મને ફા યદો (આભાર) કરે તેવા; તે બદલો વાળવાને મને હંમેશા તું વખત આપજે, મારી ઘણી વાહાલી. (૮).

આટલા આઠ છંદ શીખે ને સાંભળે, ને પછી તેને હેતે કરી રોજ મોહોડે રાખે; તો ઇશ્વર ખુશી થઈ સઘળે કેડાણેતેને કુશળ રાખે; આ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યાછે.(૯).

પાઠ ૪૩ મો.

ચીનાઈ(વિ) ચીની.
ચીની(વિ)ચીનાઇ મ-ટોડીના.
ચકમક(ના) એકજાતનો પથ્થર જેમાંથી દેવતા નીકળે છે તે.
ઝરીને(કૃ)ગરમ કરીને.
કંદીલ(ના)કાચનું પ્યાલું.
બિલોરી (ના) હાંડીની જાતનો કાચ.
ભુકો(ના)ચુગદો.
પલાળતા(કૃ)ભીનાળતા
બારીક(વિ)ઝીણા.
પ્રવાહી(વિ)પાણી જેવા રૂપનો.
લીસા(વિ)સાફપાલીસ સાફ કરેલી.
ચાક(ના)ગોળ ચક્કર.
કેળવાએલી(કૃ)ગુંદીને.
ચતુરાઈ (ના) હોશિઆરી.

પાઠ ૪૪ મો.

સંઘાડો(ના)ચુડા, રમકડાં વગેરે ઉતારવાનું ગોળ હથિઆર.
ડોળીઆં(ના)ખોખાં.
ખરાદી(ના) લાકડાની ચીજો સંઘાડા પર ઉતારનારો માણસ.
નાળચાં(ના) નળી.
બીબું(ના)આકારવાળું ખોખું.
મેળવણી(ના) ભેગ.
લોંદો(ના)મોટો લચકો.
ચાદાની(ના)ચાહ ઉ. કાળવાનું વાસણ.
આંચ(ના)ઝાળ.

પાઠ ૪૫ મો.

સફેદ=ધોળો; ઉજળો
રંગીન=રંગીલા
આસમાની=ભુરો.
સરસ=સારા:મજાનાં.
ચીતારા=ચિત્ર પાડનારા.
વિલાયત=અંગ્રેજ લોકોનો દેશ.
સુઝે=દેખાય; જણાય.

પાઠ ૪૬ મો.

છેટે=આઘે;દુર.
નબળી= કમજોર.
ધર્મશાળા=પરદેશીઓને ઉતરવા સારૂ બાંધેલો મુકામ.
સવાર=ઘોડે બેસનારો.
લાલચોળ=ધગધગતી
મેદો=ઝીણો આટો.
સાજો=સારો.
ઉપડ્યાં=નીકળ્યાં.

પાઠ ૪૭ મો.

વર્ણન=બયાન; વાત.
વિદ્યાશાળા=નિશાળ.
પ્રતિષ્ઠા=સ્થાપના; આબરૂ.
રાજધાની=રાજગાદી નું મોટું શેહેર.
વનરાજ=વનનોરાજા.
વસાવ્યું=સ્થાપ્યું; ખરીદ કીધું.
તાબા=હવાલો; કબજો.
મામલતદાર= સબોર-ડીનેટ માજીસ્ત્રેટ.
ઉજડ=જ્યાં લોકોની આવજાવનહી તે.
પંચાસરા=પંચાસર નગરના.
પારસનાથ=જૈનધર્મના દેવની મૂર્તિ.
મૂર્તિ=પૂતળું.
મૂરત=શરૂઆત; સુકન
થાપના = સ્થાપના; મંડાણ.
પોશાળ=નિશાળ.
સહસ્ત્રલિંગ=હજારલિંગ; હજાર મૂર્તિ.
શિવલિંગ=શિવનીમૂર્ત્તિ
દેરીઓ=નાનાં દેરાં.
પડખે=પાસે; સોડે.

પાઠ ૪૮ મો.

મૂળસ્થાન= ઉત્પત્તિનું ઠેકાણું; વતન.
કુળદેવી = ગોત્રજની માતા.
કુમારિકા=કુંવારી છોકરી; બાળકી.
જૈન=શ્રાવક લોકોનો ધર્મ-આચાર.
પુસ્તકભંડાર=ચોપડીઓનો સંગ્રહ.
તાડપત્ર=તાડનાંપાંત્રાં
પટોળાં= બાયડીઓનાં રેશમી લુગડાં.
ડાગલીઆળી=દાગડી વાળી.
જારે=જુવા.
મૂળ=વતનની જગ્યા.
દેવી=માતા.
ઉપડાવે=ઊંચકાવે.

પાઠ ૪૯ મો.

ખંડ=જમીનના મોટા ભાગજેમાંઘણા દેશો આવેલા તે.
ગગન=આકાશ.
ઝગઝગે=તેજ કરે.
અરૂણ પ્રકાશ=સુર્યનું તેજ; સુર્યનું અજવાળું.
રત=મોસમ.
ડીંગણા=બટકા.
કદરૂપા=ખરાબશીકલના; બેડોળ.
ગંદા=ગોબા.
રેતાળ= રેતીવાળી.
રબારી=બકરાં, ગેટાં ચરાવનાર.
મુકામ=રેહેઠાણ.
પીળચટો= જરાપીળો.
ઉદ્યમી=મેહેનતુ.
કસબ=હુન્નર; કીસબ.
તેજાના=મસાલા.
જવાહીર=ઝવેર,(હીરા માણેક વગેરે).
વર્ણ=રંગ.
શામળો=જરા કાળો.

પાઠ ૫૦ મો.

ઉત્પત્તિ=પેદાશનીમળ
પણ=નીમ; બાંધ
જોદ્ધા=લડવૈયા.

બેસુમાર=ઘણીજ.
રૂપસુંદરી=ખુબસુરત; દેખાવડી સ્ત્રી.
ફુટડી=શોભાયમાન.
હા બળવાન=ઘણો જોરાવર; જોદ્ધો.
દરબાર=રાજકચેરી.
પાયદળ=પગે ચાલનારૂં લશ્કર.
ચડાઇ=હુમલો; હલ્લો.
વાટ=રસ્તો, રાહા.
ભાટચારણો= એક જાતના કવિલોકો.
લશ્કર=ફોજ; સેન્યા.
પરાક્રમ=ભારે કામ.

પાઠ ૫૧ મો.

પો ફાટતાંજ=સહવારજ.
ગભવતી=દહાડાવાળી
ફળાદિ=ફળ વગેરે.
લાંછન=એબ; કલંક.
રાન=જંગલ; વન.
શત્રૂ=દુશ્મન; વેરી.
રણ=સંગ્રામ; મેદાન.
ગત=ગતિ; હાલ.
વગડો=વન; રાન.

અવતર્યો=પેદા થયો.
સમજણો=અક્કલવંત
કાસદ=એલચીઓ.
અમલદાર= હકુમત કરનાર.
નગર=શેહેર.
રચ્યો=બનાવ્યો.
ઇનસાફી= વાજબી ન્યાય કરનારો.
ઉલટું=સામું;અમણું.

પાઠ ૫૨ મો.

બખેડા=બળવા;હુલ્લડ.
રાજપાટ=રાજની ગાદી;રાજનું કામકાજ.
ગાદી=તખતઆસન.
વંશ=ઓલાદ; કુળ.
મુદલે=જરાએબીલકુલ
કાંપતા=ધ્રુજતાં.
ઠાઠ=ભપકો; દોર.
સંતાન= છોકરૂં.
પડ્યા=મુઆ.
સમાપ્તિ=આખરછેડો
વેરે=સાથે.
કુંવર=રાજાનો છોકરો.
મહાસમર્થ=ઘણો જોરાવર; જબરો.

લૂટારો=ચાંચીઓ.
વટેમાર્ગુ=રસ્તે જતો. મુસાફર; પંથી.
ક્ષેત્ર=ખેતર.
ઉગમણી=પૂર્વતરફની
શ્રીસ્થળ=સારૂં ઠેકાણું.
દાન=ધર્મ;પુન્ય.
દેહછોડી=મરીગયો.
વંશજો=કુટુંબીકુટુંબના
પડતી દશા=નબળો દહાડો. [સ.
માંહોમાંહે=અરસપર
બહાદુરી=જોર; શૂર.
રાજકુન્યા= રાજાની છોકરી.

પાઠ ૫૩ મો.

સર કરવું=તાબે કરવું, જીતી લેવું.
ચિંતા=ચેહે.
તુટી પડ્યા=એક દમ ધસાસરો કીધો.
તુરકી= તુર્કસ્તાનના.
હુમલો=ચઢાઈ;હલ્લો.
સરદાર=સગદારઉપરી
રક્ષણ=સંભાળ.
ખડકીને=ગોઠવીને

ગંધાતા=વાસ મારતા
ગુલામ=વેચાણ લીધે-
લા ચાકર.

પાઠ ૫૪ મો.

કુમક=મદદ.
આપઘાત=કોઇ માણ
સ પોતાને હાથે
જીવ કહાડીનેમરેતે
ખરચી=ખરચને વા-
સ્તે નાણું.
થડ=પાડોશ.
મેદાન=ખુલ્લી જગો.
ગભરાયો=અકળાયો.
છાવણી=મુકામ.
તમામ=બીલકુલ.
ગુજરી=મરી.
અપમાન=ગેરઆબરૂ
સેહેવાયું=ખમાયું.
સંપ=એક દિલ; એક
મત.
ભેગા=એકઠા;સાથે.
દગો=કાવતરૂં.કપટ.
વખેરાઇ=જુદા પડી.
તળેટી=તળીઉં; તળી
એનો ભાગ.
રોકડા=નગદ.

સુમારેજ=પાર;અડસ
દ્રવ્ય=પૈસો, ધન. [ટો.

પાઠ ૫૫ મો.

વતન=સ્વદેશ;જાગીરી.
ખાલસા=સરકારી.
હરડતા=કદા;જુલમી.
લટફાટ=જબર જસ્તી
થી ખુંચી લેવું.
બૂરી=ખરાબ;નઠારી.
મતલબ=સ્વાર્થ.
મંદીર=દેહેરૂં; દેવળ,
દોસ્તી=મિત્રાઇ.
કોલકરાર=વચન સા-
થેનો બંદોબસ્ત.
જથુ=હ શા.
પ્રસંન=ખુશી;મગન.
મહાપાપી=ઘણો દુષ્ટ.
બાદશાહ=રાજા;પાદ-
શાહ. [સીરે.
વગર વાંકે=બીનતક-
ખુન=જીવ લેવો;હથિ
આર વતી મારવુંતે
તૈયાર=હાજર; તત્પર.
જમાવ=એકઠું કરવુંતે
રણ=રેતીનું મેદાન.

પાઠ ૫૬ મો.

મંડપ=માંડવો.
શિવ લિંગ=માહાદેવ-
ની મૂર્તિ.
નીસરણી=સીડી.
પ્રાર્થના=સ્મરણ;સ્તુતી
સહાય=મદદ;કુમક.
હઠાવી=પાછા કાહાડી
હાર=પરાજય.
નિશાન=વાવટો.
રગદોળાયું=પગ તળે
ચંપાયું.
દેવળ=દેહેરૂં; દેવસ્થાન
હાથ કર્યું=તાબે કર્યું.
માન=કીર્તિ; જશ.
સુબો=હાકેમ.
ખાળ્યો=અટકાવ્યો.
તંગાસ=ખોટ; તાણ.
હોંસે હોંસે=ઘણી ખુ-
શીથી, ઉમંગભેર.

પાઠ ૫૭ મો.

પાઠશાળા=નિશાળ.
શુરાતન=બાહાદુરી.
સ્થાપી=રચી.
ઇતિહાસરૂપ=ઇતિહા
સની ઢબથી.
કાવ્ય=કવિતા.

રચના=શોભા.
તરજુમો=એક ભાષા-
માંથીબીજીભાષા
માં ઉતારો કરવો.
કઠોર=ધાતકી;વજ્જર.
અવગુણ=નઠારી ટેવ.
ગુલામગીરી=દાસપણું
સાબિત=સિદ્ધ; નક્કી.
લોભી=લાલચુ.
પરમૂલક=પારકો દેશ.
કાળજી=ચેતક;અરે.
કારભારી=કામકાજના
કરનાર; કરતા હ-
પસરી=ફેલાઈ. [રતા.
લાલચોળ=માતેલા.
બંડી=બદન. [જોડા.
બુટ = ચાંચ વગરના
પેહેરવેશ=પેહેરેલો પો-
શાક;(પેહેરવાનાં જે
કપડાં).

પાઠ ૫૮ મો.

સુબો=પરદેશમાં રાજા
તરફથી કરતો હરતો
મર્યાદશીળ=સલુકાઈ-
વાળા;સભ્યતાવાળા
વખો=દુઃખ;આફત.

અમલ-સતા;અધિકાર
અફગાન=પઠાણલોક.
ભાગજોગે=એકાએક.
ઉગર્યાં=બચ્યો;જીવ્યો.
હાકેમ=સરકાર.
તખ્ત=ગાદી;રાજ્યાસન
મમતા=પ્યાર;હેત.
અધિકાર=અખત્યાર;
પદવી; દરજ્જો.
તૈયારી=પેરવી;તાકીદ.
પેગડા=પાવડા.
બચાવ્યો=ઉગાર્યો.
સોંપ્યો=હવાલે કર્યો.
તપાસી આપ્યો.

પાઠ ૫૯ મો.

ભોળો=નીખાલસ;કપ
ટી નહીં તે;સાલસ
ધાણ=નાશ; નખોદ.
સહિત=સાથે.
સંતોષ=આનંદ;હરખ.
દત્તક=છોકરોકરી લેવો.
ઝેર=વિખ; સોમલ.
નબળા=કમજોર.
મોખરે=અગાડી.
અસ્વારો=ઘોડે બેસ-
નારૂં લશકર.

ટુકડી=કકડા; ભાગ.
દુશમન=શત્રુ; વેરી.
જખમી=ઘાયલ.
સહિસલામત = વગર
જોખમે; સારીપેઠે.

પાઠ ૬૦ મો.

ખુનસ=ઝેર;કીનો.
છાપોમારવો=એકદમ
તૂટી પડવું.
કતલ=ખુના મરકી;ખુ
નરેજી;કાપાકાપી.
નિરાંતે=ચેનથી.
લશ્કરી=લશ્કરમાં દા-
ખલવાની.
જડાવ=જડેલાં.
બકતર=લડાઈનેસારૂ
લોઢાનો અંગરખો
જમાવીને=એકઠી ક-
રીને.
વીણી=ચુંટી, તારવી.
હલ્લા=હુમલો;ધસાવરો
ધુળધાણી=બાખાવી-
ખી;પાએમાલ.
સેનાપતિ=ફોજનો સ-
રદાર.
તંબુ=નાનો ડેરો.

રઝળતા=રખડતા.

પાઠ ૬૧ મો.

નામના=નામદારી.
સાવધ=હોશીયાર.
ઠોર કરવું=કાપીનાંખવું
સ્વતંત્ર=આપ અખ્તીઆર.
કૃત્ત=જશ; યશ.
ચાહાનાર=પસંદ કરનાર.
કાળ=વખત; મોત.
કળા=તદબીર;યુક્તિ.
ગાંઠે=પતકરે;ગનકારે.
ટાંપી=તાકી; ધારી.
દશા=હાલ; હવાલ.
ફાંસો=કબજો.
ભળ્યો=માન્યો.
આથમણી=પશ્ચિમ તરફની.
સમાચાર=ખબર.

પાઠ ૬૨ મો.

ઉલટ=હોંશ=ઊમંગ.
ભેર=સાથે.
મિજાજ=પ્રકૃત્તિ.
દાથરો=મોંચડાવવું તે.
વદી=દશકે દશકે એક ગણીએ છીએ તે.
ખોડ=ખામી ચૂક.
ગુણાકાર=ગણાકિરવાનો હિસાબ.
માથાકુટીઆ=કડાકુટીઆ;ગુચવણવાળા.
સુસ્ત=આળસુ.
ચીડાઈ=ખીજવાઈ.
ચુક=ભુલ;ગફલત.

પાઠ ૬૩ મો.

દયામણું=દયા ઉપજે એવું.
ડસકાં=રોતાં આંચકા ખાવા તે.
દડદડ=ટપકટપક.
ફળીઉ=શેરી; મોહોલ્લો
રોય=રડે.
અકળામણ=ગભરાટ
કડણ=અધરા.
ઉમંગ=ઉમેદ; ઉલટ
આનંદ=સંતોષ હરખ
લોહી=લુછી.
સાંભરતા=યાદઆવતા
જવાબ=ઉત્તર.

પાઠ ૬૪ મો,

આનંદી=મગન;ખુશ.
ધુંધવાતુ=રીસાળ; ચડેલું.
વસમું=અઘરૂં.
પાડોશ=પાસેનું ઘર.
કાયર=હેરાન; દુઃખી.
કેહેવત=કેહેતી; કેહેણી
ગોખી=પાઠ કરી.
પેટભરૂ=ગુજારો કરૂ.
હસમુખી=મગન.
તાજો=કાંટો.
સ્વભાવ=ખાશિયત.

પાઠ ૬૫ મો.

સમસ્યા=ઉખાણો;કોહેડો;ભેદમાંપુછવાનું.
શ્વાન=કુતરો.
સુજાણ=સારીપેઠેજાણીતો.
મૃગ=હરણ.
નર=ભાયડો; મરદ.
ગાળ્યો=ઢાંક્યો.
શોભે=સારો દેખાય.
ઉત્તમ=મોટો; શ્રેષ્ટ.
સજ્જન=સારામાણસ
તાત=બાપ; પિતા.

વીવા=સગપણ;સગા	નિર્બળ=કમજોર.	પંડિત=વિદ્વાન.
ફાળ=કુદકો;છલંગ.[ધ	કોલ=કોયલ.	પૂર્યો=ગોંધ્યો.
ચતુર=ડાહ્યો; શાણો	વસેદરે=દરમાં રેહે.	ચેતજો=જાણજો.
નારી=બાયડી; સ્ત્રી.	પઢતો=ભણતો.	મધુરસે=મીઠા રાગનો.

(કવિતાની સમજુતી.) (૬).

એક નરે નરને ઢાંક્યો, તેથી સરીર સારૂ દેખાય;તેમાંએકતો ઘણો ઉમદા માણસ છે, ત્યારે તમે ચતુર પુરૂષ હોયતો સમજી લેઓ એ શું છે? (જામો).

મોટા કુળથી (દૂધથી)ઉપજી. તેના બાપનો જે બાપ (દહીં બાપ ને તેનો બાપ દૂધ) તેની સાથે સગપણ કર્યું (છાશ નાંખી દૂધ જમાવ્યું) તો તમે શાણા એ વાત સમજો એ શું છે? (છાશ)

કુંદકો મારે પણ હરણ નથી. સસલો પણ નથી ને કુતરો પણ નથી; તેમ મોં ઉચું છે પણ મોર નથી. ત્યારે તમે ડાહ્યા સારી પેઠે જાણીતા સમજી લેઓ એ શું છે? (દેડકો).

રંગે પીળોછે પણ પોપટ નથી, કાળોછે પણ નાગ નથી; તેમ પાંખો છે પણ પંખી નથી, ને તે ઉડેછે ખરો પણ કાગડો નથી; ત્યારે એ શું છે બોલો? (ભમરો).

તે જાતે સ્ત્રી જાત છે પણ કમજોર નથી, કળી છે પણ કોયલ નથી; તેમ દરમાં વસે છે પણ સાપણ નથી, ત્યારે એનો જવાબ બોલો એ શું છે? (તરવાર).

ભણતો પણ વિદ્વાન નથી, ને ગોંધ્યો છે પણ ચોર નથી; તમે ડાહ્યા હોય તો સમજી લેજો, એ મધુર રાગનો છે પણ મોર નથી, ત્યારે એ શું છે બોલો? (પોપટ).

પાઠ ૬૬ મો.	વિદ્વાન=પંડિત.	સુક્ષ્મદર્શક=સુક્ષ્મ તે
પોરા=ઝીણા જીવડાં.	સંખ્યા=કંઇ આંકડો.	ઝીણું, ને દર્શક તે

દેખાડનાર, એટલે
ઝીણીચીજમોટીદેખા
પએવોકાચનોસંચો.
ત્ર=સંચો.
ખાબોચીઉ = નાનો
ખાડો.
અબજ=સો કરોડ.
જેરવે=પચાવે.
ચતુરાઈ=ડહાપણ.
ગળી=એકજાતનો કા
ળો રંગ.
ભેળ્યું=મેળવ્યું.
પારદર્શક=જેમાંથીઆ
રપાર જોવાય તે.
ગળીએર=કાળા.
કુંડાળાં=ચકરડાં.
ભક્ષ=શિકાર.
આમળા=વળ.
સીપ=છીપાળી.
નકશી=કારીગરી
કોહેલી=સળેલી.

પાઠ ૬૭ મો.

વર્ણન=બયાન.
રમણિય=ખુશ લાગે
એવી ખુશનુમા.
ગેંડી=નાની ભેંસના
જેવું જાનવરથાયછે.
પુણ્યશા=ધર્માત્મા.
પ્રખ્યાત=નામીચો.
બાગ=મોટો બગીચો.
ધર્મશાળા=પરદેશીઓ
ને ઉતરવાનોમુકામ.
માંડવી=રવેશ.
મહારાજ=મોટા રાજા
બેડોળ=ઘાટ વગરનું.
વેપારી=રોજગાર કર
નારા; રોજગારી.
બૂડાડે=ડુબાવે.
તોપખાનું=તોપો રા-
ખવાનું ઠેકાણું.
સાહુકાર= પૈસાવાળો
આબરૂદાર ગ્રહસ્થ.

પાઠ ૬૮ મો.

ભદ્ર=ભદ્રકાળી માતા
ઉપરનું મકાન,
મોદીખાનું=સીધું સા-
માન વેચવાની દુ-
કાન.
ઘીકાંટો=જથાબંધ ઘી
વેચવાનું ઠેકાણું.
તમામ=બાલકુલ.
પૂર્વજો=પિત્ર.
કાંપ=છાવણી.
સાહેબલોક=ગોરાલોક.
લસ્કર=ફોજ; સૈન્યા.
હવેલી= ઉંચી બાંધ-
ણીનું ઘર.
અસ્વારી=સ્વારી; હા
થીઉપરનોવરઘોડો.

પાઠ ૬૯ મો.

અરણ=સૂરજ.
ઝગઝગે=તેજ કરે.
જેહે=એક જાતનું મો-
ટું મચ્છ,જેને લોકો
મગરમચ્છકેહેછે તે
જળચર=પાણીમાં રે-
હેનારૂં.
ચરબી = જનાવરના
ચામડાના પાતળા
પડમાંથી જે ચીકણી
વસ્તુ નીકળે છે તે.
વનસ્પતિ=લીલોતરી.
ગુજરાન=ગુજારો.
નિર્મળ=ચોખ્ખું; સાફ
ગરમી=તાપ.
પુષ્કળ=ઘણું [અ
શિખર=ટોચ;ઉપલોભા
જવલ્લે=કોઈ વખત.

બોલી=ભાષા.
લિપી=ભાષા.
ગોરા=સફેદ; ઉજળા.
આછા=થોડા.
માંજરી=ભુરા ડોળાની
ખ્રિસ્તી=ઇશુ ખ્રિસ્તને માનવું તે.

પાઠ ૭૦ મો.

પરોપકાર=પર કલ્યાણ
અભણ=વગર ભણેલા
દરકાર=પરવા, જરૂર.
રળવા=પેદા કરવા.
બરદાસ=બાલાસ.
જ્ઞાન=સમજણ અક્કલ
પાડોશ=પાસેનું ઘર.
ધંધેલાગીશ=રોજગારે વળગીશ.
દેવું=કરજ; રૂણ.
સ્થાપના=મંડાણ.
વખાણ=તારીફ.

પાઠ ૭૧ મો.

સ્વધર્મી=પોતાના ધર્મનો.
ભુંડું=ખરાબ
ભાંડે=ખરાબ બોલે.
ખુલ્લું=ઉઘાડું; સાફ.
સદ્ગુણી=સદાચરણ
લાયક=ઘટારત.
આસામી=માણસ.
પ્રિતી=હેત; પ્યાર.
આજ્ઞા=હુકમ; રજા.
પ્રસન્ન=ખુશ; મગન
વેરી=દુશ્મન; શત્રુ.
કલ્યાણ=સારૂં; રૂડું.
દેશી=વતની; પોતાના દેશનો.

પાઠ ૭૨ મો.

દ્રષ્ટાંત=દાખલો.
કૌવચ=એક જાતના વળતા પાંદડાનું ઝાડ.
મોગરો=એક જાતનું ખુશબોદાર ફુલ.
વાવ્યાથી=રોપ્યાથી.
બેટા=દીકરા.
અગત્ય=જરૂર
મારરૂપી=મારનારૂપનું
મીઠાસ-ભલાઈ;નમ્રતા
ભુલવી=વીસરવી.
અંતે=છેલ્લે; આખરે

પાઠ ૭૩ મો.

ભલુંભુંડું=સારૂં નઠારૂં.
આશ=આશા.
વંદન=નમસ્કાર નમવું.
નિંદક=ચગલીખોર.
સાલસ=સારો નમ્ર.
પડછંદો=પડઘો આળો પડછાયો.
માનવી=માણસ.
કદાપી=કોઈ વખત.
લેશ=જરા.
પ્યાર=હેત;ચાહના.
ખાર=અદાવત; વેર.
દોષ=ઠપકો.
ચઢાવીએ=દઈએ.
સુણો=સાંભળો.
નંદો=બદબોઈ કરો.
ખંધુ=લુચ્ચું.
ગંદુ=ગોબરૂ.
વદે=બોલે.
જન=માણસ સખસ.
તુર્ત=તરત; ઝટ.

(કવિતાની સમજુતી.) (૭).

લોકોમાં પ્યાર મેળવનારા મોગરાનાં બી જેવા (બી હોતા

નથી ફુલ જેવા) માણસના મીઠા બોલ, તેમજ પ્યારમેળવનારા કૌવચના બી જેવા (બી હોતા નથી ફાફડા જેવા) કેજે જરા ડીલે લગાડીએ તો ખજવાળ આવે ને લાલ ચકામાં પડી રેહે તેવા કડવા બોલ કહીએ; મોગરાની કલમ કાપીને વાવીહોયતો તેમાંથી કૌવચ નઉગે, તેમજ કૌવચ વાવી હોયતોતેમાંથીમોગરો ઉગશે એવી જરાએ આશારાખવી નહી (એટલે કોઈનું ભુંડું કરીશું તો તે ભલું કરશે એવી આશા થોડી); તે માટે એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ, કે જેવાં બી વાવીએતેવાંજ ઝાડ ઉગેછે. લોકોની પ્રીતિ કે પ્યાર મેળવવો એનોઈલાજ આપણા હાથમાંછે, તે માટે દલપતરામ કવિ કેહેછેકે (દુનિઆના લોકને તેટલા સારૂ ઠપકો ન દેવો. (૧).

નમસ્કારનો શબ્દ કહીને નમસ્કારનો શબ્દ સાંભળો ને જો તમે કદી કોઈની નિંદાકરો તો તમે ચુગલીખોર કેહેવાઓ; સભ્યતાનો શબ્દ કહીને સભ્યતાનો સાંભળો. લુચ્ચો કહ્યાથી તે તમને લુચ્ચો કેહે; ચોખ્ખો શબ્દ કહીને ચોખ્ખો શબ્દસાંભળો ગોજો કહ્યાથી તે તમને પાછો ગોજો કેહે; માટે માણસો એક બીજામાં જેવા સામસામા શબ્દ બોલે, તેવાજ તુરત તેનો પડઘો પડે, (એટલે)સામો માણસ પણ તેવુંજ બોલે. (૨).

પાઠ ૭૪ મો.

લક્ષ=ધ્યાન.
ઓલાદ=વંશ; કુળ.
મિનારો=એક જાતની ગોળ ઉંચી પોલી છોથી બાંધેલી ઇમારત
પક્કો=ખરો;સાબિત.
નાનપણ=બચપણ.
ઉછરેલો=મોટો થયેલો.
અવસ્થા=હાલ;હવાલ
વેઠતો=ખમતો;સેહેતો.
હોંશિયારી=ખબરદારી; ચાલાકી.
જોમ=દાવ; તાસ.
દરજ્જે=પદવીએ;જગે
હકુમત=સત્તા;હાકમી.
ખુબસુરત=રૂપવંતો.
મૂળ=કારણ; નખોદ.
મહા કાળેશ્વર=મોટી કાળકા માતા.
કુતબ મિનાર=કુતબુદ્દીનનો મિનારો.

પાઠ ૭૫ મો.

દઢ=પક્કો; ખચિત.

બંડ=હુલ્લડ;બળવો.
બદચાલ=ખરાબચાલ
બખેડો=હુલ્લડ.
અમલ=સત્તા; અખ-
ત્યાર.
આધીન=તાબે; વશ.
દમ=હોસ; રામ.
રામ=દમ; જોર,
સ્ત્રી=બઇરી; બાયડી.
રક્ષણ=સંભાળ;બાલાસ
બેગમ=બાદશા કે ન-
વાબની ધણિઆણી.
રાજ કાજ = રાજનું
કામ કાજ.
આડો આંક=બેહદ.
ઇનસાફ=ફેસલો.
અમીરો=મોટામાણસ
સંકટ=દુઃખ;આપદા.

પાઠ ૭૬ મો.

પુસ્તકો=ચોપડીઓ.
લખામણી=લખાઈ.
ફકીરી=ફકીરના જેવી
ખોટ=ચૂક; ભૂલ.
ફેરફાર=સુધારો; બદ-
લવું તે.
અક્ષર=હરફ;દસ્કત.
મૂળથી=પેહેલાંથી.
દૂભાવાય=દુખાવાય.
ફેરવ્યા=બદલ્યા.
વજીર=પ્રધાન;દીવાન
એક=સાથે; ભેગા.
ઠેરવ્યો=મુકરર કર્યા.
સત્તા=અખત્યાર.
બૂમાટ=પોકાર;સોર.
ઓલવી=મટાડી.

પાઠ ૭૭ મો.

એલચી=વકીલ.
સન્માન=માન;આબરૂ
વિસામો = આરામ;
વિશ્રામ.
દાવો=હક.
ખૂંચી=છીનવી.
આશરો=છાયાં;કુમક.
કવિ=કવિતાબનાવનાર
અશીલ=નરમ;સાલસ
ગણકારે=પતકરે.
નિર્દયપણે=ઘાતકીપણે
ગરદન માર્યા=ઠારકર્યા
નીવડે=નીકળે.
અણબનાવ=બેબનાવ

પાઠ ૭૮ મો.

ભાગ=કમબખ્તી.
સલાહ=વિચાર; મત.
ઊંધી=ઉલટી.
બંભેર્યા=કાન ભરીને,
શીખવ્યો.
એશ આરામ=મોજ-
શોખ.
ઉદાસ=દલગીર.
નાદાન=અણસમજુ.
મતિ=વિચાર; બુદ્ધિ.
દિવાન=પ્રધાન.
દગો ફટકો=છળભેદ.
હોશ=ગાતર, રામ.
છીનવી=ખૂંચી.

પાઠ ૭૯ મો.

સહવાસ=પરીચય.
બળવો=હુલ્લડ; ડંગો.
અધિકાર=દરજ્જો.
અમીરી=મોટા માણ-
સના; ઊંચા.
ખાનદાન=ઊંચું કુળ.
વારામાં=વખતમાં.
ફતેહ=જીતણી; જીત.
કદો=હરડતો.
શિક્ષા=સજા.
દયાળુ = રેહેમ નજર
વાળા.

કોમળ=કુમળા; નાજૂક
અપરાધ=ગુનો; વાંક.
બુદ્ધિમાન=અક્કલવંત
ઝાંપો=દરવાજો.
કુંવર=રાજાનો છોકરો.

પાઠ ૮૦ મો.

કુપાત્ર=નઠારો છોકરો.
અણઘટતું=નાલાયક.
તકશીર=વાંક અપરાધ
પરાજય=હાર.
ફિતુર=ઢોંગ કરનારો.
ગુનેહગારો=અપરાધી
જાસ્તી=વધારે ઘણું.
પચાવી=દબાવી.
ધોરી=શરીઆમ.
કેવળ=બીલકુલ તદન.
ઠંડા=ધીમા; ટાઢા.
ગડબડ=તોફાન.
મટાડીને=દૂર કરીને.
આડ=હદ; સીમ.
સમાચાર=ખબર.
વચગાળે=મધ્યભાગે

પાઠ ૮૧ મો.

દ્રવ્ય=પૈસો; ધન.
ઝવેર=હીરામાણેક વગેરે.

દરશન=દેખવું, ઝાંખી
બેસુમાર=ઘણોજ.
ખોટ=જુઠી, બનાવટની.
ગુણો=ગુણપાટની કોથળી.
મદદ=કૂમક.
નિભાવ=ગુજરો.

પાઠ ૮૨ મો.

વિશ્વાસઘાતી=ભરોસો આપી દગો દેનાર
કાળજુ=હૈયું, હૃદય.
ભુંડાશ=બૂરાસ, વેર.
ઉમરાવો=અમીરો.
નિશ્ચય=નક્કી; ઠરાવ
અતિશે=ઘણો; બહુ.
ભરોસો=વિશ્વાસ.
વેહેમ=શક; સંદેહ.
ઉલટો=સામો.
સાન=ઇસારત.

પાઠ ૮૩ મો.

ચઢિઆતો=ચડતો; સારો.
લેખુ=હિસાબ; ગણતી
ગ્રેટબ્રિટન=અંગ્રેજ લોકોનો દેશ (ઇંગ્લાંડ, સ્કોટલંડ, ને વેલ્સ મળીને થયલો.)
ડાંગર=ભાત.
નીપજે=પાકે; પેદાથાય
વચ્ચોવચ્ચ=બરાબર વચમાં વચગાળે.
સુરંગ=નેહેર.
આવજા=આવવુંજવું
નામાંકિત=પ્રખ્યાત; કીર્તિવંત; નામીચો.
દર=હર; એકેક.
વસ્તી=વાસો, મુકામ.

પાઠ ૮૪ મો.

માહારાણીજી=મોટા રાણી સાહેબ.
અચળ=જે ખસેનહીં તે; હમેશાં કાયમ.
કરુણા=દયા.
કુશળ=તાજગી ખુશાલ
વિધવિધ=તરેહતરેહ.
સંહાર=નાશ; ઘાણ.
હામ=હિમ્મત.
વિજ્યાકુંવરી=વધારે જશવાળી છોકરી
અમરવેલ=મરે નહી એવા વેલો.

કૃપાનાથ=દયા રાખ-
નાર ધણી.
અખંડ=ખાંડો નહીં
તે; આખો.
સોહાગ=શોભાગ શ-
ણગાર.
પરિવાર=કબીલો વંશ
દીપાડવો=શોભાવંતો.
સમાજ=મંડળી સભા
અફળ=ફોકટ; મિથ્યા
વડી=મોટી.
કૃપા=મેહેરબાની.
હૈડું=દિલ, મન; હૈયું.
હર્ષ=હરખ; ખુશી.
કલ્યાણ=સારૂ; રૂડું.

દિનદિન=દાહાડેદાહાડે
ચઢતીકળા=આબાદા
ની; આબાદી.
સંહારજો=નાશકરજો.
દુષ્ટ=પાપી; ખૂની.
વિજય=વધારે જશ.
જગપતિપણું= દુનિ-
યાનું ઉપરી પણું.
અખુટ=ખુટે નહી તે
ટલી, ઘણીજ.
સમય=વખત; વેળા
સહાય=મદદ.
કષ્ટ=દુખ; સંકટ.
કૃપાનિધી=દયાનો ભં
ડાર.

ઉપજ્યો=થયો.
અથાગ=જેનો થાગ
નહી; ઘણોજ.
જગ=જગત; પૃથ્વી.
ન્યાય=ઇનસાફ.
સુજશ=સારોજશકીર્ત્તિ
જામજો=પથરાજો.
ગુણીજન=ગુણ વાળો
દયાવંત=દયા વાળો.
દિસેછે=દેખાયછે.
રાજસમાજ=રાજ મં-
ડળી; રાજસભા.
રક્ષા=રક્ષણ; સંભાળ.
જયજયકાર=જશજશ
નીવાણી;ફત્તેહફત્તે.

(કવિતાની સમજુતિ.) (૮).

હે પ્રભુ! હમે એટલું માગીએ છીએ કે, મોટી દયાલુ વિક-ટોરિઆ રાણી ઘણાં વર્ષ જીવો; તમો કરૂણા કરીને એટલું આપો કે હમારા દિલમાં પુરો હરખ પામીએ (વિકટોરિઆ ઘણાં વર્ષ જીવો). (૧).

સદાકાળ એની હકુમત હમારા પર રાખજો. અને દયા લાવી એનું રક્ષણ કરી કલ્યાણ કરજો; દાહાડે દાહાડે એની આબાદાની થઇને દોલત વધજો; જેથી કરીને એ ઘણી કીર્ત્તિ પામો (વિકટોરિઆ) (૨).

એના સઘળા દુશ્મનોનો ઘાણ વાળજો, પાપી માણસના

મેહેનત ફોકટ જજો; એ વધારે જશવાળી કુંવરીનો વધારે જશ વધારજો. જે કે દુનિઆનું ઉપરી પણું ચલાવવા જોગ છે. (વિકટોરિઆ). (૩).

પ્રભુ તું ખૂટે નહીં તેટલી દોલત એને આપજે, ને સઘળા વખતે એની મદદમાં રેહેજે; હે દયાના ભંડાર ઇશ્વર એના સઘળા દુઃખ કાહાડી નાંખજે; કે જેની કીર્ત્તિ જગતમાં ઘણી થાય. (વિકટોરિઆ). (૪).

એના રાજમાં માણસ સુખી થયા. સદાકાળ એનો શોભાગ આખો રેહેજો (ખંડિત થતો નહીં); જેથી કરીને જુલમના દુઃખ દુર થયાં, ને મનમાં અથાગ હરખ ઉપન્યો.(વિકટોરિઆ).૫

આખી પૃથ્વીપર સદાકાળ એ કાયમ રેહેજો. એનો ઇનસાફ સદા વાજબીજ છે; એનો સારો જશ જગત મધ્યે પથરાજો, કે જે ગુણવાન માણસ પુસ્તકમાં લખી જાય. (વિકટોરિઆ).(૬.)

જેના સદ્‌ગુણ રાજનું મંડળ. દયા ભરેલું મઝાનું દેખાવડું જણાય છે; એને ચિત્તે ચોગણી હિમ્મત વધજો, ને માહારાજ (ઇશ્વર) એનું સારૂં રક્ષણ કરો. (વિકટોરિઆ). (૭).

જેનો નાશ નહીંજ થાય એવો જેમ વેલો વધે, તેમ એનો પરિવાર વધજો: દલપતરામ કવિ કેહે સઘળા સારા માણસો, બોલો એકવાર વિકટોરિઆ રાણીની જે, જે, જે. (વિકટોરિઆ).(૮.)

....

પાઠ ૮૫ મો.

ફુટડાઇ=શોભા.

ટાપટીપ=તાલ મેલથી શણગારવું તે.

જંગલી=બેવકુફ;મૂર્ખ.

અજ્ઞાન=વગર કેળવાયલા; ભોળા.

હોંસેહોંસે=ઉમંગથી.

ડોળ=ચેહેરો; ભપકો

જન્મથીજ= અવતરે ત્યારથીજ.

ચોખડા=ચોડા.

ડાંમ=ધગ ધગતા લોઢાનો ઉનો ચપકો.

પાઠ ૮૬ મો.

શિકલ=મોંનો ચેહેરો

નામાંકિત=નામીચો.

કદરૂપાં=બેડોળ.

કસર=ખામી.
વેહ=કાણું; છિદ્ર.
ચોબું=ચેડેલું; ચપટું.
રૂપાળું=દેખાવડું.
બૂટ=કાનની લાલી ઉપરનો વચગાળેનો ભાગ.
વજન=ભાર; બોજો.
દુઃખી=હેરાન; કાયર.

પાઠ ૮૭ મો.

કરોડ=બરડાની વચમાંનું હાડકું.
પાંસળીઓ=પાસા તરફની હાડકીઓ.
દરદ=દુખાવો; કળતર
સણકા=ચસકા.
હડપચી=દાઢી આગળની જગો.
મેશ=કાજળ.
ટપકાં=છુંદણાં.
નીચ વર્ણ=હલકી જાત; હલકા લોક.
વેદના=દુઃખ; આપદા.
ખોટ=તંગાસ; તોટો.
મેખો=રેખો.

પાઠ ૮૮ મો.

ચોઘડીઉં=ચાર ઘડીનો વખત.
ગ્રહસ્થો=મોટા માણસ
આરસ પાહાણ=આરસનો પથ્થર.
માનતા=બાધા; આકીન; નીમ.
સિંહાસન=ગાદી; (સિંહનું આસન.)
દેવલ=દેરૂં; મંદીર.
સૈકો=સેંકડો.
સ્તંભ=થાંભલો.
સલાટ=પથ્થર ટાંકનારા કડીઆ.
દાંતા=ગુજરાતની ઉત્તરે એક ગામછે.
રાણા=રાજા.
જનવાણુ=જનવાવાસો.
ભેટ=નજરાણું.
કર=વેરો.
પાળિઆ=કારણ; કાર.
આબુ=ગુજરાતની ઉત્તરે એક પર્વતછે.

પાઠ ૮૯ મો.

જ્વાળા=બળતા; આગ
કમાણી=રળતર કમાઈ
દશાંશ=દસમો ભાગ.
નગરશેઠ=શેહેરનો શેઠીઓ.
ગુમાસ્તા=વાણોતર.
બારસાખ=બારણાસાથેનું ચોખઠું.
લેખ=દસ્તાવેજ.
દર શાલ=હર વરસ.
અર્પણ=આપવું; ચડાવવું.
ગબ્બર=ડુંગરો પર્વત
જબ્બર=જબરો.
ચઢાવ=ચઢતો ઢોળાવ.
જ્વાળામુખી=બળતામાંનો પર્વત.

પાઠ ૯૦ મો.

માયાળુ=દયાળુ.
ભાઈબંધી=દોસ્તી.
ભાઈબંધ=દોસ્તદાર.
વાંક=તકસીર; ગુનો
વેર=બીલસ.
નમીએ=વાંકા વળીએ
ઈલાજ=ઉપાય.
આપસ્વાર્થી=પોતાની મતલબના; ગરજુ
પરવા=દરકાર; જરૂર

સોબતી=સાથી.
પરગજુ=પરકલ્યાણી.
દયાળુ=માયાળુ.
ગોઠીઆ=મસલતીયા
મોટા=ઉદાર; સખી.
દોષ=અપરાધ; પાપ.

પાઠ ૯૧ મો.

રમુજી=ગમતપડેએવી
ખડખડાટ=અવાજ.
બીનાં=બીધાં.
હિમ્મત=છાતી.
છાજલી=છાપડી.
ભચડાઈ=દબાઈ, ક ચડાઈ.
ઘાટ=આકાર, ડોળ.
ચતુરાઈ=ડાહાપણ.
ફસાઈ=કબજે આવી
ધાસ્તી=બીક; ડર.

પાઠ ૯૨ મો.

ભોજનક્રિયા=જમવાની તરેહ-રીત.
સાહેબલોક=અંગ્રેજ. લોક; ગોરાલોક.
તરેહ=રીત; યુક્તિ.
અણીદાર=અણીવાળી
અવગડ=અડચણ-
નરમ=પાણી જેવો.
વેળા=આપદા. (ક.
ઘરધણી=ઘરનોમાલિ
ફાવતું=ઠીક પડતું.
ટગરટગર=એકીનજરે
કકડીને=ઘણીસખત.
ધ્રેસ=ભડકું.
ધુણાવ્યું=હલાવ્યું.
ગટગટાવી=ઠાંસી; પી.
તરેહવાર=અજબ.

પાઠ ૯૩ મો.

ચોરસ=ચોખંડા.
પરોણો=પરદેશી ઉ-તરેલો તે.
મેજ=ટેબલ.
ફાડીને=ચીરીને.
ઠાલવી=ખાલવી.
ખુમચા=મોટી થાળી જેવું છાબડૂંવાસણ.
કાવો=ઉકાળો.
મોળી=ગળપણવગરની
સુરંમ=સુગંધ; વાસ.

પાઠ ૯૪ મો.

સંઘ=જાત્રાજનારટોળુ.
ટુંક=શિખર; ટોચ.
રળિઆમણો=શોભા-
વંતો; સારો.
મોકળો=પોહોળો.
આનંદ=હરખ;સંતોષ.
ઘાટ=ઓવારો;આરો.
વિસામા=વિશ્રામલેવા નાં ઠેકાણાં.
વગડો=રાન; જંગલ.
નામીચા=પ્રખ્યાત.
ધનવાન=પૈસાદાર.
શિલાલેખ=પથ્થર પર કોતરેલો દસ્તાવેજ.
હરસાલ=વરસોવરસ.
ઉચકો=ઉધડમાપ ઠે-રવેલી રકમ.
પુજારા=પુજાકરનારા
રાતવાસો=રાતનો મૂ-કામ;રાતનો પાડાવ.
ઠાકોર=રાજા; રાણો.
સદાવ્રત=ધર્માદાસીધું સામાન આપવાનું મોદીખાનું.
મરકી=મરવાનો રોળ.

પાઠ ૯૪ મો.

ભુમધ્ય=જમીનની વ-ચમાં આવેલો.
રેતાળ=રેતીવાળી.

રણ=રેતીનું મેદાન.
વાયરો=પવન; વા.
જવલ્લે=કોઇ વખત.
ઝાડપાન=ઝાડપાલો.
વાડી=ઝાડપાન વાળી જગો.

પાઠ ૯૬ મો.

સારે=પૂરી પાડે.
સાલ=વરસ.
પૂલ=રેલ.
કાંપ=કચરો.
શામળા=કાળા.
સીધી= હબસી.
કદરૂપા=બદશીકલના
નિમકહલાલ=ખાધેલા અન્નનો ઉપકાર કરનારો.
કેપ=ભુશીર.
હિંસારા=હત્યાકરનારા
ઝોળેઝોળાં=ટોળેટોળાં.
ખૂની=ઘાતકી;નિર્દય.

પાઠ ૯૭ મો.

પિતા=બાપ; તાત.
શેવા=ચાકરી;બરદાશ
છડો=એકલો.
છોટો=નાનો.
પાળીપોષી=ખવડાવી પીવડાવી.
આભાર=ઉપકારપાડ.
અંતર=દિલ; મન.
ભેદ=સમજણ;કારણ
કોટીકોટી=ઘણી ઘણી.
કાયા=શરીર દેહ.
છત્ર=ઢાંકણ.
પ્યાર=હેત; ચાહના.
અત્યંત=ઘણો;ખૂબ.
પાજી=નઠારો; કપૂત.
વડા=મોટા.
રાંક=ગરીબ; અનાથ.
સ્નેહ=હેત; પ્યાર.
દેહ=શરીર; કાયા.

(કવિતાની સમજુતી). (૯).

જ્યારે હું છેક નાદાન નાનો છોકરો હતો, ત્યારે પિતાજી તમે મને પાળી પોષીને મોટો કીધો; તે વખતે સારી રીતથી મને ખુશી ને ખુશી રાખતા; હવે એ તમારો પાડ હું કેમ વીસરૂં (૧).

જે વખતે હું નાનો હતો તે વખતે છાતીએ ચડી તમારી મૂછ ખેંચી. ત્યારે તમે દિલમાં જરાપણ રીસ નોહોતી આણી; જે મેં મોહોડે કહ્યું તે બધી વાતની હા હા કહી; હવે એ તમારો૦(૨).

મને સારી શીખામણ દઈને સુધાર્યો, અને વિદ્યા શીખવીને વિવેકથી વધાર્યો; તેમ મને બધી વાતની સમજણ બરાબર આપી, હવે એ તમારો૦ (૩).

તમારી કાયા પર મારે વાસ્તે ઘણું ઘણું દુઃખ વેઠ્યું, મને

છાતીએ દાબીને મારી આસનાવાસના કીધી; ને ખરા ભાવથી મારા ઉપર હેત રાખતા, હવે એ તમારો૦ (૪).

મને જોતા ત્યારે મનમાં ઘણો સંતોષ પામતા, ને જે વસ્તુ મોહોડે મેં માંગી તે તુરત લાવી આપતા; જે નઠારો છોકરો હોય તેજ એ તમારો ગુણ ભુલે, તો હવે એ તમારો૦ (૫).

મારાથી કંઈ ખોટું કામ થાય ને મટા ગુનામાં આવુ તો નાદાન જાણી શિક્ષા કરવાને બદલે તમે મારાપર દયા લાવતાં; ને પ્રિતીન ઊતારતાં મારા અંગને કંઈપણ દુઃખ ન દીધું. હવે એ તમારો૦(૬)

પાઠ ૯૮ મો.

લાવ=લાવો; લાભ.
સજવું=રચવું.
નિરખવું=જોવું.
જગંનાથ= જગતનો ધણી; ઈશ્વર.
હયાતી=જીન્દગાની.
સેવના=સેવા; ભક્તિ.
ભાગ્યશાળી= નસીબવાન; નસીબવાળો.
તુચ્છ=હલકો; નીચ.
ટાળી= મટાડી.
જનો=માણસો.
વધ્યે=વચ્ચે; માંહે.
સજ્યા=બનાવ્યા.
નેત્ર=આંખ;લોચન.
નીર=પાણી.
ઉરે=દિલે; હઈએ.
ભાવ=ચાહેના; હોંશ.
પિતુ=બાપ; તાત.
શુભ=સારૂં, મંગળીક.

(કવિતાની સમજુતી). (૧૦)

મને ભણાવી ગણાવી નસીબવાન (લાહેર) બનાવ્યો, ને મારી ખરાબ તોછડી આદત મૂકાવી; જેથી કરી લોકોમાં મારી આબરૂ ફેલાઈ ગઈ, હવે એ તમારો૦ (૭).

મેં આ સારો (ઉપભોગ) ઓરીઓ લીધો ને હવે જે લઉછું' તેનો આભાર બધો પિતાજી તમારો માનુંછું. એ બધા ઉપાયો મારા સુખને સારૂ તમે રચ્યા છે, હવે એ તમારો૦ (૮).

તમારી આંખોમાં પ્યારના આંસુ લાવીને મને જોતા. ને પોતાના કલેજા સાથે લગાવીને દાબતા; તે વખતે મોહોડે મીઠા

શબ્દ બોલતા, હવે એ તમારો૦ (૯).

હું આજ સુધી નાદાન બચ્ચું ને અજાણ્યો હતો. તેથી તમારો ગુણ મેં મનમાં એકે જાણ્યો નથી; આજ હું હવે જાણીતો (મોટો સમજણો) થયો છું, હવે એ તમારો૦ (૧૦).

જગતનો ધણી જે ઇશ્વર તે જો મને હયાત રાખે, અને મારી ને તમારી જીંદગાની સલામત રેહે; તો સાચે ભાવે નિરંતર તમારી સેવા કરૂં, હવે એ તમારો૦ (૧૧).

હોંસથી ભણીને આ સારા છંદ ગણી રાખે, તો પિતાની સેવા કરવાને નઠારા થશે નહીં; સારૂં જ્ઞાન મેળવીને પછી સારે કામે લાગશે, ને આ સારા છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે.(૧૨).

પાઠ ૯૯ મો.

વેરીઓ= દુશમનો.
ઘાતકી=નિર્દય; ખૂની.
શિકાર=ભક્ષ.
લાગ=દાવ; તક.
બેશુદ્ધ=ભાન વગરનો.
ઉડાડી=ફેલાવી.
નીમકહરામી=ઉપકારને બદલે અપકાર કરવો તે.

પાઠ ૧૦૦ મો.

ખોરાક=હંમેશા ખાવાનો પદાર્થ.
અદેખાઇ=ખાર; ઇર્શા
નિર્દય=દયા વગરનો.
વાઘેલા=સોલંકી.

પાઠ ૧૦૧ મો.

વજીર=પ્રધાન; દીવાન
પાધર=સીધો; પાધરો.
કુલ=બધા; તમામ.
કાપુર=લુચ્ચો, આદમી.
મજલ=વાટ, ટપ્પો.
પાટવી=ગાદીનો અધિકારી; મોટો.

પાઠ ૧૦૨ જો

ફુરસદ=નવરાશ.
ઉગમણ=પૂર્વ દિશા.
ખંડણી=ચોથ; કર.
આવકાર=આદરમાન
ચડાઈ=હુમલો.
સમાધિ=આખર છેડો
સિંહલદ્વિપ=લંકાબેટ.
પડતીદશા=નબળો દહાડો; બેકી.

પાઠ ૧૦૩ જો

નિમકહરામ=ધણીનું અન્ન ખાઇને તેનું ભુંડું કરે તે.
વિશ્વાસ=ભરોસો.
અવિશ્વાસ=બીનપતીજ, ભરોસો નહીં તે.
ઘરડપણ=બુઢાપણ.
કલેશ=કજીઓ કંકાશ.
પંડિતો=વિદ્વાન.
અહંકાર=અભિમાન

બુદ્ધિવાન=અક્કલવંત.
આબાદી=ચડતી.
ખાનપાન=ખાવુંપીવું; ખોરાકી–પોષાકી.
નીમ=હદ; સુમાર.
સપરમે=સારે ટાણે.
ગુલામગીરી=ચાકરડા પણું; દાસપણું.

પાઠ ૧૦૪ થો.

મારા=કસાઈ;મારના.
માલિક=ધણી. [રા.
કાચા=નબળા.
નીવડત=નીકળત.
રંડીબાજી=વેશ્યાનો સંધ કરવો તે;છીનાળું
મોજશોખ=ચેનબાજી
લપટાઈ=વીટલાઈ;ફસાઈ.
સમાવતાં=નરમપાડતાં
રીબાવીને=દુઃખ દઈને
નીર્દયપણે=ઘાતકીપણે.
કારભારે=મુખ્ય કામકાજ.
સંતોષ=આનંદ,હરખ.
વગના=તરફેણના.
નસંતાન=સંતાનાસ; નખોદ.

પાઠ ૧૦૫ મો.

રંગમેહેલ=રંગતાનકરવાનો મોટો મેહેલ.
દેવડી=મથક;મકાન.
ઓલાદ=વંશ; કુળ.
દુવાઈ=આણ.
નીતિ=રીતસર ચાલવાનું ધોરણ.
ગડબડ=તોફાન.
બંદોબસ્ત=ગોઠવણ.

પાઠ ૧૦૬ ઠો.

સુબેદાર=સગદાર;પલટણનો ઉપરી
કાયમ=બાહાલ.
મેળાપ=મુલાકાત.
ભાગજોગે=એકાએક.
કાવતરૂ=દગો.
ઓચિંતો=એકાએક.
બનાવ=હકીકત.

પાઠ ૧૦૭ મો.

ગોળાર્ધ=અડધો ગોળ.
વાહાણવટી=નૈકા શાસ્ત્રના જાણનારા.
સમશ્રાત=સરખો.
શુમારે=આસરે.
વળગીને=ખાઝીને.
કડકા=ભાગ.
ખબરદાર=હોશિયાર.
ખરેખાત=સાચેસાચ
ઢગલે ઢગલા=ઘણુંજ.
નીપજ=પાક; પેદાશ.

પાઠ ૧૦૮ મો.

અજ્ઞાની=અણસમજુ ભોળા;વગરશીખેલા
ભૂત=પીશાચ.
ઝોડઝપાટ=સપડાવું.
નજર=દ્રષ્ટિ.
પ્રકાર=રીત; તરેહ.
સમજુ=દાના સમજણા; વિચારવંત.
કરડી=આકડી.
ગંધ=ખરાબ વાસ.
ધગધગતા=ઉના ઉના.
અંગારા=દેવતાના સળગેલા કોયલા.

પાઠ ૧૦૯ મો.

પ્રયોગ=કરી જોવું;અભ્યાસ કરવો તે.
મંછા=ઈચ્છા.
શંકા=વેહેમ.
ગીસ=કીકીઆરી.

લગડી=ઢાળકી.
ચડઃ્ાયો=ઓજો.
કેસર=ખામી.
પરસેવો=પસીનો.
યુક્તિબંધ=તદબીરની સાથે; હીકમતથી.
ખબરદારી=હોંશીયારી
ચોકશી=બારીકતપાસ
ડાકણ=ચૂડેલ.

પાઠ ૧૧૦ મો.

વંત્રી=ડાકણ; ચૂડેલ.
આણ=દુવાઈ.
રોણ=તોફાન.
ભાવસાર=જૈન ધર્મ પાળનાર હિંદુલોક.
મધરાત=વચલી રાત
ચાંદરણું = ચંદ્રમાનું અજવાળું.
ધ્રૂજવા=કાંપવા; થરથરવા, બીહીવા.
હામ=હિમ્મત; છાતી.
ચોકીવાળા=પોહેરેદાર; ચોકશી કરનારા.
ડામચિઓ=માચડો.
સ્વામી=ગુરૂ; ઉપદેશી.
શોર બકોર=અવાજ.
વિગત=તપસીલ.
વિખ્યાત=નામીચું.
મશાણ=સ્મશાન.
ફાસફરસ=હવામાંખુલ્લો મૂક્યાથી જલદી સળગીઉઠે એવા એક પદાર્થનુંનામ.

(કવિતાની સમજુતી). (૧૧).

પવન આવ્યાથી નેવાં આગળનું નળીઉં ખસીને હેઠે પડયું તે જોઇને કુતરૂં ભસવા મંડયું.ત્યારે ત્યાં ઘણો હોહાકાર થઈ રહ્યો; ત્યારે માંહે કોઈ કેહેવા લાગ્યો કે હા મેં ચોર દીઠોતો;પછી એ વિષે જાણીતી તપાસ ધણીએ કરે. (પણ તેમાંનું શું!) તો એ પ્રમાણે અખો સ્વામી કહેછે કે ભાઈ વેહેમની એવી વાત સમજવી.

પાઠ ૧૧૧ મો.

વશીકરણ=વશ કરવાનો મંત્ર.
અપશુકન=ખરાબ નિશાની;ખરાબશુકન
શુકન=ચિન્હ;નિશાની
પોગળ=પોલું; જૂઠું.
ભવો=ભૂત પીશાચ ડાહાડનાર ઢોંગી.
શીખાઉ=ચેલો.
ચોટ=ખેલ.
અજમાવી=વાપરી.

પાઠ ૧૧૨ મો.

હરતાળ=એક જાતની પીળા રંગની ધાતુ.
કાળ=મોત.
અડતાં=અડકતાં.
ખાલ=છાલ; ચામડી.
ગાણા=ગાયણ;સારંગી નરઘાંથી ગાવું તે.
કુડાં=નઠારાં; ખરાબ.
આળ=તોહોમત.
અગ્નિ=દેવતા.
ઝાળ=આંચ.

લખમી=પૈસો.	છછુંદર=ચેણ.	છૂટ=જગો; બારી.
વાસીદું=કચરો; પુંજો.	છીંડુ=વાડકે ખેતરમાં જવાનો રસ્તો.	ફાંસ=સરાક.
તાલ=મજા; રમુજ.		થાભ=પાર; છેડો.

(કવિતાની સમજુતી). (૧૨).

આજમાં જેમ કાચો (માર્યા વિનાનો) પારો ખાવો તેવું ચોરીનું ધન છે; કાચી હરતાલ ખાવી તેવો ચોરીનો માલ છે.(૧) માથા ઉપર જેમ મોત ભમેછે તેવો ચોરીનો માલછે; કૌવચ લાગેથી ખાલ ઉપડે (ચેળ આવે) તેવો ચોરીનો માલછે.(૨). ગાયન ગાતાં કે સાંભળતાં હોય ત્યાં આવીને કોઈ નઠારા શબ્દ બોલે તેવો ચોરીનો માલછે. (૩). દેવતાની કેવી ઉની ઝાલ લાગેછે તેવો ચોરીનો માલછે; કોઈ સખસ જીવતી માખ ગળે (તે પેટમાં રેહે નહીં) તેમજ ચોરીનો પૈસો કોઈને પચે નહીં. (૪). આખા કોળાનું શાક નહીં થાય (મોળેલા કોળાના શાકમાં આખું કોળું ભુલથી જાય નહીં) તેમ કચરો વાળતાં ભૂલમાં સાંબેલું કાહાડી નંખાય નહીં; અને જો કાહાડી નાંખીએ તો જોવા જેવો તમાશો થાય તેવો ચોરીનો માલછે.(૫) સાપ છછુંદરને મ્હોડામાં ઘાલેછે. હવે જો તે ગળી જાયછે તો સાપ મરી જાયછે, ને જો સાપ તેને છોડી દેછે તો આંધળો થાયછે તેવો ચોરીનો માલછે. (એટલે એ માલ રાખે તોપણ દુઃખ ને બીજાને આપે તો પણ દુઃખ થાય છે). (૬). છીંડુ એટલે જવા આવવાનો રસ્તો માળી મોટો રાખે અથવા જવા આવવાની છૂટ રાખે તો બકરૂં કાહાડતાં ઊંટ પેસે (કરવા જાય કંઈ પાકુંનો થઈ જાય કંઈ વાંકું), સરાક કાહડતાં કંઈ મોટો ખીલો પેસી જાય (સાત સાંધે તો તેર તૂટે, તેવો ચોરીનો માલછે. (૭). ચોરીનો માલ કંઈ રાતદાહાડો છાનો રેહે નહીં. તેની વાત તો વા લઈ જાય; જેમ બિલાડી મોંબામોંબ

ઉતરી જાય, તેમ અટકાવ કરતાં તેનો પાર આવે નહીં.(૮).

પાઠ ૧૧૩ મો.

પ્રસિદ્ધ=નામીચા.
ધામ=જગો; ઠેકાણું.
રચના=શોભા.
ઢાળીઆં=ઢળતાં છાપરાંની અડાળી.
ગૌશાળા=ગાય બાંધવાના ઠેકાણાં.
રસોડું=રાંધણી.
નગારખાનું= નગારા વગાડવાની જગો. નોબતખાનું.
ચોકશી=ચોડા પથ્થર.

પાઠ ૧૧૪ મો.

સિંહાસન=ગાદી; તખ્ત.
ઝાકઝમાળ=ચળક ચળક; તેજદારદેખાવું
છપર ખાટ=છપર પલંગ.
શણગાર=લુગડાં ઘરેણાં વગેરે ભૂષણ.
માણેકઠારી=આસોસુદ પુનેમનો દિવસ.
તલપૂર=જરાક.
ખરીદી=વોહોરત.

પાઠ ૧૧૫ મો

અંગે=તાબે; હવાલે.
સારેછે=પુરી પાડે છે.
આર=ઓવારા; ઘાટ.
કમળ=એકજાતના ફુલ તળાવમાં થાયછે
દેવસ્થાન=દેવનું ઠેકાણું
સાધુ=બાવા, વેરાગી.
વસુલ=જમે.
દેવસ્થળ=દેવનું ઠેકાણું
બિચોબીચ=પાસે.

પાઠ ૧૧૬ મો.

હાસ્પિટાલ=દવાખાનું.
દાક્તર=અંગ્રેજી વૈદ.
કળતર=દુખાવો; દરદ.
કરાર=સુખ; ચેન [કવું.
ઝારવું=ઉનાપાણીથી શે
બળતરાં=આગ.
જળો=ખરાબ લોહી ચુસી લેનારા લાંબા જીવડા.
ખપાટીઆ=કામડી.

પાઠ ૧૧૭ મો.

ગંઠાઈ=સંધાઈ; બંધાઈ
કોકીલું=જરા ઉનું.
ટેભા=ટાંકા.
ઘાયલ=જખમી.
દરદ=દુખાવો; કળતર.

પાઠ ૧૧૮ મો.

પાસે=બાજુએ.
ફેફસુ=જેણે કરીને દમ લેવાયછે તે.
હચમચાટ=હાલચાલ
શ્વાસોશ્વાસ=દમ પર દમ સારા.
શેક=દેવતાની ગરમી.
ઉલટી=ઓકારી.
સરવળ સરવળ=ખવળ ખવળ.
ખૂન=કાકી.
કાવો= ઉકાળો.

પાઠ ૧૧૯ મો.

વિકટ=ભયંકાર.
અનાડી=મૂરખ.
ઝોળેઝોળાં=ટોળેટોળાં.
ટકર=ચોટ.
જોડાજોડ=સાથેસાથે.

વતની=દેશી.

પાઠ ૧૨૦ મો.

પાટવી=મોટો; ગાદીનો અધિપતિ.
કોરટ=દરબાર.
ન્યાયાધીશ=ઇનસાફ કરનારા.
અદાલત=ઇનસાફની કચેરી.
ખાતર=શરમ.
તરફદારી=તરફેણ.
છોકેલો=છાકેલો.
કુકર્મ=નઠારાં કામ.
ગોઠિઆ=મળતિઆ.
ઠર્યો=સાબીત થયો.
સ્નેહ=મિત્ર.
ક્રોધ=રીસ, તામસ.
બેઅદબી=અસભ્યતા પણું; નાલાયકી.
ન્યાય=ફેસલો; ચૂકાદો.
લપડાક=લાત.
અમલમાં=બજાવવામાં

પાઠ ૧૨૧ મો.

નિર્ભયપણું=બે ધડકપણું, કશો બી નહીતે
ઉમરાવ=મોટામાણસ
આતુર=હોંશીલા.
દુરાચરણી = ખરાબ ચાલચલણના.
દરમાયા=પગારમુસારા
વાલો=ઝંખવાણો.
કારભારી=કરતાહરતા
સમરશે=સુધરશે.
તંગી=ખરચની વેલા
નભે=ગુજરો થાય.
બાહાલ=મુકરર.
હિમ્મતવાન=બાહાદુર

પાઠ ૧૨૨ મો.

સપુત=સારો છોકરો.
કપુત=નઠારો છોકરો.
છિદ્ર=એબ કાણું.
સવાઈ=ચડિઆતા પણું: સારૂં કામ.
કલંક=એબ; દુષણ.
વહેવાડે=કામમાં આણીને.
પૂઠ=પાછળ.
જૂઠ=જૂઠાણું.
દાઝે=દલગીર થાય.
દાતા=સખી. દાતાર.
નુર=પાણી; તેજ.
લજવ્યો=શરમાવ્યો.
કવિજન=કવિતાજોડનાર; કવિલોક.
સકળ=સંપૂર્ણ આખી
લેશ=જરાએ.
દુષ્ટ=પાપી.
રૂએ=રડે.
બાપીકા=બાપનો.
બોળે=ડબાવે.
આધીન=તાબે; વશ.
મરજાદા=આબરૂ અંદાજો; ભાર વકર.

(કવિતાની સમજુતી). (૧૩).

જે પોતાની કમાણીનું ખાય ને બાપથી સરસાઈ (ચડિયાતા પણું) કરે; શરીરને રોજ કામમાં આણીને (કસરત કરીને) કુળની એબ ઢાંકે, જેના પાછળ દુનિઆનાં લોકો વખાણ કરે, ને જૂઠું

બોલતાં જેનો જીવ ઘણો દુખાય; ને સારા સજ્જન બાહાદુર નરથી જે શરમાવ્યો શરમાય—જેના કવિલોકો વખાણ કરે ને સંપૂર્ણ બધાએ ગુણ જેનામાં હોય, તે વિષે સામળદાસ કવિ કહેછે કે હું સાચું કહુંછું કે તેનેજ લોકો સારો છોકરો કેહેછે. (૧).

જેને જરાપણ કુળની આબરૂ (શરમ) નહીં હોય ને પોતાના બાપથી માયાપુંજી જે કંઈ પોહોચી હોય તે ખૂવે, દુશમનને નમતો જાય ને જે પાપી માણસના મ્હોડા આગળ પોતાનું દુઃખ રડે પોતાના કુળની એબ ઉઘાડે ને બાપનો બોલ ઉથાપે (ડુબાવે); સારા આદમીને દુઃખ દે ને પોતાની એબ ઉઘાડે—તાબે રહીને વાંકી મુડી ઘાલી અજ ખાય (પસાદ લયા કરે) ને લજ્જા આબરૂ કશી ગણે નહી, તેને વાસ્તે સામળદાસ કવિ કહેછે કે હું સાચું કહુંછું કે તેજ નઠારો છોકરો કેહેવાય છે. (૨).

પાઠ ૧૨૩ મો.

એકલશૂરો=જાતે બાહાદુર; એકલો શૂરો.
ઉદમાત=તોફાન,મસ્તી
લક્ષણ=ગુણ; ટેવ.
ગથકરો=ટોળિઓ.
ચપળ=હોશીયાર.
ડાવકું=ડાહ્યું, શાણું.
ઉદ્યોગ=મેહેનત.
ગેરહાજર=હાજરનહીં

પાઠ ૧૨૪ મો.

નિભાવ=ગુજરો.
તુરંગ=વિચાર, ખ્યાલ
રાંડીરાંડ=વીધવા સ્ત્રી
દળણાં=લોટ દળવાનું મજુરીનું કામ.
વેલા=આપદા.
શિક્ષક=શિખવનાર.
ઉમેદ=હોંસ; ઉમંગ.
ભરણપોષણ=ગુજરાન

પાઠ ૧૨૫ મો.

બાયડો=મરદ,માટીડો
વહાલ=હેત; પ્યાર.
વાજઆવે=મરીજાય. મંચી રહે.
સરદારી=ઉપરીપણું.
ભંગ=ભાંગીનાખવું.
મગતાવડો=હળી જાય એવા.

પાઠ ૧૨૬ મો.

ભંડાર=ભર્પૂર ખજાનો
ખડક=ખરાબો.
ખરાબો=દરિઆના પાણીમાંઢંકાયલા મજબુત પથરા.
લગભગ=ઘણો ખરો.
ઘોરી=શરીઆમ.
ગાળીએ=આળા; કરાડી.

કહ્યા=અટકળથી ના
મ આપ્યાં.
વિસ્તાર=પથારો.

પાઠ ૧૨૭ મો.

ધારણ કર્યું=રાખ્યું;
કબુલ કર્યું.
ચરીત્ર=એહવાલ ચેન.
ઝીણી=બારીક.
ભાન=બુદ્ધિ; વકુફ.
વેરો=કર.
વોહોરવાને = ખરીદ
કરવાને.
રૂપ=કાન્તિ; ડોળ.
પરગણા = તાલુકા;
માહાલ.

પાઠ ૧૨૮ મો.

નિર્દય=દયા વગરનો.
ગડબડ=તોફાન.
ઉતરડી=ઉતારી.
સમ્યો=મટી ગયો.
બળવાખોર=હુલ્લડ મ
ચાવનાર ફીતુરી.
ગોઠવણ=બંદોબસ્ત.

પાઠ ૧૨૯ મો.

માઠીદશા=નબળાહાલ
બેવકુફી=મૂર્ખાઈ.
આવકાર=આદરમાન
સ્વતંત્ર=આપ અખ્તિ
આરી.
વસૂલ=જમાઉઘરાત.
ઇજારેદાર=ઇજારોરા
ખનારો.
રાજકારભાર=રાજનું
કામકાજ.
શાહજાદો= બાદશાહ-
નો છોકરો.
બરતરફ=નોકરીથીર-
જા આપવી તે.

પાઠ ૧૩૦ મો.

દવાખાનું=ઓસડ ક-
રવાનું ઠેકાણું.
હમામખાનું =નાહાવા
ની જગ્યા.
તરાપો=લાકડાં ઉપર
પાટીઆં કે બારણાં
બાંધી પાણીમાં ચ-
લાવેછે તે.
પૌત્ર=છોકરાનો છો-
કરો.
ઉઘરાતદાર=વસુલએ-
કઠું કરનાર.
અણબનાવ=બેબનાવ
બદી=તાબે રહી.
રાજચિન્હ = રાજની
નિશાની.

પાઠ ૧૩૧ મો.

પુરૂષ=ભાયડો; મરદ.
અભયવચન = મારૂ
નહીંએવીકબૂલાત.
કાપાકાપ=ખુનામરકી
કોગળીઉ=અધઓક.
ગેરબંદોબસ્ત=બેતાલ.
અવસ્થા=હાલતદસા.

પાઠ ૧૩૨ મો.

ઉપમા=સરખાવવું.
મૂકાબલો; શોભા.
રાજકાજ=રાજનું કા-
મકાજ.
ઢોંગી=બહાનાખોર.
આસ્તિક=આકીનવા-
ળો; પરમેશ્વરને મા
ન નાર.
નાહક=વિનાકારણે.
સ્તુતિ=સ્મરણપ્રાર્થના
લોભી=લાલચુ.
બાદશાહી=રાજગાદી-
નો હોદ્દો.

પાઠ ૧૩૩ મો.

ખ્રિસ્તી=વિસવાસી.
ઇશારત=નિશાની.
મસળવા=ચોળવા.
વાયદાસર=ઠેરવેલી મુ
દત પ્રમાણે.
અગઘડી=હમણાં ને
હમણાં.
સઇ=સુઈ, દરજી.
ભજન = પરમેશ્વરનું
સ્મરણ.
ઘુમટો=માથાનો છેડો.
મોંપર ખેંચવો તે.
પાઠ ૧૩૪ મો. (ણ
મુસાફરી=રઝળ અટ-
અહીંગી=અપેલી.
બિરાજી=દીપીઊભી.
ટકાઉ=મજબુત.
ચાપચોપીઆ= તપા-
સી કામ કરનાર.
ઘાઘરો=ચણીઆ જે-
વું ઝુલતું લુગડું.
પાઠ ૧૩૫ મો.
બેડોળ=કદરૂપી.
બેઢંગુ=કઢંગુઢંગવગરનું
શામેલ=દાખલ.
બાહાવરૂ=ગાભરૂં.

ખુંધ=ઢેકો.
ઉદાસી=દલગીર.
ઠીગણી=બટકી.
હૈયું=મન; દિલ.
દીંગ=અજબ; છક.
પાઠ ૧૩૬ મો.
જટા=ચોટલાની પેઠે
ગુંચવાયલા મા-
થાના બાલ.
ડાંગ=લાકડી; ડંગોરી.
થરથરી=ધ્રુજી; કાંપી.
બેતરવા=ટીબા.
બેનપણી=સહીયર.
ઉઝરડા=કાપા;નોહોર.
ચીલો=ઘરેડ.
પાઠ ૧૩૭ મો.
દિલાસો=ધિરજ.
સરભરા=સેવા ચાકરી
લોથ=મુડદુ લાસ.
ફાળ=ધાસકો; ડર.
વીતેલી=સહન કરેલી.
થાક=આરામવિસામો
પાઠ ૧૩૮ મો.
વિસામો=આરામથાક
સંકટ=દુઃખ; વીપત.
પજવી=દુઃખ દીધું.

અપરાધ=ગુનો વાંક.
કોપ=ગુસ્સો.
દોહિલી=દુઃખીહેરાન.
પાઠ ૧૩૯ મો.
ઉપસેલી= ઉપસી
આવેલી.
ચપટી=એક પાસેથી
બેઠેલી.
જોશી=જ્યોતિષવિદ્યા,
જાણનાર.
દુરબીન=આઘી ચીજ
પાસે દેખાય એવું
કાચનું યંત્ર.
વખુટા=જુદા.
ઢાળ=ઢોળાણ;ગઢાવ.
પાઠ ૧૪૦ મો.
ટોચ=ઉપલો ભાગ.
ગાળો=ભાગ.
નિશ્ચય=નક્કી ઠરાવ.
અટકળ= કલ્પના.
સંદેહ=વેહેમ; શક.
ભાસે=દેખાય;જણાય.
પાઠ ૧૪૧ મો.
સાર=મતલબ; તત્વ
વિભક્તિ=શબ્દની સા
થે આવેલો સંબંધી

દેખાડનારો પ્રત્યય.
સંબોધન=સંબંધ રાખનાર, (આઠમી વિભકિત.)
ઇત્યાદી=એ શિવાય બીજા.
સંબંધ=વલગણ.
પધારો=આવોજાઓ;

પાઠ ૧૪૨ મો.

વિશેષણ=ગુણ તથા સંખ્યા બતાવનારો શબ્દ.
સવાલ=પ્રશ્ન.
ભારે=મોટું.
ઈનામ=સરપાવ.
મુકરર=નક્કી કરેલો.

પાઠ ૧૪૩ મો.

ક્રિયાપદ=ક્રિયા, સ્થિતિ વગેરે બતાવનાર શબ્દ.
શક્યભેદ=શકિત બતાવનાર ભેદ.
સકર્મક=કર્મ સહિત.
વર્તમાન=ચાલતોકાળ.
અકર્મક=જેમાં કર્મ નહીં તે.
ભુત=ગયો કાળ તે.
મૂળભેદ=નક્કીબતાવનાર ભેદ.
ભવિષ્ય=આવતો કાળ

પાઠ ૧૪૪ મો.

ઉભયાન્વયી=બેશબ્દને જોડનારો અવ્યય.
શબ્દયોગી=શબ્દનેજોજોડનારો અવ્યય.
કેવળ પ્રયોગી=હરખ, શોક, ગભરાટ વગેરે બતાવનાર અવ્યય.
ક્રિયાવિશેષણ=ક્રિયા પદનો ગુણ બતાવનાર શબ્દ.
અવ્યય= જે શબ્દમાં ફેરફાર થતો નથીતે.
અચરતી= નવાઇ.
શોક=દલગીરી.
ઉભરા=જોસ્સા.

પાઠ ૧૪૫ મો.

સંપ=એકદીલ, એકઠો
મોઝાર=માંહે.
પેહેરણ = પેહેરવાનાં લુગડાં.
અતુલ=ઘણુંજ; તોલ વિનાનું.
અબળ=નબળા.
સબળ=જબરા.
જુથ=જથો; ટોળું.
સૃષ્ટી=દુનિયાં; પૃથ્વી.
દેહ=શરીર; કાયા.
મતિ=બુદ્ધિ; વિચાર.
સુસંપ=સારો સંપ.
સંપત્તિ= દોલત.
સાંપડે=મળે; જડે.
તાંતણો=તાર.
ઝુંડ=જથો.
એકલ=એકલું; નિરાધાર.
નિજ=પોતાની.
તસ્કર=ચોર.
ત્રાસ=બીક; ડર.
ધકાવે=ધસડી જાય.
મેહ=વરસાદ; મેઘ.
પ્રોઢી=મોટી.

(કવિતાની સમજુતી.) (૧૪).

જ્યારે પૃથ્વી ઉપર લોકોમાં જરાએ સંપ હતો નહીં ત્યારે તેઓ

જંગલમાં રેહેતા, અને એક બીજાથી ઘણા ડરતા (૧). તેવારે લૂગડાંને બદલે ઝાડની છાલ તથા પાંતરાં ગુંથીને પેહેરતા ને જંગલનાં ફળ ફૂલ ખાઇને દાહાડા કાહાડતા, ને જંગલમાં રહીને પોતાની કાયાપરે ઘણું દુઃખ ભોગવતા. (૨). પછી જ્યારે ઈશ્વરે તેમનામાં સંપ કરવાની બુદ્ધિ આપી ત્યારે એક બીજાની મેહેનતના ફળે તેઓને રેહેવાને ઘરબાર મળ્યાં. (૩). પછી જેમ જેમ સારો સંપ વધતો ગયો, તેમ તમ હરકત દૂર થતી ગઈ, પછી લોકો દુઃખી ન થાય તેને વાસ્તે જોઇએ તેવી ગોઠવણના ઉપાયો રચ્યા.(૪). એવી રીતે નબળા જોરાવર (ગરીબ ને પૈસાદાર) બધા સુખી થયા ને તેઓનાં દુઃખ નાસી ગયાં, માટે જરૂર ભાઈઓ તે બધું સંપના કારણથીજ છે એમ તમે સમજો. (૫). સઘળાં સુખ સંપ વડેજ મળેછે, જ્યાં સંપ નહીં ત્યાં ઉદાસપણું સમજવું; સંપના યોગે પૈસાની પ્રાપ્તિ થાયછે ને લોકોમાં આબરૂ મળે છે. (૬). એક તાર હોય તે તોડવાની સૌ હિમ્મત ધરે પણ જ્યારે બધા તારનો સાથે જથો કરી તેની જાડી દોર કરીએ ત્યારે તે કોઈ કાપી શકતું નથી. (૭). આપણા કુટુંબમાં સંપ રાખીએ તો દુશમન શું કરી શકે? ઝાડ છે તે બધી ઝાડી (ઝાડના જથામાં રેહેછે, જો એકલું હોય તો ડાળ પાંખડાં ઉડાને કંઈ વારનું ભાગી જાય. (૮). છોકરા પોતાની પાસે પડેલા પથરાને મારે ને કાપેછે, તેજ પથરાનો જો કોટ બનાવીએ, તો પછી ચોરની ધાસ્તી રેહે નહીં. (૯) જ્યારે વરસાદનો ઉઠાવ થાયછે ત્યારે ધુળને ધોઇને તે ઘસડી જાયછે, પણ જો પછી તે ધુળની મોટી પાળ બનાવીએ તો તેનું તળાવ બને (વરસાદનું પાણી ઘેરાઈ રહે). (૧૦). માટે હે માણસો તમે સઘળા મળીને સઘળે ઠેકાણે બેસતાં ઉઠતાં સંપ સંપ કરી રોહો, કે જેથી દલપતરામ કવિ કેહેછે કે

તમારા નસીબમાં હોય તેટલું સુખ દુઃખ તમે જાતે ભોગવો. (૧૧).

પાઠ ૧૪૬ મો.
વેહેવાર=લેવડદેવડ કે જમવા આવનો સંબંધ.
કાવતરૂં=દગો ફટકો.
દામ=પૈસા.
માપ=ભરત; પરમાણું
સરત=બોલી; પરઠાણ

પાઠ ૧૪૭ મો.
બલા=આપડા; પીડા.
ગેરવાજબી=ખોટું.
સંતોષ=આનંદ; હરખ.
ખાલ=નસીબદાગ; ગબ્બર.
અધર્મ=ખોટું
વક્કર=ભાર; વજન.
જે=જય; ય; ફત્તેહ.
ખે=ક્ષય; નાશ.
સોદો=માલ મતા.

પાઠ ૧૪૮ મો.
વીર=બાહાદુર નર; ભાઈ
લબાડી=જુઠો; લબાડ
સત્યવાદી=સાચો.
ટેક=નેક; મોટાઈ.
તોલ=ભાર; વક્કર.
ધીર=ધીરજ; સબુરી.
શુરવીરો=બાહાદુર નર
વેણ=વચન; સુકન.
અનાદી=અસલની; હમણાંની નહી.
લાભકારી=ફાયદાકારક
કાટે=કરડે.
ઉપમાં=સરખાવવું.
લજ્જા=લાજ; આબરૂ
વારી=વખત.
ઊંચ=મોટો; ઊંચો.

(કવીતાની સમજુતી). (૧૫).

ટેક વગરના માણસો જેઓ બોલેલું ફરી જાય તેઓ બહુ વાતો બકી જાય છે, પણ તેમાંનો એક બોલ પણ પાળતા નથી; માટે તમે તેવી ખરાબ આદત નરાખો ને જેટલા બોલ પળાય તેટલાજ વિચારીને બોલો. (૧). પોતાનો બોલેલો બોલ પાળે તેનો ભાર વક્કર વધે, ને જેનો બોલેલો બોલ જુઠો પડે તેનો વક્કર ઘટે છે; પછી ભાયડા કે બાયડી કોઈ તેનો વિશ્વાસ કરે નહીં, માટે. જેટલા બોલ૦ (૨). નાણું જાય તો ભલે પણ બોલેલો બોલ ફરશો નહીં, તેમ એ ગયલાં નાણાં વિશે હું પસ્તાવો પણ કરૂં નહીં; મનમાં ધીરજ ધરીને એવો ટેક રાખો, ને જેટલા બોલ૦ (૩) ઘણા બાહાદુર નરો સાચું બોલનારા સાંભળ્યાં છે, તેઓ વેણ-

માં (બોલેલો બોલ પાળવામાં) ખુઆર થઇ ગયા એવી અસ-લની રીત છે; તેમ એથી તેઓની જગત મધ્યે લાભ કારક આ-બરૂ પણ વધી છે, માટે જેટલા બોલ૦ (૪). જે માણસ મોહોડેથી બોલે ને તે કામ પછી કરે તેને મોટો જાણવો. ને જે બોલેલા બોલથી ફરી જાય તેને ખોટો સમજવો, ભાઇ એથી લ-જ્જા આબરૂ જતી રેહેશે; માટે જેટલા બોલ૦ (૫). ભશે તે કુ-તરો પગે કરડે નહી (કેહે તે કરે શું!) તો લબાડ (જુઠું લવનારે) પણ તેવીજ ઉપમા લે છે; ખોટો લવારો કરવો એજ આબરૂ જવા જોગ વખત છે; માટે જેટલા બોલ૦ (૬). શરીરે સુખ થાય કે દુઃખ થાય તોપણ જે રીતે બોલો એવેજ રંગે રાત દહાડો રોહો, (મતલબ કે બોલેલું પાળો); એથી કરીને લોકોમાં ઘણો જસ પામશો, માટે જેટલા બોલ૦ (૭). સુતા ઉઠતાં બે-સતાં સાચીજ વાત કહો; ને જો બોલેલો બોલ પળાય નહી; એવી શકિત કાચી હોય તો મોહોડેથી મોટું વેણ બોલો નહી; એ થકી તમે ઊંચે ઠેકાંણે (મોટી પદવીએ) જઇ બેસશો; આ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યા છે. (૮).

પાઠ ૧૪૯ મો.

અમલ=સત્તા; હાકમી.
અદલ=વાજબી ખરો.
જય=ફત્તેહ; જશ.
તિરસ્કાર=ધિક્કાર; તુચ્છકાર.
આકીન=નીમ; આશા
અહંકારી=મગરૂર.
શખ્સ=માણસ.

પાઠ ૧૫૦ મો.

બાળચરિત્ર=બચપણનાં ચેન.
લંબાણ=લાંબે વિસ્તાર
શોક=ચરસ; લત.
આદિ=શિવાય; પેહેલું.
કુદરતી= સ્વભાવિક; ઇશ્વરી.
અવિચારી=બગર; વિચારના.

પાઠ ૧૫૧ મો.

અંકોડાબંધ=આંકડા સાથે.
પાયદળ=પગે ચાલનારૂં લશકર.
ધુળીઓ=ધુળનો.
વીખેરી=જુદી પડી.
ભરતખંડ=હિંદુસ્તાન

(ભરત રાજા પરથી નામ પડેલું.)
સાંકડે=કબજા;ફાંસામાં
કાળજા=હૈયા; મન.
ધડકવા=થરથરવા.
કુરાન = મુસલમાનનું ધર્મ પુસ્તક.
સોગન=કસમ; સપત.
બારેવાટ=વેરાનએરાન
સરહદ=સીમા.
તોબા=કાયર.

પાઠ ૧૫૨ મો.

આયુષ્ય=આવરદા.
પ્રદક્ષિણા=આસપાસ ગોળ ફરી વળવું.
ઉપાડી=ઊંચકી.
ધોરે=કબર.
આરસ=આરસનોપ થ્થર; સંગે મલમલ.
વૃત્તાંત=હેવાલ.
મળતિઆ=ગોઠિઆ
નેહેરો=નીકો; નેળ.
ફળફૂલાદિ=લીલો મેવા ફુલ વગેરે.

પાઠ ૧૫૩ મો.

લાલચ=લોભ;ગળકો.
ઝૂમી=લટકી.
ગળકી=ગળકો લાગ્યો
વિશાત=માલ; જીત.
એકલપેટો= પોતાનુંજ પેટ ભરી જાણે તે.

પાઠ ૧૫૪ મો.

ક્ષમા=માફ;જવાદેવુંતે
વીલો=ઝાંખો.
કમનસીબ=અભાગ્ય
નિર્ધન=ગરીબ; રંક.
અમથા=જૂઠા; ખોટા
સમ=કસમ; સોગન

પાઠ ૧૫૫ મો.

ફેંદી નાંખવું = રોળી નાંખવું.
કઢાપો=અફસોસ.
ખાતરે=ઘાસ, છાણ; વગેરે કોહી ગએલો કચરો.
ઉછેર્યો=મોટો કર્યો
ખાટું=દલગીર.
ભંગ=ફોક; ભાંગીજવું નિષ્ફળ.
ખડખડાટ=અવાજ
જોમ=જોમ્સો. જોર.
નિયમ=ધારો; કાયદો

પાઠ ૧૫૬ મો.

ચોળાચોળ=ચકચાળ.
ઠીકઠાક=દુરસ્ત.
ગાંઠ=નિમ; નિશ્ચય.
મરણતોલ=મરવાજેવે.
અધમૂઓ=અડધોમરેલો.
ઝળઝળીઆં=આંસુ

પાઠ ૧૫૭ મો.

રેહેણી=ચાલ.
ભલામણ=શીફારસ.
દેશાઇ=જાગીરદાર.
આચરણ=ચાલચલણ

પાઠ ૧૫૮ મો.

પઠણ=કરાર; સરત
જાન=નુકશાન.
ખરખરો=પસ્તાવો.
સામર્થ્ય=જોર: બળ.
ગળગળતે=ધીમે.
ખટપટ=કડાકુટ.
વય=ઉમર, જીંદગી.

પાઠ ૧૫૯ મો.

કષ્ટનગ્રાહક=દુઃખની વારણ થાય તે વિષે આઠ છંદ.
કળાપો=કકળાટ.

વિલાપ=શોકપસ્ચાતાપ
નષ્ટાષ્ટક=નીવારવુંથા-
યતેવિષેઆઠ છંદ.
વારે=મદદે; કુમકે.
તથાપી=તોયપણ.
દીન=ગરીબ; રંક.
વૃથા=ફોકટ; મિથ્યા
પૂર્ણ=પુરો; બધો.
અત્યંત=ઘણોજ.
કૃપાનાથ=દયાનાધણી.
કથા=વાત.
શિરે=માથા ઉપર.
આરામ=વિશ્રામ.
સંતાપ=દુઃખ.
શ્રેષ્ઠ=મોટો; ઉત્તમ.
સિંધુ=દરિઓ;સાગર
સદ્ય=તુરત.
પ્રલે=નાશ; ફના.
સર્વથા=સર્વ પ્રકારે.
સર્વદા=હમેશાં; રોજ.
શુદ્ધ=ભાન; ખબર.
કૃપાળુપણે=દયાથી.
સાય=મદદ; કુમક.
વેગ=જોરસો.
દ્રષ્ટી=નજર; નીઘા.
કલેશ=કંકાશ કજીઓ.
સરે=થાય; બને.
અર્થ=મતલબ,માંયનો
થીર=હાલચાલનહીતે

(કવિતાની સમજુતી.) (૧૬).

ઓહો પ્રભુ ! હું તો તારો સદા સેવક છું; મારા આત્મા કરતાં તું મને ઘણો વાહાલો છે; હવે તમે મને ઘણો સંતોષ આપો ને હે દીનદયાળ (કૃપાના ધણી) મારૂં મોટું દુઃખ કહાડી નાંખો (૧).

હું ઘણો દુષ્ટ પાપી જીવડો છું; તોયપણ તમો તો મોટી રેહેમવાળા જગાઓ છો; તેથી જો આપની છાપ છાપો તો મારા પાપની મૂક્તિ થાય; માટે હે દયાના ધણી૦ (૨).

મારો સગામો સગો વાહાલો પ્રભુ તુંજ છે. તે શિવાયનો બધો અમથો ખાલી વાદ છે તેની વાત હું શી વિસ્તારૂં ! તોપણ તમે મારે મૂસ્તકે હાથ મૂકો તો સૌ સારૂં થશે; માટે હે દયાના ધણી૦ (૩).

આ પ્રસંગે મને કોણ સુખ કરે; ને બોલો તમો શિવાય બીજો આ પાપનો પરિતાપ કોણ સમાવે; હું તો નાનો બાળક છું, ને તુ તો મારે માથે મોટા ગાજે છે, માટે હે દયાના ધણી૦ (૪).

મને આજને સમે આ દુઃખમાંથી બચાવો; ને શોક રૂપી

દરિઆમાંથી તુરત મારો ઓદ્ધાર કરો; ઇશ્વર તમે આમારા સઘળા પાપ ફહલેમુકામ કરી નાંખો: ને હે દયાના ધણી० (૫).

તમે સઘળી રીતે રોજ મારી ખબર લીધી: ને દયા લાવીને દુઃખની વખતે મારી સહાય કીધી; તેથી તમો શિવાય હવે આ મારા દુઃખના પોકાર કોણ જાણે; માટે દયાના ધણી० (૬).

હું મારા મનમાં એક તમારી ઉમેદ રાખું છું, ને તમારા મોહોડા આગળ દુઃખે ગરીબાઈથી બોલું છું. મારા બધા પાપને તમે માફ કરો (તાજો), ને હે દયાના ધણી० (૭).

મોટો વેગ લાવીને જલદી મારી મદદે આવો; જ્યારે તમારી દ્રષ્ટી થશે ત્યારેજ મારી ફિકર મટી જશે, ને ત્યારે કાંઇપણ કંકાસથી પછી કકળાટ કેમ રેહેશે! માટે હે દયાના ધણી० (૮).

કષ્ટ નષ્ટાષ્ટક (દુઃખ નીવારણ થાય તેવા આઠ છંદથી) .કોઈ પણ માણસ પ્રભુની પ્રાર્થના પુરો પ્રેમ આણીને કરે તો તેના મનની ઇચ્છા પાર પડે ને સઘળા સ્થીર થઇને ઠેકાણે બેસે; આસારા છંદ કવિ દલપતરામે બનાવ્યા છે. (૯).

૨

પાઠ ૧૯૦ મો.

દૈત્ય=રાક્ષસ.
વસ્તારી=છોકરાંછૈયાં વાળા. (સ.
ઘરડુંપાન=ઘરડોમાણ
ઉતારો=મૂકામ; રાતવાસો.
કોઢારૂં=ઢોર બાંધવાની જગો.
ઉતાવળા=આકળા.

પાઠ ૧૯૧ મો.

ડામાડોળ=વાંકું ચુકું; ડગમગ.
ગરક=ડુબી જવું.
અગણોતરા= સંવત ૧૮૬૯ નાસાલના.
રાચરચીલું=ઘર શણગારને શોભતો લાકડ વગેરે સામન.
વાવાઝરડું=વાનું; તો
ફાન.
ટાંક્યા=ટાંકણાથી ચોબા માર્યા.
ચમત્કારી=નવાઇજેવી
નિહાળીને=ધારી ધારીને; નજર કરીને.

પાઠ ૧૯૨ મો.

રાક્ષસ=દૈત્ય.
પલાણ=બેસણું.
હોઇયા=ગટગળીજવું.

ભલમનસાઈ= સાલસાઈ; નેકી.
સપાટાબંધ=પાધરો.
ફાળ=બીક; ધાસ્તી.
ભોગ=કમબખ્તી.
પુછપરછ= તજવીજ.
પાંગોઠા=પગનાઘુંટણ. આગળનો ભાગ.
દરકાર=જરૂર; પરવા.

પાઠ ૧૬૩ મો.

સરદી=ભીનાસ.
મેડો=માલ.
કરવત=બે જણ સામસામાં વેહેરે એવી દાંતવાળી આરી.
પીઢીઆં=ભારોટીઆ.
ઝપાટાબંધ=જલદીથી
કાલાવાલા=વારે વારે કરગરીને કેહેવું તે.
પટલાણી= પટેલની બાયડી; પટલેણ.
સંઘર્યો=રાખી; મૂકેલો.

પાઠ ૧૬૪ મો.

ભેટ= નજરાણું.
અલમસ્ત=જબરો.
મસતાન=ઉદમાતી.
બુમરાણ=પોકાર;સોર
જુજ=હલકી.
ધર્મદાન=ખેરાત;પુન્ય.
ઉદકપ્રવાહ=પાણીનો. ધોધ-પાણીનું વેહેવું

પાઠ ૧૬૫ મો.

ચરચા=ગપસપ; બુમાટો.
મગતરૂં=ઝીણું જીવડું.
વાતપ્રવાહ= પવનનું નીકળવું.
બેસણે=બેઠકે;આસને
મશ્કરી=મજાક હાંસી.
ધનધન=સાબાસ શાબાસ.
ચપટી=સાહેત; જરા.
શેઠાણી=શેઠનીબાયડી

પાઠ ૧૬૬ મો.

બો=બાઈ.
વેરીઆ=બીલ્લસપુર.
જીકર=જીદ; ખાસ.
ટાઢો=ઠંડો; ધીમો.
સમરી=સુધરી.
અનેક=ઘણું; બહુ.

પાઠ ૧૬૭ મો.

બાગ=શોધ.
ઉજણતા બાઈ=ગરમો નામે સ્ત્રી.
ખત્રી= વણકરની એક જાત.
ગણતી=હિસાબ.
બળીઆ= જોરાવર માણસ.
વિમાસવા=વિચારવા

પાઠ ૧૬૮ મો.

ડાટો=ડટ્ટો; બુચ.
વરાળીઓ=વરાળનેરૂપે થયેલો માણસ.
શીરોઈ=સાંકડા મોંનું મુસાફરીમાં પાણી રાખવાનું વાસણ.
સજ્જડ=મજબૂત.
વેહેલા=આપદા;દુઃખ

પાઠ ૧૬૯ મો.

દોલતવાળા=પૈસાદાર.
બગાસા ખાય=માખી મારે; જોયા કરે.
છુટકો=નીકાલ.
પસારીસ=પોળીકુગીઆ

પાઠ ૧૭૦ મો.

અથડાવું=અફળાવું.
બથંબથા=સામસામાં

વૈભવી=સુખીઆ.।
વેહેળા=નદી; નાળા.
જળચક્રી=પાણીનાવે ગથી ચાલે તે ઘંટી.

પાઠ ૧૭૧ મો.

પવનચક્રી= પવનના જોરથીચાલતી ઘંટી.
લક્ષ=ધ્યાન.
સોબતીઓ=સંઘાતી.
ખાતાં=કારખાનાં
આગ્રહ=બળાત્કાર.

પાઠ ૧૭૨ મો.

વણિતા=સ્ત્રી;બાયડી.
દાવાનળ=વગડાનોઅગ્નિ.
સૂત્ર=સૂતર.
મેડક=દેડકો.
જમુ=જેવું.
મહિમા=મોટાઇરચના
વિરલો=કોઇએક;શૂરો.
રણછોડ = દેવામાંથી છોડનાર.
ખોટ=ખામી; ચૂક.
સુરજી=સૂરજ.
કવડી=કડવી.
મંગળ=કલ્યાણ; શુભ.
કારી.
સુખમલ=સુખવાળો
ઉપડે=ઊંચકાય.
પનોતો=પરિવારવાળો
ધનપાળ=ધન સાચવનાર; પૈસાદાર.
ધરણીધર=પૃથ્વીધર
ગિરધર=પર્વતધરનાર
સંતોષી=આનંદી.
શીખ=શીખામણ.
પ્રતાપ=કીર્ત્તિ; મેહેર.
નીર=પાણી; તેજ.

(કવિતાની સમજુતિ.) (૧૭).

પોતાના નામની મોટાઈ રાખે, એવો ભાગ્યે એકજ પુરૂષ હોય; નામ હોંશથી પાડેછે તો વખતે બચપણમાંજ મરી જાય છે. (૧). રણછોડ નામ ધરાવે ને તે બાજ ભરે એ તેનામાંમોટીખામીછે; નામ જોગીદાસ (સાધુસેવક) ધરાવેછે તે પાસે બે બાયડીઓ રાખેછે. (૨). જેનું નામ સૂરજ જેવું હોય છે તે આંખે કશું દેખતો નથી; શાકરનું નામ ને મીઠી રીત રાખે પણતેની બોલી નઠારીછે એવું જાણવું. (૩). હીરા, મોતી, ને ઝવેર રાખનારા પાસે ખોટો પૈસો હોતો નથી; તેમ મંગળ કલ્યાણ સરખું, પણ દાવાનળ દુઃખે તો પછાડી પસ્તાણ કરેલું. (૪). નામવાઘનુંધરાવેને હાથીની રીત રાખે, પણ તેથી ઉંદરનો બોજો પણ ઊંચકાય નહી દેવ કૃષ્ણ ને રામ એ નામ હોય પણ તે શા કામ કરે છેતે કોણ

જાણે. (૫). કુળનું નામ રેહે એવો છોકરો મળે નહી તે હીરનું નામ લઇ સૂતરથી કામ ચલાવે; તેમ ધનવાળો હોય તે ધંધો કરે ને ધરણીધર તે મજૂરીએ કરે છે. (૬). ગીરધર નામ ઘણાનાં છે. તેમાં દેવાભાઇને ભાર ઊંચકવો પડેછે,—ડાહ્યો નામ ધરાવે ને બોલે ત્યારે ઘેલું ઘેલું તેમ સાચો તે ઓછું તોળીને આપે. (૭). ભલો કહીએ તે ભૂલવો નાંખે, ને સંતોષી તે ઘણું ખાય (પરમેશ્વર તેને આપે); રોજારામ ભીખ માંગે તો ઘેલો સૌને શીખામણ દે છે. (૮). નાનો નામ હોય પણ વખતે તેનામાં ઘરડા જેટલી અક્કલ હોય, તેવારે પ્રતાપ નામ (કીર્તિ) મેળવેલો માણસ હોય તેને પણ કોઈ ન પૂછે; જેનું નામ ચતુર હોય તે ચાડી કરે ને નાગ તે દેડકાથી બીએ, (એટલે વખતે મોટામાં નાના જેટલી હિમ્મત હોતી નથી). (૯).

પાઠ ૧૭૩ મો.

ચાલ=રીવાજ; ધારા
એકસંપ=એક દિલ.
બાપદાદા=ઘરડાવરડા.
ખાદી=દોટી.
બટાટા=આલુખડા.

પાઠ ૧૭૪ મો.

ટેબલ=મેજ.
વારો=વખત.
વેહેલ=સ્વારીનીગાડી
ફરક=ફેર તફાવત.
લાંછન=એબ; બટ્ટો.
બટ્ટો=કલંક; દુષણ.

પાઠ ૧૭૫ મો.

આશિર્વાદ=આશિષ સારી દુઆ.
હજૂરી=ખીદમતગારી
ઇર્ષા=અદેખાઈ.
દક્ષણા=ધર્મ દાખલ બ્રાહ્મણને જે પૈસો આપવો તે.
ફજેતી=ગેર આબરૂ
દેવડી=મકાન.

પાઠ ૧૭૬ મો.

પાકું=વજ્જાર; રીઢું.
ફગવું=બોલ્યું ન પાળવું; ઠગવું.
ફિટકાર=તુચ્છકાર.
ડગમગવું=હાલવું.
મરદ=બાયડી નરે.
આરંભ=શરૂઆત.

પાઠ ૧૭૭ મો.

ગિરીરાજ = પર્વતનો રાજા.
ખ્યાત=પ્રખ્યાત.
મિષ્ટ=મીઠો.
સ્વાદુ=સ્વાદદાર.
વીજ=વીજળી.
ટાણે=વખતે.
સોમ=ચંદ્ર.
ઝુકી=નમી.
નિર્મળા=ચોખ્ખાં.

ઝરણાં=ઝરા; નાળા.	રોજગારી=વેપારી.	જૈન=શ્રાવક લોકોનો.
શીળો=ઠંડો; ટાઢો.	પરાં=વેગળાં.	ધર્મ=આચાર.
સુગંધી=સુગંધવાળો.	જતાંવેંત=જતાં વારને	સ્થાન=ઠેકાણું; જગો.
ઓપે=દીપે.	ટેવો=ધારો.	દેવી=માતા.

(કવિતાની સમજુતી.) (૧૮).

જેમ આકાશમાં વરસાદ ચડી આવ્યો હોય, તેવો આબુ પર્વત વેગળેથી દેખતાં મનને ગમ્યો; કુંડમાંનો દેવતા વીજળી જેવો દેખાય એવોજ આજે મોટો આબુ પર્વત (પર્વતનો રાજા) દીઠો. (૧). પૂનમને દહાડે સાંજના ટાણે સૂર્ય ને ચંદ્ર બે ૩ ઘંટ બન્યા હોય ને કોઈ કહે કે દેવનો હાથી જેવો પર્વત દીપે છે, એવોજ આ જે મોટો આબુ• (૨). તમે કદાચ ઉપર જઈને આંખ ઉઘાડીને જુઓ, તો ઝાડનાં ઝુંડની ઘણી ઝાડીઓ ઝુલાઈ રહી છે—ત્યાં માંગ્યો ઘણો સ્વાદદાર મેવો મળે, એવો આજે મોટો પર્વત (૩). ત્યાં વાઘ, વાંદરાં. સિંહ, ને હરણ રેહે છે, ને હમેશાં નિર્મળ પાણીનાં ઝરણ વેહેછે, ઠંડો અને સુગંધદાર પવન વાય છે, એવો આજે મોટો० (૪). સારા ફૂલના વાડીઓ પણ લેહેકાઈ રહીછે, અને કૂવા, વાવ, કુંડ આગળ ઘણાં દીપેછે; મોટાં દેવનાં સ્થાનકોમાં દેવનો વાસો છે; એવો આજે મોટો પર્વત. (૫). જ્યાંહાં બંગલા બંધાઈને બજારો થઈ છે, ને વેપારીઓ વોફારે વેપાર કર્યા જાયછે; જેવો લેનારને માલ જોઈએ તેવો મળે છે. એવો આજે મોટો પર્વત० (૬). ત્યાં તે તેર ગાઉ ઘેરાવાના તળાવમાં, અગ્યાર ગામનાં લોક પાણી પીવા આવેછે:—જ્યાંહાં કે જેઠ માસમાં પ્રસેવા જરાએ જણાતો નથી એવો આજે મોટો પર્વત० (૭). અખાડ મહિનામાં આઘેનાં વાદળાં પાસે આવે, ને જતાં વારને જોવાની રીત દેખાય;—જેમ તમે ધૂણીનો ધૂમાડો

કેમ ધારો, એવો આજે મોટો પર્વત૦ (૮). જેમાં જૈન ધર્મના હિંદુ લોકોનાં મોટાં દેવ સ્થાનકો છે, અને એમાં મોટી પ્રખ્યાત અર્બુદા માતા છે; આ બધી વાતો જાણવાને વાસ્તેજ કહી છે, ને આ સારા છંદ કવિ દલપતરામે બનાવ્યા છે. (૯).

ગૂજરાત દેશનો ઇતિહાસ.
(વાઘેલા વંશ સુધી).

સ—છોકરાઓ બોલો તો આપણો ગુજરાત પ્રાંત ક્યાં છે, ને તે લાંબો પોહોળો કેટલો છે ?

જ—એ પ્રાંત હિંદુસ્તાનની પશ્ચિમ દિશા તરફ છે, તે આસરે ૩૦૦ ગાઉ લાંબો, ને ૧૮૦ ગાઉ પોહોળો છે.

સ—બોલો ગુજરાત નામ શાથી પડ્યું તે તમે જાણો છો!

જ—હાંજી, રશિઆના રાજના સીમાડાપર જારજીઆ પ્રાંતછે ત્યાંથી ગુજર લોક પંજાબ મારવાડ વગેરે ઠેકાણે આવીને વસ્યા, અને ત્યાથી ઇસવીસન ૭૦૦ની શાલમાં ગુજરાતમાં આવ્યા,ત્યારથી ગુજરાત નામ પડ્યું એવું કેટલાક કહેછે

સ—ગુજરાત પ્રાંતની મર્યાદા બોલો ?

જ—ઉત્તરે મારવાડ તથા મેવાડનો કંઇક દેશ: પશ્ચિમે કચ્છનું રણ તથા આર્બી સમુદ્ર, દક્ષિણે આર્બી સમુદ્ર તથા થાણા જીલ્લો; અને પૂર્વે માળવા, ખાનદેશ, તથા મેવાડનો કંઇક મૂલક છે.

સ—ગુજરાત પ્રાંતના કેટલા ભાગ કીધા છે?

જ—એ પ્રાંતના જીલ્લા, ઇલાકા, તથા સંસ્થાન મળીને ૧૧ ભાગ કીધા છે, તેનાં નામ ૧ સુરત જીલ્લો, ૨ ભરૂચ જીલ્લો, ૩ ખેડા જીલ્લો, ૪ અમદાવાદ જીલ્લો, ૫ કાઠિયાવાડ

ઇલાકો, ૬ પાલણપૂર ઇલાકો, ૭ મહીકાંઠા ઇલાકો, ૮ રેવાકાંઠા ઇલાકો, ૯ સુરત ઇલાકો, ૧૦ ગાયકવાડનું સંસ્થાન, ૧૧ ખંભાતનું સંસ્થાન.

સ—ગુજરાત પ્રાંતનાં મોટાં મોટાં શેહેરો બોલો?

જ—સુરત, ભરૂચ, ખેડા, અમદાવાદ, ખંભાત, ભાવનગર, રાજકોટ, ધોરાજી, ધોળેરા, જુનાગઢ, માંગરોળ, મોરબી, નવાનગર, પાલણપૂર, રાધણપૂર, ડીસા, સાદરા, ઈડર, લુણાવાડા, વડનગર, વીશનગર, પાટણ, નાંદોદ ને વડોદરૂં.

સ—ગુજરાતમાં અસલ મોટાં શેહેરો કયાં હતાં?

જ—દ્વારીકાં, પ્રભાસપાટણ, વલભીપુર, ચાંપાનેર, ને પંચાસર.

સ—ગુજરાત પ્રાંતની મોટી મોટી નદીઓ બોલો?

જ—તાપી, નર્મદા, મહી, ઢાઢર, સાબરમતી, સરસ્વતી, ભાદર, બનારસ, ભોગાવો, અને શેત્રુંજી.

સ—ગુજરાતના મોટા મોટા પર્વતો બોલો?

જ—ગીરનાર, શેત્રુંજો, પાવાગઢ, ચોટીલા, અને તારંગા પાહાડો.

સ—ગુજરાતમાં મોટી હિંદુઓની તીર્થની જગ્યાઓ કહી છે?

જ—ડાકોર, ગોહલવાડ, ગીરનાર, દ્વારીકા બેટ, પાલીતાણા, અને પ્રભાસપાટણ; એ શિવાય ગુજરાતની ઉત્તરે અંબાજી, બહુચરાજી, ને શામળાજી એ પણ મોટાં તીર્થનાં ઠેકાણાંછે.

સ—ગુજરાતના કયાકયા કસ્બા તથા શેહેરોમાં અંગ્રેજી નિશાળોછે?

જ—વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરૂં, નડિઆદ, ખેડા અમદાવાદ, રાજકોટ, જુનાગઢ, નવાનગર, ભાવનગર ને ડીસા.

સ—ગુજરાતની અસલની રાજધાની કઈ ને હાલની રાજધાની કઈ, અને તે બંનો કઈ નદી ઉપર છે?

જ—અસલની રાજધાની પાટણ સરસ્વતી નદી ઉપર છે, ને

હાલની રાજધાની અમદાવાદ (અહમદશાહે સન ૧૪૧૧ માં વસાવ્યું તે) સાબરમતી નદી ઉપર છે.

સ—સુરત, ભરૂચ, વડોદરૂં, ખેડા, નડિઆદ, અમદાવાદ, અને આખા ગુજરાતમાં કેટલા માણુસની વસ્તી છે?

જ—સુરતમાં ૧૦૭૦૦૦, ભરૂચમાં ૩૫૦૦૦, વડોદરામાં ૧૩૦૦૦૦ ખેડામાં ૧૨૦૦૦, નડિયાદમાં ૨૧૦૦૦, અમદાવાદમાં ૧૩૦૦૦૦ અને કુલ ગુજરાતની વસ્તી આસરે ૭૦ લાખ છે.

સ—ગુજરાતની મુખ્ય પેદાશ શું થાય છે?

જ—ગોળ, કપાસ, મીઠું, તમાકુ, અફિણુ, કીનખાબ, મસરૂ, કાચ, અને સાબુ વગેરે.

ચાવડા વંશ.

સ—વળા ગામ ક્યાંછે, અને અસલ વલભીપૂર નગર ક્યાં હતું?

જ—કાઠિઆવાડ વિભાગમાં ભાવનગર પાસે ગોહલવાડમાં ચમારડીના પાહાડો છે તેના થડમાં વળા ગામ છે, અને તેજ ઠેકાણે પૂર્વ તરફ અસલ વલભીપૂર નગર હતું.

સ—વલભીપૂરમાં કયો રાજા રાજ કરતો હતો, અને પછી એ નગરનો કોણે નાશ કર્યો?

જ—એમાં શીલાદીત નામે રાજા રાજ કરતો હતો, શીલાદીત લડાઈમાં મરાયો ત્યારે મલેચ્ય રાજાએ એ નગરનો નાશ કર્યો.

સ—વલભપૂરના નાશ વિષે અસંભવિત વાતો શું ચાલેછે?

જ—વલભીપૂરના નાશ વિષે એવી ગપ ચાલેછે કે એ શેહેરની પાસે ઈસાવળાના ડુંગર આગળ એક સાધુ પોતાના ચેલા સાથે ઉતર્યો હતો, તે ત્યાં ભીખ માગવા ગયો પણ કોઈએ તેને ભીખ આપી નહીં, તેથી તેણે બદનો લઈને ઊ-

ઘો વાળતાં કહ્યુંકે આ શેહેર ઉંધું વળજો ને ધૂળ મળજો, તે કેહેતાંજ વલભીપૂર દટાઈ ગયું.

સં—વલભીપૂરના નાશ વિશે માનવા જોગ વાતો શું છે ?

જ—માનવા જોગ વાતો એવીછે કે એ શેહેરમાં મારવાડનાપાલી શેહેરથી કોઈ કાપુર વેપારી આવીને વસ્યો હતો. તેની છોકરી પાસે જડાવસોનાની એક કાંસકી હતી, તેએક દિવસે એ શીલાદીત રાજાની છોકરીએ જોઈ, તેથી તે કાંસકી જોરજુલમથી શીલાદીતે તેની પાસેથી લઇલીધી તેથી કાપુરમલેચ્છ રાજા પાસે ગયો ને તેને એકલાખ સોનૈયા આપાવા કબુલ કરીને શીલાદીત પર ચડાઈ કરાવી, જેમાં શીલાદીત માર્યો ગયો, અને **વલભીપૂરનો નાશ** થયો.

સ—વલભીપૂરનો નાશ થયા પછી ગુજરાતમાં કયા રાજાઓ આવ્યા ને તેઓએ કયા નગરમાં રાજધાની કરી ?

જ—એના નાશ પછી ચાવડાં જાતનારજપૂત રાજા આવીને વસ્યા, તેઓએ પંચાસર નગરમાં પોતાની રાજધાની કરી.

સ—ચાવડા વંશનો પેહેલો રાજા કયો, અને તે પંચાસર નગરની ગીદીએ ક્યારે બેઠો ?

જ—પેહેલો રાજા **જયશીખરી**, તે સન ૬૯૬ માં ગદીએ બેઠો.

સ—જયશીખરી સાથે પેહેલાં કયા રાજાએ લડાઇ કરી, અને તેમાં તેનું શું થયું ?

જ—જયશીખરીની સામા પેહેલો કલ્યાણીનો **ભૂવડ રાજા** થયો તેને લડાઈ કરી, તેલડાઈ બાવન દીવસ સુધી ચાલી, તેમાં આખરે જયશીખરી હાર્યો ને ભૂવડ જીત્યો.

સ—ભૂવડ રાજાનું જયશીખરી સાથે લડાઈ કરવાનું ?

થી ઉસકેરાયું ?

જ—કોઇ શંકરનામે કવિ હતો તે એક વખત કલ્યાણી ગયો, અને કલ્યાણીના ભૂવડ રાજાના દરબારમાં કેટલાએક કવિતો કહી સંભળાવ્યા. ને ગુજરાત દેશનાં ઘણાં ઘણાં વખાણ કર્યાં કે ગુજરાત દેશ ઘણો ફળદ્રુપછે ને એમાં ઉપજ નીપજ સારીછે,ત્યારથી ભૂવડરાજાનું મન ગુજરાતપર ચઢાઇ કરવાને ઉસકેરાયું, તેમાં પેહેલી જયશીખરી સાથેલડાઈ કરીને તેનું રાજ જીતી લીધું.

સ—કલ્યાણી તથા પંચાસર નગર ક્યાં છે?

જ—**કલ્યાણી** દક્ષિણ હિંદુસ્તાનમાં છે, **પંચાસર** ઝીંઝુવાડાની પાસે કચ્છના રણ આગળ છે.

સ—જયશીખરીના સાળા તથા બાયડીનું નામ શું, અને તેના શા હાલ થયા?

જ—જયશીખરીનો, **શાળો સુરપાળ**, અને તેની બાયડીનું નામ **રૂપસુંદરી**, ભૂવડ રાજાની સાથે લડતી વખત **રૂપસુંદરી** દહાડાવાળી હતી તેથી જયશીખરીએ પોતાના સાળાને કહ્યું કેતું તારી બેનને કોઈ નિર્ભય જગ્યાએ મૂકી આવ, કે એને છોકરો થાય તે મારૂં વેરવાળે. તે પ્રમાણે સુરપાળ **રૂપસુંદરીને** મૂકી આવ્યો, ને પાછો આવીને જોયું તો પોતાનો બનેવી જયશીખરી મરાયો દીઠો. તેથી તે પોતાની બેહેનને મોં દેખાડતાં લજવાયો માટે ગીરનારના પાહાડમાં ભરાઇને તે સારા અવસરની રાહા જોતો હતો.

સ—રૂપસુંદરીની બરદાસ વનમાંકોણે કરી અને તેનેશું અવતર્યું?

જ—વનમાં ફરતાં એક ભીલડી મળી તેણે રૂપસુંદરીની બરદાશ કરી. પછી **રૂપસુંદરીને** છોકરો અવતર્યો.

જ—એ છોકરાનું નામ શું અને તે કોણે પાડ્યું?

નામ **વનરાજ** તે નામ કોઈ જૈન ધર્મી વાળા

શીલગુણસુરી સાધુએ પાડ્યું.

સ—વનરાજ એટલે શું, અને તે નામ શાથી પડ્યું?

જ—વનરાજ એટલે વનનો રાજા, કેમકે તે વનમાં જન્મ્યોહતો.

સ—વનરાજે કયું શેહેર વસાવ્યું, અને તે કયા વરસમાં?

જ—અણહિલવાડ જેને હમણાં પાટણ કેહેછે. તે સન ૮૦૨માં.

સ—પાટણનુંનામઅણહિલવાડપાડવાનુંવનરાજનેશુંકારણહતું?

જ—અણહિલ કરીને કોઈ ભરવાડ હતો, તેણે વનરાજને જવા આવવાના રસ્તા બતાવ્યા. તે ઉપરથી વનરાજે પોતાની રાજધાનીનું નામ અણહિલવાડ પાડ્યું.

સ—વનરાજ કોની ગાદીએ બેઠો, તે કયા વરસમાં?

જ—પોતાના બાપ જયશીખરીની, સન ૭૪૬ માં.

સ—વનરાજ ગાદીએ બેઠે ત્યારે તીલક કોની પાસે કરાવ્યું, અને તેની પાસે કરાવવાનું કારણ શું હતુ?

જ—શ્રીદેવી નામે કોઈ વેપારીની સ્ત્રી હતી, તેણે એકવાર વનરાજને જમાડ્યો હતો તેથી તેના પાસે તીલક કરાવ્યું.

સ—વનરાજે પ્રધાન કોને બનાવ્યો, અને તે પ્રધાને કયું શેહેર વસાવ્યું?

જ—ચાંપા નામે એક વેપારી હતો તેને પ્રધાન બનાવ્યો, એ ચાંપાએ રેવાકાંઠામાં ચાંપાનેર કરીને શેહેરછે તે વસાવ્યું.

સ—વનરાજ કેવો રાજા હતો; તે કેટલા વરસ રાજ કરીને ક્યારે મરણ પામ્યો?

જ—વનરાજ એ માહા જોરાવર અને બાહાદુર રાજા થઈ ગયો, તે ૬૦ વરસ રાજ કરીને સન ૮૦૬ માંમરી ગયો.

સ—વનરાજ મૂઆ પછી એક પછી એક કયા રાજાઓ થયા?

જ—વનરાજ પછી તેનો છોકરો યોગ્યરાજ; યોગ્યરાજ પછી

તેનો છોકરો **એમરાજ**, એમરાજ પછી તેનો છોકરો **ભુવડ** અથવા **પીથુ**, પીથુ પછી તેનો છોકરો **વીજયસીંગ** વિજ્યસીંગ પછી તેનો છોકરો **રત્નાદીત**. અને છેલ્લો રાજા રત્નાદીતનો છોકરો **સામતસંગજી** થયો.

સ—એ બધા રાજાઓમાં યોગ્યરાજ કેવો રાજા થઈ ગયો, અને એના વખતમાં કોઈ વેપારીનાં વાહાણો કોણે લુંટ્યાં હતાં!

જ—**યોગ્યરાજ**, મોટો બાહાદુર ને ઘણું ભણેલો હતો, તેમજ તે તીર મારવાનું કામ સારૂ જાણતો હતો. એના વખતમાં એના દીકરા **એમરાજે**, પાટણ સોમનાથને બંદરે કોઈ વેપારીનાં વાહાણો લુંટ્યાં તેથી યોગ્યરાજે તેને ઘણો ઠપકો દીધો, ને કહ્યું કે તેં મારી આજદીન સુધીની મેળવેલી આબરૂ ધુળ કરી નાંખી.

સ—એમરાજ કેવી રીતનો માણસ હતો?

જ—એમરાજ મીજાશી સ્વભાવનો હતો, અને તેનાં સગાં સાથે તેને સંપ નહોતો.

સ—ચાવડા વંશના છેલ્લા રાજા સામતસંગજીને પેટે શું છોકરૂં હતું, અને તેની ગાદીએ કોણ બેઠું?

જ—એને કંઈજ છોકરૂં હતું નહીં, તેથી સોલંકી વંશમાંનો. એની બેહેનનો છોકરો મૂળરાજ એની ગાદી ઉપર બેઠો.

સ—મૂળરાજને સામતસંગજીએ ખુશીથી ગાદી ઉપર બેસાડ્યો કે તે પોતે જોર જુલમથી બેઠો?

જ—કેટલાંએક એમ કેહેછેકે સામતસંગજીએ દારૂનીઘેનમાંમૂળરાજને ગાદીપર બેસાડ્યો. પણ શુદ્ધિ આવી ત્યારે નાકહી; ત્યારે **મુળરાજ**ફોજ જમાવીહુમલો કરી ગાદીપર ચહડીબેઠો.

સ—સામતસંગજી એ કેવો માણસ હતો, ને તે ક્યારે મરીગયો?

જ—એ સાચો માણસ નહીં હતો. હમણાં બોલે કંઈ તો ફરીને બોલે કંઈ, ગુણ અવગુણની તેને જાણ ન હોતી. તે સન ૯૪૨ માં મરણ પામ્યો.

સ—ચાવડા વંશ કેટલા વરસ સુધી ચાલ્યો?

જ—સન ૬૯૬ થી તે સન ૯૪૨ સુધી; એટલે ૨૪૬ વરસ.

(શોલંકી વંશ.)

સ—સોલંકી વંશનો પેહેલો રાજા કયો. અને તે કોનો છોકરો?

જ—મુળરાજ, એ કલ્યાણીના ભુવડ રાજાની ચોથી પેહેડીએ ભુવનાદીત્ય રાજા થયો, તેને ત્રણ છોકરા હતા (રાજ, બીજ, દંડક) તેમાં રાજનો એ છોકરો થાય.

સ—રાજ એ કેવો માણસ હતો, અને તે કોની સાથે પરણ્યોહતો?

જ—એ શુરો ને કીર્તિવંત હતો, તે સામતસંગજીની બેહેન લીલા દેવી સાથે પરણ્યો હતો.

સ—મૂળરાજ ક્યારે ગાદીએ બેઠો, ને એનું નામ મૂળરાજ શાથી પડ્યું?

જ—સન ૯૪૨ માં પોતાનો મામો સામતસંગજી મરી ગયો ત્યારે તેની ગાદીએ તે બેઠો. એ મૂળ નક્ષત્રમાં જનમ્યો તેથી એનું નામ "મૂળરાજ" પડ્યું.

સ—મૂળરાજ ગાદીએ બેઠો ત્યારે કોણ કોણ ચહડી આવ્યા, અને પછી તેનું શું થયું?

જ—મૂળરાજપર પેહેલી ચહડાઈ અજમેરના રાજાએ કરી, અને તેની સાથે તૈલંગણના રાજાએ ફોજ આપી પોતાનાસરદાર બારપને મોકલ્યો. તેમાં અજમેરના રાજાને તો કાંઈક આપીને મૂળરાજે પાછો કાહાડ્યો, અને તૈલંગણના સર-

દાર બાર્પ ઉપર હુમલો કર્યો, તેમાં તે સરદાર મરાયો અને તેનું લશકર નાસી ગયું.

સ—ત્યાર પછી મૂળરાજે ક્યાં ચહડાઇ કરી, અને પોતાની આણ મનાવી એને માર્યા ?

જ—પછી મૂળરાજે સોરઠ ઉપર ચહડાઇ કરી, અને ત્યાંના રાજાને પોતાની આણ મનાવી કચ્છના રાવ લાખાનેમાર્યો

સ—મૂળરાજે કેટલા વરસ રાજ કીધું, ને તેની પાછળ ગાદીએ કોણ બેઠું ?

જ—૫૫ વરસ-તેના પછી તેનો છોકરો ચામૂડ ગાદીએ બેઠો.

સ—ચામૂડ ક્યારે ગાદીએ બેઠો ને કેટલાં વરસ રાજ કીધું ને તેણે કયા મૂલક જીત્યા હતા ?

જ—એ સન ૯૯૭ માં ગાદીએ બેઠો ને ૨૯ વરસ રાજ કીધું, એણે નર્મદાની પેલી તરફના મૂલક જીત્યા હતા.

સ—ચામૂડના વખતમાં કયો પરદેશી રાજા ગુજરાતમાં આવ્યો, અને ત્યાં તેણે શું કીધું ?

જ—ગીજનીના રાજા સુલતાન મહમૂદે સન ૧૦૨૪ માં એકદમ ગુજરાતમાંપાટણ આવીનેજીત્યું એટલેચામૂડત્યાંથીનાસીગયોપછીમહમૂદેત્યાંથીજઇએજવરસમાં સોમનાથનુંદેહેરૂંલૂટ્યું

સ—ચામૂડને કેટલા છોકરા હતા, તેમાં રાજ કોને સોંપ્યું, અને તેને સોંપવાનું કારણ શું ?

જ—વલ્લભસેન.દુલ્લભસેન;ને નાગરાજ એવા ત્રણ છોકરા હતા; તેમાં એવું કેહેછે કે ચામૂડ કામને વશ થઈ પોતાની બેહેન ચાંચણદેવી સાથે સંભોગ કર્યો તેથી પસ્તાઇને વલ્લભસેનને રાજ સોંપી કાસી ગયો, અને કોઈ એવું કેહેછે ક મુસલમાનથી હાર્યો તેથી એવું કીધું.

સ—વલ્લભસેનનું રાજ કોને મળ્યું. અને તે શા કારણથી?
જ—જ્યારે મહમૂદ પોતાને સ્વદેશ જવાને નીકળ્યો ત્યારે **વલ્લભસેન** તેને નમ્યો નહીં તથા વિવેક પણ દેખાડ્યો નહીં, તેથી તેના ભાઈ **દુર્લભસેનને** ખંડણી બેસાડી તે રાજ સોંપ્યું.
સ—દુર્લભસેને કેવી રીતે અને કેટલાં વરસ રાજ કીધું, અને તેમાં તેણે શું શું કામો કીધાં?
જ—એણે બહુ નીતિથી રાજ ચલાવી દેશની આબાદાની કરી, દેહેરાં બંધાવ્યાં, ને બીજાં ધર્મનાં કામો કીધાં. એણે ૭ વરસ રાજ કીધું.

સ—દુર્લભસેન કોની સાથે પરણ્યો હતો, અને તેનું ઘરડપણ થયું ત્યારે તેણે પોતાનું રાજ કોને સોંપી દીધું?
જ—મારવાડના મહેંદ્ર રાજાની બેહેન **દુર્લભદેવી** સાથે તે પરણ્યો હતો. એનું ઘરડપણ થયા પછી એણે પોતાના ભાઈ નાગરાજના છોકરા **ભીમદેવને** પોતાનું રાજ સોંપી દીધું.
સ—ભીમદેવ કેવો માણસ હતો, તે ક્યારે ગાદીએ બેઠો, ને પેહેલાં કયા રાજાને તે જીત્યો?

જ—એ રાજા બાણાવળી ને માહાબળીયો હતો, તે સન ૧૦૩૨ માં ગાદીએ બેઠો. એ રાજાએ પેહેલાં **સિંધના** તથા **ચીંદીના** રાજાને જીતી પોતાની આણ મનાવી.
સ—ભીમદેવે સિંધપર ચહડાઈ કરી ત્યારે પાટણ કોણ લૂટી ગયું?
જ—ભીમદેવે જ્યારે સિંધપર ચહડાઈ કરી ત્યારે ભોજરાજાએ પોતાના સેનાપતી **કુળચંદ્રને** ગુજરાત જીતવા મોકલ્યો હતો; પણ તે પાટણ લૂટીને પાછો આવ્યો.
સ—ભીમદેવને કેટલા છોકરા હતા, તેમાં ગાદી પર કોને બેસાડ્યો ને કયા વરસમાં?

જ—કરણ, મૂળરાજ, ને એમરાજ એવા ત્રણ છોકરા હતા—તેમાં ઉદ્યામતી રાણીના છોકરા કરણને ૧૦૭૨માં ગાદીએ બેસાડ્યો.

સ—કરણ રાજાએ કયા લોકોને વશ કર્યા, અને તે કોની સાથે પરણ્યો હતો?

જ—મેવાસી લોકોને રાજા કરણે વશ કર્યા. તે દક્ષિણમાં ચંદ્રપુરનો રાજા રાજકેશી હતો તેની છોકરી મીહળદેવી સાથે પરણ્યોહતો.

સ—કરણ રાજા ક્યારે અને કેટલાં વરસ રાજ કરીને મરણ પામ્યો, અને તેના પછી ગાદીએ કોણ બેઠું?

જ—૧૨ વરસ રાજ કરીને સન ૧૦૮૪ માં મરણ પામ્યો; એના પછી એનો છોકરો સીદ્ધરાજ જયસીંહ ગાદીએ બેઠો.

સ—સિદ્ધરાજ નાનો હતો તેથી તેનું રાજ થોડાં વરસ કોણે ચલાવ્યું; અને ચલાવ્યું તેણે મોટાં નામદારીનાં કામો શું કીધાં?

જ—એ મોટો થયો ત્યાં સુધી એની મા મીનળદેવીએ ૧૦ વરસ એના નામથી રાજ ચલાવ્યુ. એ મીનળદેવીએ વીરમગામ કસબામાં એક માનસર નામનું, અને ધોળકા કસબામાં મલાવ નામનું એવાં બે તળાવો બંધાવ્યાં.

સ—સિદ્ધરાજ અને જ્યારે તેની મા નર્મદા તરફ ગયાં ત્યારે તેનું રાજ કોણ ચલાવતું હતું, અને તે વખતે પાટણ ઉપર કોણે ચહડાઈ કરી હતી, અને તેનું શું થયું?

જ—એ વખતે તેનો પ્રધાન રાજ ચલાવતો હતો, તેવામાં માળવાના રાજા વસોવરમાને પાટણ ઉપર ચહડાઈ કરી; તેવારે સિદ્ધરાજના પ્રધાને તેને કંઈક ધન આપી પાછો મોકલ્યો. પણ એ વાત સિદ્ધરાજને ગમી નહીં; તેથી તેણે માળવા ઉપર ચહડાઈ કરીને ૧૨ વરસ સુધી લડાઈ કરતાં અંતે તે શેહેર જીતી લીધું, ને રાજા વસોવરમાનને કેદ કીધો.

સ—સિદ્ધરાજનો વિવાહ કોની **સાથે** થયો હતો, **અને** તે કુંવરી-ને કોણ હરી લેઈ ગયું હતું ?

જ—એનો વિવાહ **રાણીકદેવી** સાથે થયો હતો. એને સોરઠનો રાજા રાખેંગાર હરી લઈ જઈને પરણ્યો, તેથી સિદ્ધરાજ ફોજ લઈને જુનાગઢ ગયો ને તે રાજાને મારી નાંખીને દેશ પોતાને હાથ કરી લીધો.

સ—પછે તે રાણી **રાણીકદેવી** સિદ્ધરાજને હાથ આવીકે નહીં ?

જ—હાથ આવી તો ખરી, પણ તે સતી થઈને વઢવાણમાં સિદ્ધરાજની નજર આગળ બળી મુઈ.

સ—સિદ્ધરાજે કેટલાં વરસ રાજ કીધું, ને પછી એ રાજ કોના હાથમાં ગયુ ?

જ—એની માએ રાજ ચલાવ્યું તે સાથે સન ૧૦૮૪ થી તે સન ૧૧૪૩ સુધી ૫૯ વરસ એણે રાજ કીધું. સિદ્ધરાજને છોકરો હતો નહીં તેથી એના પીતરાઈ કાકા **અમરાજના** વંશમાં ગુજરાતનું રાજ ગયું.

સ—અમરાજને કેટલા છોકરા હતા, અને તેમાં **સિદ્ધરાજની** ગાદી કોને મળી ?

જ—અમરાજને **દેવપ્રસાદ** કરીને એક છોકરો હતો, દેવપ્રસા-દને **ત્રીભોવનપાળ** છોકરો હતો. ત્રીભોવનપાળને (**મહીપા-ળ, કીરતીપાળ, ને કુમારપાળ**) એવા ત્રણ છોકરા હતા, તેમાં **કુમારપાળને** સિદ્ધરાજની ગાદી મળી.

સ—એ કુમારપાળને સિદ્ધરાજની ગાદી શી રીતે મળી ?

જ—કોઈ સામુદ્રકીએ સિદ્ધરાજને કહ્યું કે તારી ગાદીએ **કુમાર-પાળ** બેસસે, તેથી તેનાઉપર ખારલાવી તેને મારી નાંખવાને પોતાના **માણસો** તેની **પાછળ** ફેરવતો તે **જાણીજોગીનો વેશ**

લઇ કુમારપાળ નાસીગયો, તેમાં એકવાર કુંભારે ને એકવાર એડુતે તેને બચાવ્યો. ત્યાંથી નાસીને પોતાના મિત્રઉદાયન પાસે તે ગયો ત્યાં હીમાચાર્ય હતા તેમણે કુમારપાળને કહ્યું કે તમે રાજ પામશો. તેથી ઉદાયન પાસે થોડું નાણું લઇને તે માળવે ગયો એટલે સાંભળ્યું કે સિદ્ધરાજ મરી ગયો, તેવોજ તે પાટણ આવ્યોને કાહનદેવનીમદદથી ૫૦વરસની ઉમ્મરે સન ૧૧૪૩ માં **કુમારપાળ**સિદ્ધરાજનીગાદીએબેઠો.

સ—કુમારપાળ ગાદીએ બેઠો ત્યારે પ્રધાનવટી કોને આપી, અને કોને સુખી કીધા?

જ—કુમારપાળ ગાદીએ બેસતાંજ પોતાના મિત્ર ઉદાયન મંત્રીના છોકરા **વાઘભટદેવને** પ્રધાનવટી આપી, તથા અગાઉના પોતાના જાન બચાવનારા **કુંભાર** તથા બીજો **એડુત** એ બંનેને સુખી કર્યા.

સ—કુમારપાળે કેટલાં વરસ રાજ કીધું ને ક્યારે મરણ પામ્યો ને પછી એના ગાદીએ કોણ બેઠું?

જ—૩૧ વરસ રાજ કરીને સન ૧૧૭૪ માં એના ભાઇ મહીપાળના દીકરા અજપાળે ઝેર દીધું તેથી મરી ગયો. એના પછી તે **અજેપાળ** ગાદીએ બેઠો.

સ—અજેપાળે કેટલાં વરસ રાજ કીધું, નેતેની ગાદીએકોણબેઠું?

જ—૩વરસ; પછી તેનો છોકરોબાળ**મુળરાજ**૧૧૭૭માંબેઠો.

સ—બાળમૂળરાજ શાથી નામ પડ્યું. અને એનાવખતમાં ગુજરાતપર કયા મુસલમાને ચહડાઇ કરી હતી, અનેતેનુંશુંથયું?

જ—બાળમૂળરાજનેબચપણમાં ગાદીમળીતેથીતેનામપડયુંછે. એના વખતમાં એટલે સન ૧૧૭૮માંશ્રેઇ **શાહાબુદીનગોરી** નામના મુસલમાને ગુજરાતપર ચહડાઇ કરીહતી, પણ તેને

બાળમૂળરાજના કાકા ભોળા ભીમદેવે હરાવીને કાહાડી મૂક્યો હતો.

સ—બાળ મૂળરાજ કેટલાં વરસ રાજ કરીને ક્યારે મરણ પામ્યો ને એના પછી એની ગાદી કોને મળી?

જ—એણે બે વરસ રાજ કીધું, ને સન ૧૧૭૯ માં મરણ પામ્યો પછી એનો કાકો ભોળો ભીમદેવ તેજ વરસે ગાદીએ બેઠો.

સ—ભીમદેવના વખતમાં કયા રાજાએ ગુજરાત લૂટવાનો ઇરાદો રાખ્યો હતો, અને તેમાં તે ફાવ્યો કે નહીં?

જ—એના વખતમાં માળવાનો રાજા સાહુદદેવ ગુજરાત લુટવાને ઇરાદે આવ્યો હતો, પણ તેનું કંઈ વળ્યું નહીં?

સ—સોલંકીવંશ ક્યાંથી તે ક્યાં સુધી કેટલાં વરસ ચાલ્યો?

જ—સન ૯૪૨ થી તે ૧૨૨૫ સુધી એટલે ૨૮૩ વરસ.

(વાઘેલા વંશ)

સ—સોલંકી વંશના છેલ્લા રાજા ભોળા ભીમદેવ પછી ગુજરાતનું રાજ કોના હાથમાં આવ્યું, અને ગાદીએ કોણ બેઠું?

જ—વાઘેલાવંશના પેહેલા રાજા વીરધવળના હાથમાં સઘળો કારભાર આવ્યો, અને પછી તેનો છોકરો વીશળદેવ ગાદીએ બેઠો.

સ—વીરધવળ રાજાના પ્રધાનનું નામ શું, અને તેના હાથ નીચેના બીજા બે કોણ હતા?

જ—એ રાજાનો પ્રધાન બાહાડસચીવ નામે હતો, અને તેના હાથ નીચે બીજા બે વસ્તુપાળ અને તેજપાળ કરીને ભાઇઓ હતા, તેમણે રાજ ઘણું વધાર્યું હતું.

સ—વીશળદેવ રાજાએ કયાં શેહેરો વસાવ્યાં, અને તેણે કયો કિલ્લો બાંધ્યો હતો

જ—એ રાજાએ **વીસનગર** અને **વીજાપોર** એવાં બે શેહેરો વસાવ્યાં, અને **ડભોઈનો** કીલ્લો બાંધ્યો હતો.
સ—વીશનગર, વીજાપોર અને ડભોઈ એ શેહેરો ક્યાંછે ?
જ—વીશનગર ગુજરાતમાં વડનગરની પાસે. વીજાપોર વિશનગરની દક્ષિણે, અને ડભોઈ ગુજરાતમાં વડોદરાનીપાસેછે.
સ—ગુજરાતની ગાદીપર વાઘેલા વંશના કેટલા રાજાઓ થયા, તે દરેકનાં અનુક્રમે નામ દો !
જ—વીરધવળ, વીશળદેવ, ભીમદેવ, અરજુનદેવ, સારંગદેવ, અને કરણ ઘેલો એવા ૭ રાજાઓ થયા.
સ—વાઘેલા વંશ શાથી નામ પડ્યું !
જ—કોઇ સોલંકી વંશનો રજપૂત લવણપ્રસાદ કરીને વાઘેલા ગામમાં રેહેતો હતો તેથી એ વંશનું નામ પડ્યું.
સ—વાઘેલા વંશના છેલ્લા રાજા કરણના હાથમાંથી ગુજરાતની ગાદી કોના હાથમાં ગઈ, અને તે કઈ સાલમાં ?
જ—મુસલમાનના હાથમાં, સન ૧૨૯૭ માં.
સ—ગુજરાતની ગાદી મુસલમાનના હાથમાં શીરીતે ગઈ?
જ—રાજાકરણ જ્યારે ગુજરાતની ગાદીઉપર રાજ કરતો હતો ત્યારે દીલ્હીની ગાદીઉપર જલાલુદીન ખીલજી નામે કોઈ મુસલમાન બાદશાહ હતો, તેના પછી કોઇ અલ્લાઉદ્દીન ખીલજીનામે બાદશાહ થયો તેણે પોતાનાભાઈ અલીફખાં તથા વજીર નસરતખાંને ગુજરાત જીતવાને મોકલ્યા હતા, તેમાં તેમને ને રાજા કરણને લડાઈ થઈ તેમાંકરણહાર્યો ને દેવગઢ તરફ નાશી ગયો; ને તેની રાણીઓ, છોકારાં હાથીઓ વગેરે સરવે મુસલમાનોના હાથમાં ગયું.
સ—ગુજરાતપર મુસલમાને શા કારણથી સ્વારી કરી હતી,

અને તે વિષે ભાટ લોકો શું કહે છે ?

સ—ભાટ લોકો એવું બતાવેછે કે ગુજરાતના રાજા કરણ પાસે માધવ અને કેસવએવા બે પ્રધાન હતા. તેમાંમાધવનીબઈરી રૂપવંતીહતીતેનેએરાજાએ(કરણે)જબરજસ્તીથી છીનવી લીધી, અને વળી કેશવ પ્રધાનને મારી નાંખ્યો; તેઉપરથી માધવે દીલ્હી જઈને અલાઉદ્દીનને સમજાવી ગુજરાતઉપર ચહડાઈ કરાવી,ને ત્યારથી મુસલમાને એ રાજ લઈ લીધું.

સ—એ વાઘેલા વંશની જે રાણીઓ લડાઈમાં પકડાઈ હતી, તેમાંની કઈને બાદશાહે પોતાની સ્ત્રી કરી રાખી હતી ?

જ—એ લડાઈમાં જે રાણીઓ પકડાઈ હતી તેમાંની એક કૌલા દેવી નામે હતી તે ઘણી રૂપાળી, બુદ્ધિમાન, અને ચંચળ હતી તેને બાદશાહે પોતાની સ્ત્રી કરી રાખી હતી.

સ—વાઘેલા વંશ ક્યાંથી તે ક્યાં સુધી કેટલાં વરસ ચાલ્યો ?

જ—સન ૧૨૨૫થી તે ૧૨૯૭ સુધી, એટલે ૭૨ વરસ.

ગાદીએ બેઠા તથા રાજ કર્યાના વરસની વંશાવળી
(ચાવડા વંશ).

	ગાદીએ. બેઠો	મરણ પામ્યો.	વરસ રાજ કીધું.
જયશીખરી.	૬૯૬	૭૪૬	૫૦
વનરાજ.	૭૪૬	૮૦૬	૬૦
યોગ્યરાજ.	૮૦૬	૮૪૧	૩૫
ખેમરાજ.	૮૪૧	૮૬૬	૨૫
ભૂવડ (પીયુ)	૮૬૬	૮૯૫	૨૯
વીજયશીંગ.	૮૯૫	૯૨૦	૨૫

રત્નાદીત.	૯૨૦	૯૩૫	૧૫
સામતસંગજી.	૯૩૫	૯૪૨	૭

(સોલંકી વંશ.)

મૂળરાજ.	૯૪૨	૯૯૭	૫૫
ચામૂડ.	૯૯૭	૧૦૨૫	૨૮
વલ્લભસેન.	૧૦૨૫	૧૦૨૫	૦
દુલભસેન.	૧૦૨૫	૧૦૩૨	૭
ભીમદેવ.	૧૦૩૨	૧૦૭૨	૪૦
કરણ.	૧૦૭૨	૧૦૮૪	૧૨
સિદ્ધરાજ જયસીંહ.	૧૦૮૪	૧૧૪૩	૫૯
કુમારપાળ.	૧૧૪૩	૧૧૭૪	૩૧
અજેપાળ.	૧૧૭૪	૧૧૭૭	૩
બાળમૂળરાજ	૧૧૭૭	૧૧૭૯	૨
ભોળો ભીમદેવ.	૧૧૭૯	૧૨૨૫	૪૬

(વાઘેલા વંશ.)

વીરધવળ.	૧૨૨૫	૧૨૨૫	૦
વીશળદેવ.	૧૨૨૫	૧૨૬૪	૩૯
ભીમદેવ.	૧૨૬૪	૧૨૬૪	૦
અરજુનદેવ.	૧૨૬૪	૧૨૯૪	૩૦
સારંગદેવ.	૧૨૯૪	૧૨૯૬	૨
કરણ વાઘેલો.	૧૨૯૬	૧૨૯૭	૧

ખબર.

નીચે લખેલી ચોપડીઓ **સુરતમાં** ચોક બજાર, નાણાવટ, અને ભાગા તળાવના બુક સેલરો; **મુંબાઇમાં** કાળકા દેવી આગળ દામોદરદાસ ઇશ્વરદાસ તથા શેરીઆરજી હોરમજજી બુક સેલરો; ધોબી તળાવ આગળ એરચશા બેજનજી કરાણી બુક સેલર, કોટમાં જાંહાંગીરજી બેજનજી કરાણી તથા શાપુરજી ફરામજી માંડણ બુક સેલરો; **પુનામાં** સદર બજારમાં છગનલાલ ખોડીદાસ માસ્તર. **વલસાડમાં** ફુવારકા-સ પરભુદાસ બુકસેલર; **ભરૂચમાં** કતોપોરના બજારમાં કાગદી દરભાઈ ચાંદાભાઈ બુકસેલર, **અમદાવાદમાં** દાણીપીઠામાં નાઈટેડ કંપની પ્રેસના મેનેજર; **રાજકોટમાં** પરા, લખ-મીચંદ ઉત્તમચંદ બુક સેલર, અને **કરાંચીમાં** કાંપના બુક સેલર પાસેથી વેચાતી મળશે. ચોપડીઓના કમીશન વગેરેનો બંદોબસ્ત કરવો હોય તો સુરત સગરામપરે મી૦ ફકીરભાઈ કાસીદાસને પોષ્ટપેડ કાગળથી લખી જણાવવું.

૦-૧-૬ ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.	૦-૨-૦ સુરત જીલ્લાની ભુગોળ.
	૦-૧-૬ મુંબાઈ ઇલાકાની ભુગોળ.
૦-૨-૦ ગુ૦ બીજીના અર્થ.	૦-૩-૦ હિંદુસ્તાનની ભુગોળ.
૦-૩-૦ ગુ૦ ત્રીજીના અર્થ.	૦-૩-૬ રાજાઓની વંશાવળી
૦-૪-૬ ગુ૦ ચોથીના અર્થ.	૦-૬-૬ કોહેડા સંગ્રહ.
૦-૫-૦ ગુ૦ પાંચમીના અર્થ.	૦-૩-૦ ચિત્રપોથી.
૦-૬-૦ ગુ૦ છઠ્ઠીના અર્થ.	૦-૧-૦ આંકની ચોપડી.
૦-૭-૦ ગુ૦ સાતમીના અર્થ.	૦-૧-૦ કોષ્ટકની ચોપડી.

એ શિવાય અંગ્રેજી બુકોના તમામ મીનિંગો પણ મળશે.